પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 03-11-2026 I VOL : 12 I Issue : 229 I Page : 8 I Price : 1.00/-

સુવિચાર


હિંમત રાખો, સમય હંમેશા એકસરખો રહેતો નથી.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 

ખોરજ જમીન કૌભાંડમાં ધારાસભ્ય જીગ્નેશ મેવાણીનો પ્રચંડ હોબાળો


4 
પદ, પ્રતિષ્ઠા અને સંપત્તિથી પરે: આખરે મનુષ્યનું સાચું અસ્તિત્વ...

6 
નોરા ફતેહીને કોર્ટની ફટકાર: ઠગ સુકેશના 200 કરોડના મની લોન્ડરિંગ...

7 
ગૌતમ ગંભીરે કહ્યું- મારી ડિક્શનરીમાં ડર શબ્દ નથી

એક નજર...

એક્ટ્રેસ રુહી સિંહે ટ્રેડિશનલ લૂકમાં શેર કરી તસ્વીર



એક્ટ્રેસ રુહી સિંહ તેના ગ્લેમરસ અંદાજથી ચાહકોને દિવાના કરે છે. અભિનેત્રીએ ટ્રેડિશનલ લૂકમાં ગ્લેમરસ તસવીરો શેર કરી છે. ટ્રેડિશનલ લૂકમાં રુહી સિંહ ખૂબ જ સુંદર લાગી રહી છે. અભિનેત્રીનો આ કાતિલ અંદાજ ચાહકોને પસંદ આવ્યો છે. રુહી સિંહે કેમેરાની સામે કાતિલ અંદાજમાં પોઝ આપ્યા છે.

NEWS TRACK

ટ્રમ્પના દબાણને ફગાવી યુક્રેનનો રશિયા પર ભીષણ હુમલો: રિફાઇનરીઓ ભડકે બળી

યુક્રેને અમેરિકન દબાણને અવગણી રશિયાની ઓઇલ રિફાઇનરીઓ પર ડ્રોન હુમલા ફરી શરૂ કર્યા છે. નિઝની નોવગોરોડની 'ક્સ્ટોવો રિફાઇનરી' અને સમારાની 'રોસ્નેફ્ટ રિફાઇનરી'ને નિશાન બનાવી આગ ચાંપી દેવાઈ. રશિયન મીડિયા મુજબ, કિયેવ અમેરિકાની સૂચનાઓ અવગણી રહ્યું છે. ઝેલેન્સ્કીએ રશિયાના 54,400 સૈનિકોના નુકસાન અને 96.2 ચોરસ કિલોમીટર જમીન પાછી મેળવવાનો દાવો કર્યો. અમેરિકાની મિડટર્મ ચૂંટણીઓ અગાઉ યુક્રેને રશિયાની ઓઇલ રિફાઇનરીઓ પર ફરીથી ડ્રોન હુમલા શરૂ કરી દીધા છે. રશિયન મીડિયા રિપોર્ટ્સ મુજબ, યુક્રેને નિઝની નોવગોરોડની 'ક્સ્ટોવો રિફાઇનરી' અને સમારાની 'રોસ્નેફ્ટ રિફાઇનરી'ને નિશાન બનાવીને આગ ચાંપી દીધી હતી. આ હુમલાઓથી નારાજ ક્રેમલિને આક્ષેપ કર્યો છે કે કિયેવ (યુક્રેન) હવે અમેરિકાની સૂચનાઓ અને વિનંતીઓને સંપૂર્ણપણે નજરઅંદાજ કરી રહ્યું છે.

મિસાઈલની જેમ રોડ પર વિમાન ક્રેશ, 9ના મોત, અમેરિકાના ફ્લોરિડામાં મોટી દુર્ઘટના

અમેરિકાના ફ્લોરિડામાં રવિવારે એક પ્રાઈવેટ બિઝનેસ જેટ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. ટેક્સાસથી બહામાસ જઈ રહેલું Learjet 60 નામનું આ વિમાન અનિયંત્રિત થઈને જમીન પર તૂટી પડ્યું હતું. આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર તમામ 9 લોકોના કરુણ મોત થયા છે. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. અમેરિકાના ફ્લોરિડા રાજ્યમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ગંભીર અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. ફ્લોરિડામાં રવિવારે એક પ્રાઈવેટ બિઝનેસ જેટ વિમાન અચાનક અનિયંત્રિત થઈને મિસાઈલની માફક સીધું જમીન પર તૂટી પડ્યું હતું. આ ભયાનક દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ 9 લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. અમેરિકાના પરિવહન મંત્રી શૉન ડફીએ આ દુર્ઘટનાની પુષ્ટિ કરી છે. આ દુર્ઘટના પ્રમુખ ટ્રમ્પના પેલેસથી લગભગ 11 કિ.મી.ના અંતરે જ સર્જાઈ હતી.

'મોદીજી, આ દેશ સાથે જૂઠું બોલવાનું બંધ કરોઃ રાહુલ ગાંધી

હું PM મોદીને ડિબેટ કરવાની ચેલેન્જ આપું છું', વિદેશથી મદદ લેવાના આરોપ મુદ્દે રાહુલ ગાંધીનો પ્રહાર

નવી દિલ્હી

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાહેરમાં ચર્ચા કરવાનો પડકાર ફેંકતા એવો ગંભીર આરોપ લગાવ્યો છે કે, મોદી વિદેશી મદદથી વડાપ્રધાન બન્યા છે અને વિદેશી મદદના આધારે જ પદ પર ટકી રહ્યા છે. રાહુલના PM મોદી પર પ્રહાર, સોશિયલ મીડિયા પર કરી પોસ્ટ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને લખ્યું છે કે, 'મોદીજી, આ દેશ સાથે જૂઠું બોલવાનું બંધ કરો. તમે વિદેશી મદદથી પીએમ બન્યા છો અને વિદેશી મદદથી જ પીએમ બનેલા છો. તમારી આર્થિક વ્યવસ્થા



સંપૂર્ણપણે વિદેશીઓના નિયંત્રણ અને સમર્થન પર ચાલે છે. વિદેશી સોશિયલ મીડિયા પણ સંપૂર્ણ રીતે તમારી સાથે ઊભું છે.' પોતાની વાત આગળ વધારતા રાહુલે વડાપ્રધાન મોદીને સીધો પડકાર ફેંકતા કહ્યું કે, 'હું તમને આ મુદ્દે ખુલ્લી ચર્ચા માટે પડકાર આપું છું. રાહુલ ગાંધીનો આ પલટવાર પીએમ મોદીના તાજેતરના નિવેદન બાદ આવ્યો છે. ગત 31 ઓક્ટોબરે પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કોંગ્રેસ અને સમગ્ર વિપક્ષ પર નિશાન સાધતાં કહ્યું હતું કે કેટલીક અવરોધરૂપ શક્તિઓ દેશના ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહી છે અને તેના માટે અફવાઓ ફેલાવવા સોશિયલ મીડિયાનો ઉપયોગ થઈ રહ્યો છે. ગુજરાતના નર્મદા જિલ્લામાં આવેલા એકતા નગર ખાતે 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' પર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ' સમારોહ યોજાયો હતો.

"ભારતનું ફાઇનાન્શિયલ સિસ્ટમ અને સોશિયલ મીડિયા વિદેશીઓના કંટ્રોલમાં!"

રાહુલ ગાંધીએ દેશની આર્થિક વ્યવસ્થા અને સોશિયલ મીડિયા માધ્યમો પર ગંભીર આક્ષેપ મૂકતાં ઉમેર્યું હતું કે, 'દેશનું સમગ્ર ફાઇનાન્શિયલ સિસ્ટમ (આર્થિક તંત્ર) આજે વિદેશીઓના સંપૂર્ણ કંટ્રોલમાં છે અને તેમને વિદેશીઓનું સપોર્ટ મળી રહ્યું છે. વિદેશી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પણ સંપૂર્ણપણે પીએમ મોદીના સમર્થનમાં ઊભા રહે છે અને કાળો કારોબાર ચલાવવામાં મદદ કરે છે.' 'હું તમને આ મુદ્દે ખુલ્લી ચર્ચા માટે લલકારું છું. દેશ કે દુનિયાનું કોઈ પણ સ્ટેજ હોય, કોઈ પણ સમય હોય, જો તમારામાં હિંમત હોય તો ડિબેટ માટે મારી સામે આવી જાઓ! પરંતુ તમે ક્યારેય નહીં આવો, કારણ કે હું તમારા વિશે એવી કેટલીય કાળી સચ્ચાઈઓ જાણું છું જેનાથી તમે અંદરથી થરથર કાંપી રહ્યા છો અને ભયભીત છો!

'મારાથી ભૂલ થઈ ગઈ': ભગવાન કૃષ્ણ પર નિવેદન મુદ્દે ઘેરાયા બાદ ધીરેન્દ્ર શાસ્ત્રીએ હાથ જોડી માફી માંગી

બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી શ્રીરામ અને શ્રીકૃષ્ણની તુલના કરતાં વિવાદમાં સપડાયા હતા

નવી દિલ્હી

બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી શ્રીરામ અને શ્રીકૃષ્ણની તુલના કરતાં વિવાદમાં સપડાયા હતા. તેમણે કથામાં રામજીને સીધા અને કૃષ્ણજીને વાંકા ગણાવ્યા હતા, જેનાથી સોશિયલ મીડિયા પર ભારે હોબાળો થયો. વિરોધ વધતાં શાસ્ત્રીએ કેમેરા સામે હાથ જોડી માફી માંગી, ભૂલ સ્વીકારી. તેમણે સ્પષ્ટતા કરી કે જોશમાં કે ભાવમાં બોલાઈ ગયું હતું અને તેમનો ઇરાદો અપમાન કરવાનો નહોતો. પોતાના નિવેદનોને કારણે સતત ચર્ચામાં રહેતા બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી ફરી એકવાર વિવાદમાં સપડાયા છે. એક કથા દરમિયાન ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણની તુલના કરતી વખતે તેમણે કરેલી કેટલીક ટિપ્પણીઓ સામે સોશિયલ મીડિયા પર ભારે હોબાળો મચી ગયો હતો. વિવાદ આક્રમક બનતાં જ આખરે ધીરેન્દ્ર શાસ્ત્રીએ કેમેરા સામે હાથ જોડીને પોતાની વાત પર સફાઈ આપવી પડી છે અને સ્વીકાર્યું છે કે તેમનાથી મોટી ભૂલ થઈ ગઈ છે. કથાના મંચ પરથી ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ ભગવાન રામ અને શ્રીકૃષ્ણ વચ્ચે તુલના કરતાં કહ્યું હતું કે, ભગવાન રામનું નામ એકદમ સીધું છે.





શરદ પવાર હોસ્પિટલમાં દાખલ, છાતીમાં દુખાવાની ફરિયાદ

નવી દિલ્હી

NCP (SP) પ્રમુખ શરદ પવારને સોમવારે પુણેની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને શ્વાસ લેતી વખતે વધતા છાતીના દુખાવાની ફરિયાદ હતી. 85 વર્ષીય પવારને ઉધરસ બાદ રૂબી હૉલ ક્લિનિકમાં લાવવામાં આવ્યા હતા. તેમની પુત્રી, બારામતીના સાંસદ અને NCP (SP)ના કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુળેએ આ માહિતી આપી હતી. સુળેના જણાવ્યા અનુસાર, પવારની તબીબી તપાસ ચાલી રહી છે. તેમના સ્વાસ્થ્ય સાથે જોડાયેલા તમામ પરિમાણો સ્થિર છે. રૂબી હૉલ ક્લિનિકના મુખ્ય હૃદયરોગ નિષ્ણાત, અધ્યક્ષ અને મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. પુરવેઝ કે. ગ્રાન્ટે જણાવ્યું કે પવારની સ્થિતિ ટૂંક સમયમાં સામાન્ય થવાની આશા છે. તેમણે કહ્યું કે સાવચેતીના ભાગરૂપે પવારને દેખરેખ હેઠળ રાખવામાં આવશે. પ્લ્યુરિટિક પેઈન છાતીમાં થતો એવો દુખાવો છે, જે સામાન્ય રીતે શ્વાસ લેતી વખતે, ઉધરસ કરતી વખતે અથવા છીંકતી વખતે વધી જાય છે.



દિવાળી પર દિલ્હીમાં ગ્રીન ફટાકડા ફોડવા માટે સુપ્રીમની લીલી ઝંડી

હૉસ્પિટલ, નર્સિંગ હોમ, પ્રાથમિક અને જિલ્લા આરોગ્ય કેન્દ્રો, વૃદ્ધાશ્રમો અને સાયલન્સ ઝોનના 300 મીટરના દાયરામાં ફટાકડા ફોડવાની મંજૂરી રહેશે નહીં

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે 2 નવેમ્બરે દિલ્હી-NCRમાં ગ્રીન ફટાકડા ફોડવા અંગે મહત્ત્વનો ચુકાદો સંભળાવ્યો છે. કોર્ટે દિવાળી પહેલાં 7 નવેમ્બર અને તહેવારના દિવસે 8 નવેમ્બરના રોજ નક્કી કરેલા સમયગાળા દરમિયાન ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે. બંને દિવસે સવારે 6થી 7 વાગ્યા સુધી અને રાત્રે 8થી 10 વાગ્યા સુધી જ ફટાકડા ફોડી શકાશે. જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની બેંચે સ્પષ્ટ કર્યું છે કે, હૉસ્પિટલ, નર્સિંગ હોમ, પ્રાથમિક અને જિલ્લા આરોગ્ય કેન્દ્રો, વૃદ્ધાશ્રમો અને સાયલન્સ ઝોનના 300 મીટરના દાયરામાં ફટાકડા ફોડવાની મંજૂરી રહેશે નહીં. આ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓને પણ 'નો-ક્રેકર ઝોન' જાહેર કરવામાં આવશે. સુનાવણી દરમિયાન એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ જણાવ્યું કે, દિલ્હી સરકારે પ્રદૂષણ સામે લડવા માટે જૂના વાહનો પર પ્રતિબંધ, કન્સ્ટ્રક્શન પર રોક અને સરકારી ઑફિસોના સમયમાં ફેરફાર જેવી યોજનાઓ બનાવી છે.

મહારાષ્ટ્રનો સૌથી કાળો સચ: નંદુરબારના નવાપુરમાં 'ડી-કંપની' અને ખાખીની કાળી મિલીભગતથી ધમધમી રહ્યો છે

દેશનો સૌથી મોટો જુગાર, MD ડ્રગ્સ અને જિસ્મફરોશીનો મિની અંડરવર્લ્ડ!

પાક્કો ગુજરાત ન્યૂઝ બ્યુરો
નંદુરબાર / મુંબઈ

મહારાષ્ટ્રની સરહદ પર આવેલા નંદુરબાર જિલ્લાનો નવાપુર વિસ્તાર હવે કાયદો, બંધારણ અને રાજ્ય સરકારના નિયંત્રણમાંથી સંપૂર્ણપણે બહાર નીકળી ચૂક્યો છે. અહીં ખાખી વર્દીની આડમાં અપરાધનું એક એવું ભયાનક સામ્રાજ્ય ઊભું કરી દેવાયું છે, જેને જોઈને સારા-સારા શૂરવીરોના પણ રુંવાડા ઊભા થઈ જાય. નવી આરટીઓ પાસે, ઉર્વશી હોટેલની પાછળ આવેલા બિદખીપાડા ગામમાં ચાલી રહેલો આ ગેરકાયદે કાળો કારોબાર અત્યાર સુધીનો સૌથી મોટો અને ખૌફનાક જુગારનો અડ્ડો બની ચૂક્યો છે, જેના તાર સીધા અંડરવર્લ્ડ સાથે જોડાયેલા છે!

'લકડકોટનો પપ્પુ ગોસ્વામી', ડોન રઈસ શેખ અને સૂરજ જાયસવાલ: ડી-કંપનીના ઈશારે ચાલે છે આખો ખેલ

સૂત્રો પાસેથી મળેલી અત્યંત વિસ્ફોટક અને સનસનાટીભરી માહિતી અનુસાર, આ સમગ્ર મહા-સામ્રાજ્યનું સંચાલન લકડકોટનો પપ્પુ ગોસ્વામી, નવાપુરનો ડોન રઈસ શેખ અને સૂરજ જાયસવાલ જેવા કુખ્યાત અસામાજિક તત્વો મળીને કરી રહ્યા છે. આ કાળા ધંધા પાછળ બીજા કોઈની નહીં, પરંતુ દેશના સૌથી મોટા દુશ્મન સિન્ડિકેટ 'ડી-કંપની (D-Company)' ની સીધી ભાગીદારી અને કડક કંટ્રોલ છે.

આ અડ્ડો માત્ર એક જુગારધામ નથી, પરંતુ મુંબઈ અને દેશભરના મોસ્ટ વોન્ટેડ અપરાધીઓનું સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયું છે. દરરોજ રાત્રે મહારાષ્ટ્ર, ગુજરાત, દમણ અને મધ્યપ્રદેશથી આશરે ૧૫૦ થી પણ વધુ હાઈ-પ્રોફાઈલ જુગારીઓ અને શાતિર અપરાધીઓ અહીં પહોંચે છે. શેડની અંદર દરરોજ કરોડો રૂપિયા દાવ પર લાગે છે અને હાર-જીતનો આ લોહિયાળ ખેલ સવાર સુધી કોઈ પણ જાતના ખોફ વગર ચાલે છે.

જુગારની સાથે સાથે MD ડ્રગ્સ અને જિસ્મફરોશીનો નગ્ન નાચ

આ અડ્ડાની કાળી કરતૂતો માત્ર જુગાર પૂરતી સીમિત નથી. અહીં આવનારા લંપટો અને શાતિરો માટે અય્યાશીનો પૂરો ઈંતજામ કરવામાં આવે છે:

MD ડ્રગ્સનું ઝેર: ડી-કંપની આ અડ્ડાના માધ્યમથી પોતાનું ડ્રગ્સ નેટવર્ક ચલાવી રહી છે અને યુવાનોની રગોમાં ઝેર ઓકી રહી છે.

જિસ્મફરોશીનો ધંધો: જુગારીઓ અને અપરાધીઓની મહેફિલોમાં બહારથી લાવેલી દીકરીઓ અને મહિલાઓને પીરસવામાં આવે છે, જેનાથી સ્થાનિક સમાજ અંદરથી ખોખલો થઈ રહ્યો છે.

દારૂ અને ગુટખાની તસ્કરી: મહારાષ્ટ્રથી ગુજરાતમાં ગેરકાયદે વિદેશી દારૂ અને ગુજરાતથી બેરોકટોક ગુટખાનો સપ્લાય આ જ રસ્તેથી થઈ રહ્યો છે.

ખાખીની ખુલ્લી દલાલી: LCB, નવાપુર PI થી લઈને SP અને IG સુધી પહોંચે છે 'મહિનાનો હપ્તો'!

સવાલ એ ઊભો થાય છે કે આખરે પ્રશાસનની નાક નીચે આટલું મોટું સામ્રાજ્ય કેવી રીતે ફૂલીફાલી રહ્યું છે? આનો જવાબ ભ્રષ્ટાચારની એ કાળી દીવાલ છે જેણે આખી સિસ્ટમને અંદરથી સડાવી દીધી છે:

LCB ની વસુલી: સ્થાનિક લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) દરરોજ ૧ લાખની સીધી વસુલી કરે છે.

નવાપુર PI ની તિજોરી: થાણાનો પોલીસ ઈન્સ્પેક્ટર (PI) આ કાળા ધંધામાંથી દર મહિને લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવે છે.

SP અને રેન્જ IG નો હાથ: સૂત્રોનો દાવો છે કે આ આખા ખેલનો મોટો હિસ્સો જિલ્લાના એસપી અને રેન્જ આઈજી સુધી પણ નિયમિતપણે પહોંચાડવામાં આવે છે.

હાલત એ છે કે જ્યારે પણ મીડિયામાં આ બાબતની ભનક લાગે છે, ત્યારે પોલીસ વિભાગમાં બેઠેલી એક ખાસ ગેંગ તુરંત જુગાર સંચાલકોને માહિતી લીક કરી દે છે કે 'જગ્યા બદલી નાખો, રેડ થવાની છે!' અને પછી થોડી જ કલાકોમાં ધંધો ફરી શરૂ થઈ જાય છે. પૈસાની અંધારી હવસમાં આ જવાબદાર અધિકારીઓએ પોતાની આઈપીએસ (IPS) ની શપથ અને ફરજને તાકે મૂકીને કરોડો રૂપિયાની બેનામી મિલકતો ખડકી દીધી છે.

શાસનને ખુલ્લો પ પડકાર અને પાક્કો ગુજરાતની સિંહગર્જના: હવે સિસ્ટમનું હલવું નક્કી!

નવાપુરના આ ભ્રષ્ટ અધિકારીઓએ રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના આદેશોને ખુલ્લો પડકાર ફેંક્યો છે. તેઓ ખુલ્લેઆમ એવો સંદેશ આપી રહ્યા છે કે 'ગમે તે થઈ જાય, આ અડ્ડો બંધ નહીં થાય!'

'પાક્કો ગુજરાત' ની આ ઘાતક અને વિસ્ફોટક રિપોર્ટ બાદ હવે આખી સિસ્ટમ હલી જવી નક્કી છે. અમારી સીધી અને સખત માંગ છે કે:

૧. રાજ્યના ડીજીપી (DGP) તાત્કાલિક આ મામલાની ગંભીર નોંધ લે અને ભ્રષ્ટાચારના આ દળદળની હાઈ-લેવલ તપાસ બેસાડે.

૨. એસીબી (ACB) તાત્કાલિક મેદાનમાં ઉતરે અને નવાપુર PI, LCB તથા જિલ્લાના SP અને રેન્જ IG ની સંપત્તિઓની તપાસ કરી તેમને બેનકાબ કરે.

૩. આ ગેરકાયદે અડ્ડા પર તાત્કાલિક અસરથી બુલડોઝર ફેરવી દેવામાં આવે અને તમામ ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે.

જો નવાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાલે સવારે કોઈ મોટી અણબનાવ કે ગુનાહિત ઘટના બનશે, તો તેની પૂરી જવાબદારી રાજ્યના મુખ્યમંત્રી અને પોલીસ પ્રશાસનની રહેશે. જનતાની ધીરજ હવે ખૂટી ચૂકી છે, અને હવે ન્યાય માટે રસ્તા પર ઉતરવાનો સમય આવી ગયો છે!

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

અંદાડાની આધ્યા હોમ્સ સોસાયટીમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામની આધ્યા હોમ્સ સોસાયટીમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી રૂ. 5,13,500ના સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી હતી. તસ્કરોએ સોસાયટીનાં અન્ય બંધ મકાનોના તાળાં તોડવાનો પણ પ્રયાસ કર્યો હતો.

મકાનમાલિક ભૌમિક પટેલ અંગત કારણોસર પોતાના વતન ગયા હતા. આ દરમિયાન પાડોશીએ ફોન કરીને ઘરના દરવાજા ખુલ્લા હોવાની અને અંદર સામાન વેરવિખેર પડ્યો હોવાની જાણ કરી હતી. ઘરે પરત ફરેલા ભૌમિક પટેલને દાગીના અને રોકડ ચોરાયાં હોવાનું માલૂમ પડ્યું હતું.

ઘટનાની જાણ થતાં અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ફરિયાદના આધારે પોલીસે સોસાયટીના CCTV ફૂટેજ તપાસ્યા છે તેમજ FSLની મદદથી પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

કતારગામમાં મધરાતે પતિને પ્રેમિકા સાથે રંગેહાથ ઝડપી પત્નીએ ચંપલ-દંડાથી ફટકાર્યો

સુરત

સુરતના કતારગામ GIDC ચાર રસ્તા પર મધરાતે ત્રણ વાગ્યે 'પતિ, પત્ની ઔર વો'નો હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. અશ્વિનીકુમાર રોડની હીરા પેઢીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા પતિને ઓફિસની જ 27 વર્ષીય ડેટા ઓપરેટર સાથે બાઈક પર જતા પત્નીએ રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પત્નીએ સાસુ અને ભાભી સાથે કારમાં પીછો કરી બાઈક આંતરી હતી. ત્યારબાદ રસ્તા વચ્ચે જ પતિને ચંપલ અને દંડાથી ફટકાર્યો હતો, જ્યારે યુવતીના વાળ પકડી તેની સાથે પણ મારામારી કરી હતી. પરિવારજનોએ જાહેરમાં થયેલી મારામારીનો વીડિયો ઉતારી સોશિયલ મીડિયા પર વાયરલ કરતાં શહેરમાં ચકચાર મચી હતી. ઘટનાની જાણ થતાં કતારગામ પોલીસ દોડી આવી મામલો થાળે પાડ્યો હતો.

કામરેજ પોલીસનો સપાટો, રૂ. 36.69 લાખની શંકાસ્પદ મીઠાઈનો જથ્થો જપ્ત

કામરેજ, સુરત

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને સુરત જિલ્લાના કામરેજ તાલુકાના છેડછા ગામે આવેલી એક ફેક્ટરીમાં કામરેજ પોલીસે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમને સાથે રાખીને દરોડો પાડ્યો હતો. ફેક્ટરીમાં હલકી ગુણવત્તાવાળું અને શંકાસ્પદ મટીરિયલ વાપરી મીઠાઈ બનાવવામાં આવતી હોવાની આશંકાના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. દરોડા દરમિયાન અલગ-અલગ ફ્લેવરની 2,826 કિલો શંકાસ્પદ મીઠાઈ, પામ ઓઈલના 74 પેક ડબ્બા, 10 લીટર છૂટું પામ ઓઈલ, ખાંડની 200 બેગ, બરફીનો તૈયાર માવો તથા મીઠાઈ પેકિંગ બોક્સ સહિત કુલ રૂ. 36,69,250ની કિંમતનો શંકાસ્પદ મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. દરમિયાન ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે શંકાસ્પદ મીઠાઈ અને તેના ઉત્પાદન માટે વપરાતી સામગ્રીના નમૂના લીધા છે.

ઉવારસદમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીનો પર્દાફાશ

ગાંધીનગર

ગાંધીનગરના ઉવારસદ ગામની સીમમાં આવેલા રાણજીપરામાં વનરાજી એરિયામાં LCBની ટીમે રેડ પાડી બેરોકટોક રીતે ધમધમતી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન 14 પીપડામાં ભરેલો 2800 લિટર દારૂ ગાળવાનો વોશ અને કેરબાઓ ભરીને દેશી દારૂનો જથ્થો સહિત કુલ રૂ.77,000 હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ વોન્ટેડ બુટલેગર વિરુધ અડાલજ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ કેતન રાઠોડની ટીમ અડાલજ પોલીસ મથકની હદ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન બાતમી મળી કે,રાણજીપરામાં વિહતમાતાના મંદિરની બાજુમાં ઓએનજીસીની દિવાલની બહારની બાજુએ આવેલા વનરાજી એરિયામાં રીઢો બુટલેગર દશરથજી જીવણજી ઠાકોર છેલ્લા કેટલાય સમયથી દેશી દારૂ ગાળવાની પ્રવૃતિ ચલાવી રહ્યો છે.

જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડ્યો હતો. જોકે, બુટલેગર દશરથજી ઠાકોર ભઠ્ઠી પર હાજર મળી આવ્યો ન હતો. બાદમાં પોલીસે વનરાજી વિસ્તારમાં તપાસ કરતા 14 પતરાના 14 જેટલા પીપમાંથી 70 હજારની કિંમતનો દેશી દારૂ ગાળવાનો 2800 લીટર વોશ મળી આવ્યો હતો.

10 લાખના દારૂ સાથે રાજસ્થાનનો બુટલેગર ઝડપાયો: દહેગામ નજીક મેશ્વો નદીના બ્રિજ પાસેથી SMCએ કેટા કારને ઝડપી

ગાંધીનગર

રાજ્યમાં દારૂબંધીના કાયદાનો સખ્તાઈથી અમલ કરાવવા એક્શનમાં આવેલી સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે ગાંધીનગરના દહેગામ તાલુકાના મીઠાના મુવાડા ગામની સીમમાં મેશ્વો નદીના બ્રિજ પાસે દરોડો પાડી વિદેશી દારૂ ભરેલી કેટા કાર ઝડપી પાડી છે. પોલીસે રૂ. 10.53 લાખની કિંમતની 3,928 નંગ દારૂની બોટલો તથા બીયર અને કાર મળી કુલ રૂ. 20.73 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે રાજસ્થાનના બુટલેગરની ધરપકડ કરી છે, જ્યારે તેનો સાગરીત અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. બાતમીના આધારે SMCની ટીમે રખીયાલથી દહેગામ તરફ જતાં રસ્તે નાકાબંધી કરી હતી. બાતમીવાળી કેટા કાર આવતાં જ પોલીસે તેને ઘેરી લીધી હતી. પકડાયેલા ડ્રાઈવર લાલુરામ વિજય મીણા (રહે. ઉદેપુર)ની પૂછપરછમાં નાસી છૂટેલો શખ્સ તીલકપુરી ગોસ્વામી (રહે. ડુંગરપુર) હોવાનું ખુલ્યું હતું. કારની તપાસ કરતાં તેના પર GJ 18 EH 6348 નંબરની ખોટી પ્લેટ લગાવાઈ હોવાનું અને કારનો અસલી નંબર GJ 18 EH 7494 હોવાનું સામે આવ્યું હતું.

પ્રાથમિક તપાસમાં રાજસ્થાનના ડુંગરપુરથી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘૂસાડવાનું મોટું રેકેટ ચાલી રહ્યું હોવાનું બહાર આવ્યું છે.

જૈન જગતમાં ભડક્યો પ્રચંડ જનઆક્રોશ!

ધર્મના નામે મહાપાપ : કુસાધુ સાગરચંદ્ર સિંહના કાળા સામ્રાજ્ય અને અનૈતિક કારનામાનો પર્દાફાશ



મધ્યપ્રદેશ

અહિંસા, સંયમ, પરમ પવિત્રતા અને ત્યાગની મિસાલ પેશ કરનાર ભગવાન મહાવીર સ્વામીના મહાન સિદ્ધાંતોને આજે કેટલાક પાખંડી અને ચારિત્ર્યહીન પાત્રોએ પોતાની પાશવિક લાલસાઓ સંતોષવાનું હથિયાર બનાવી દીધું છે. આસ્થા અને ધર્મના નામે પડદા પાછળ જે ખેલ રમાઈ રહ્યા છે, તેમણે સમગ્ર માનવતાને શરમમાં મૂકી દીધી છે. જૈન સમાજમાંથી એક એવો સનસનાટીભર્યા અને કાળજું કંપાવતો મામલો સામે આવ્યો છે, જેણે સંત સમાજની ગરિમાને ખરાબ રીતે કલંકિત કરી છે. સાધુના પવિત્ર ભેશની આડમાં પોતાની હવસનો શિકાર બનાવનાર 'સાગરચંદ્ર સાગર' નામના આ કુસાધુના અનૈતિક સંબંધો, કાળા કારનામા અને ભ્રષ્ટાચારના દસ્તાવેજો હવે સંપૂર્ણપણે ઉજાગર થઈ ચૂક્યા છે!

ભેશની પવિત્રતાનો સોદો: અસંખ્ય જિંદગીઓને અંધકારમાં ધકેલવાનો ઘૃણાસ્પદ ખેલ

સંત કે સાધુનું જીવન ભૌતિક સુખોથી પર અને પૂર્ણપણે પવિત્ર માનવામાં આવે છે. પરંતુ સાગરચંદ્ર સાગરે ભગવા વસ્ત્રોની ઓટમાં રહીને અનેક ભોળી-ભાળી મહિલાઓ અને સાધ્વીઓ સાથે અનૈતિક સંબંધો બાંધ્યા હોવાના અત્યંત ગંભીર અને વિસ્ફોટક આક્ષેપો સામે આવ્યા છે. ધર્મનો પ્રભાવ અને સામાન્ય જનતાની અખૂટ શ્રદ્ધાનો દુરુપયોગ કરીને આ શખ્સે અનેક પરિવારો અને યુવતીઓનું ભવિષ્ય બરબાદ કરી નાખ્યું છે. આટલા સંગીન આરોપો લાગ્યા પછી પણ આ કથિત સાધુ આજદિન સુધી મીડિયા કે જનતાની સામે આવીને પોતાની સ્પષ્ટતા આપવાની હિંમત નથી શક્યો, જે તેની અપરાધિક માનસિકતા અને અંદરની ચોર-વૃત્તિને સાફ ઉજાગર કરે છે.

વાયરલ ચેટ્સ અને રેકોર્ડિંગનું સત્ય: "જો બધું ખોટું હતું, તો સફાઈ આપવાની નોબત કેમ આવી?"

આ આખો ઘિનૌનો સચ ત્યારે ખુલ્લો પડી ગયો જ્યારે આ કુસાધુની પોતાની એક મહિલા મિત્ર સાથેની કથિત કોલ રેકોર્ડિંગ, આપત્તિજનક તસવીરો અને વોટ્સએપ ચેટ્સના પુરાવાઓ સોશિયલ મીડિયા પર આગની જેમ ફેલાઈ ગયા. સૌથી મોટો અને ચુભતો સવાલ એ છે કે જો તે તમામ ફોટો અને વાતો પાયાવિહોણી હતી, તો તે મહિલા સાથે આ કુસાધુને ફોન પર લાંબી વાતચીત કરવાની આવશ્યકતા જ કેમ ઊભી થઈ? 'મારા ખાનગી ફોટા કેવી રીતે લીક થઈ ગયા?' તેવી સફાઈ આપનાર ખુદ આ શખ્સના પોતાના શબ્દો જ એ વાતની સાક્ષી પૂરે છે કે દાળમાં કાળું નહીં, પરંતુ આખી ડેગ જ કાળી છે! આ સ્તરની અશુદ્ધ અને ગંદી કરતૂતો સામે આવ્યા પછી પણ તેનો નકલી મુખોટો ઉતરી ગયો છે, મગર તેના ચહેરા પર જરાય શરમ કે હયાનું નામોનિશાન બાકી નથી રહ્યું.

ભ્રષ્ટ ટ્રસ્ટીઓની સાઠગાંઠ અને દાનના ધનથી અય્યાશીનું સામ્રાજ્ય

આ પ્રકારના કલંકિત અને પતિત પાત્રોને બચાવવા, છુપાવવા અને તેમને પીઠબળ પૂરું પાડવાનું ઘૃણાસ્પદ કામ કેટલાક સ્વાર્થી તત્વો કરી રહ્યા છે. સાગર સમુદાય સાથે જોડાયેલા કેટલાક વિશેષ સંઘો અને જીનાલયોના ભ્રષ્ટ પદાધિકારીઓ આ સમગ્ર પાખંડમાં સીધી રીતે સંડોવાયેલા છે:

તીર્થસ્થળો અને દેવોમાં શ્રદ્ધાળુઓ દ્વારા શ્રદ્ધાપૂર્વક અપાતા દાન અને ચડાવાનાં કરોડો રૂપિયાનો ગોટાળો કરીને આ ટ્રસ્ટીઓ અને સાગરચંદ્ર સાગર વચ્ચે બંદરબાંટ કરવામાં આવે છે.

દાન-પુણ્યના આ પવિત્ર પૈસાના જોરે આ કુસાધુએ વિલાસિતા, એશો-આરામ અને મોજમસ્તીથી ભરેલી હાઈ-વોલ્ટેજ જિંદગી ઊભી કરી છે.

ધર્મના નામે જનતાને મૂર્ખ બનાવીને બેનામી મિલકતો અને અઢળક સંપત્તિનું સામ્રાજ્ય રચવામાં આવ્યું છે.

આ સમગ્ર કાળા કારોબાર પર પડદો પાડવા માટે મીડિયા કોર્ડિનેટર 'અભય ચોપરા' અને તેમના જેવા કેટલાક દલાલ કિસમના સ્વાર્થી લોકો સક્રિયપણે કામ કરી રહ્યા છે, જેઓ માત્ર થોડા પૈસાની ખાતર આ કુસાધુના મહાપાપોને છુપાવવાના કુચક્ર રચી રહ્યા છે.

ભગવાન મહાવીરની વાણીનું અપમાન: મંસૌરમાં ચાલી રહેલા પ્રવચનોનો થાય સંપૂર્ણ બહિષ્કાર!

વર્તમાન સમયમાં આ કુસાધુ મધ્યપ્રદેશના મંસૌર વિસ્તારમાં પોતાના પાખંડ ભરેલા પ્રવચનો ચલાવી રહ્યો છે. જે પાવન મંચ પરથી સત્ય, અહિંસા અને સદાચારના પાઠ ભણાવવા જોઈએ, ત્યાં બેસીને આ શખ્સ સામે બેઠેલી ભોળી-ભાળી મહિલાઓ અને શ્રદ્ધાળુઓને કઈ વિકૃત માનસિકતાથી જોતો હશે, આ વિચાર માત્રથી જ રુંવાડા ઉભા થઈ જાય છે! જે વક્તાનું પોતાનું ચારિત્ર્ય દાગીના અને મલિન હોય, તે સમાજને શું સાચી રાહ ચીંધી શકે?

સમસ્ત જૈન સમાજ અને ધર્મ પ્રત્યે નિષ્ઠા રાખનાર પ્રત્યેક વ્યક્તિ માટે આ ઊંડાત્મમંથન અને લાલબત્તી સમાન સમય છે. જે શખ્સ સંત પરંપરાને કલંકિત કરી રહ્યો છે, તેને આશ્રય આપનાર પ્રત્યેક ચહેરાને બેન કરવો એ સમયની સૌથી મોટી માંગ છે.

જૈન સમાજની ખુલ્લી હૂંકાર: હવે મૂગા બેસવાનો દોર ખતમ!

'પાક્કો ગુજરાત'ના મંચથી સમસ્ત જૈન સમાજ, યુવા વા અને ધર્મપ્રેમીઓ માટે એક કડક અને સીધો સંદેશ છે:

૧. કઠોર બહિષ્કાર: જ્યાં ક્યારેય પણ આ કુસાધુ સાગરચંદ્ર સાગરના શિબિરો કે પ્રવચનો યોજાય, ત્યાં તેનો ઉગ્ર વિરોધ કરો અને તેનો સંપૂર્ણ બહિષ્કાર કરો.

૨. દાન પર પૂર્ણ પ્રતિબંધ: આવા પાખંડીઓ અને તેમનું સમર્થન કરનાર સંગઠનોને એક પણ રૂપિયો દાન કે આર્થિક મદદના રૂપમાં ન આપવો.

૩. ભેશ ત્યાગવાનું અલ્ટીમેટમ: આ કુસાધુએ તાત્કાલિક પ્રભાવથી સાધુનો પવિત્ર પોશાક ઉતારી ફેંકવો જોઈએ અને એક સામાન્ય માણસની જેમ જીવન જીવવું જોઈએ, કારણ કે તેને 'સંત' કહેવો એ અસલી સંતોનું અપમાન છે.

૪. દલાલોનો સામાજિક બહિષ્કાર: જે ટ્રસ્ટીઓ કે મીડિયા મેનેજર્સ (જેવા કે અભય ચોપરા જેવા લોકો) આ કુસાધુને બચાવવાના કાવતરામાં સામેલ છે, તેમને પણ સમાજમાંથી સંપૂર્ણપણે હાંસિયામાં ધકેલી દેવા.

જો આપણે હવે પણ આંખ આડા કાન કરીને ચૂપચાપ બેસી રહીશું, તો આવનારી પેઢીઓ આપણને ક્યારેય માફ નહીં કરે! ભગવાન મહાવીરના નિર્મળ અને પવિત્ર માર્ગને આ કલંકથી મુક્ત કરવા માટે હવે દરેકાગ્ર જૈને રસ્તા પર ઉતરીને આ પાખંડીઓ સામે પોતાની અવાજ બુલંદ કરવી જ પડશે!



જૈન જગતની એકતા રંગ લાવી: પ્રવચનોમાં 50 લોકો પણ ન બચ્યા, કુસાધુના ઉડી ગયા હોશ!


મંસૌર અને તેની આસપાસના ક્ષેત્રોમાં જૈન સમાજ હવે સંપૂર્ણપણે લામબંદ થઈ ચૂક્યો છે. આ કુસાધુના પાખંડ સામે એવો તો પ્રચંડ જનઆક્રોશ ભડક્યો છે કે તેના પ્રવચન હોલમાં આજે માંડ 50 લોકો પણ ઉપસ્થિત રહી શકતા નથી! જૈન સમાજને પોતાની અખંડ એકતા અને તાકાત પ્રદર્શિત કરવાનો આ ઐતિહાસિક અવસર સાંપડ્યો છે. આ આંદોલનને વધુ તેજ બનાવો, આ કલંકને સમાજની દેહલીઝમાંથી બહાર તગેડી મૂકો અને આપણી પવિત્ર સાધ્વીઓ તથા દીકરીઓના સન્માનની રક્ષા કરો!

દાંતામાં બ્લ્યુ એક્ટિવા પર દારૂની હોમ ડિલિવરી!

પોલીસની અવરજવર વચ્ચે પણ બુટલેગરો બેફામ, DPની કાર્યવાહી જરૂરી : નંબર પ્લેટ વગરની એક્ટિવા અને સફેદ કારથી વિદેશી દારૂનું વેચાણ, ફરિયાદ કરે તેને મારી નાખવાની ધમકીનો આક્ષેપ

દાંતા

ગુજરાતમાં દારૂબંધી છે, પરંતુ બનાસકાંઠાના દાંતા તાલુકામાં દારૂબંધીના કાયદાની ખુલ્લેઆમ ઐસીતૈસી થઈ રહી છે. એક તરફ દિવાળીના તહેવારો ચાલી રહ્યા છે, ત્યાં દાંતામાં વિદેશી દારૂના બુટલેગરો એટલા બેફામ બન્યા છે કે તેઓ પોલીસને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા છે. મળતી માહિતી માહિતી અનુસાર, દાંતામાં કેટલાક બુટલેગરો દ્વારા બ્લ્યુ કલરની એક્ટિવા અને સફેદ કલરની કાર લઈને દિવસ-રાત વિદેશી દારૂની હોમ ડિલિવરી કરવામાં આવી રહી છે. આખો દિવસ દાંતા બજારમાં પોલીસની અવરજવર હોય છે, ટ્રાફિક ડ્રાઈવ ચાલતી હોય છે, છતાં આ બુટલેગરોને પોલીસનો કોઈ ડર જ નથી રહ્યો. સૌથી મોટી વાત એ છે કે જે બ્લ્યુ એક્ટિવા પર દારૂની હેરફેર થાય છે, તેના પર નંબર પ્લેટ પણ નથી. ત્યારે સવાલ થાય છે કે ટ્રાફિક ડ્રાઈવ ચલાવતી પોલીસને નંબર પ્લેટ વગરની આ એક્ટિવા કેમ નથી દેખાતી? કે પછી જાણી જોઈને આંખ આડા કાન કરવામાં આવે છે? વડગામથી આવીને દાંતાને બદનામ કરે છે! સ્થાનિક લોકોનું કહેવું છે કે આ મુખ્ય બુટલેગર મૂળ વડગામ તાલુકાનો છે અને વર્ષોથી દાંતા આવીને દારૂનું વેચાણ કરીને દાંતા તાલુકાને બદનામ કરી રહ્યો છે. તેણે દાંતામાં પોતાનું નેટવર્ક ઉભું કરી દીધું છે.ફરિયાદ કરે તો મારી નાખવાની ધમકી!આ બુટલેગર એટલો માથાભારે છે કે જો કોઈ જાગૃત નાગરિક તેની સામે અવાજ ઉઠાવે કે ફરિયાદ કરે, તો તેને મારી નાખવાની ખુલ્લેઆમ ધમકીઓ પણ આપવામાં આવે છે. આ માથાભારે બુટલેગર વિરુદ્ધ અગાઉ પણ દાંતા પોલીસ સ્ટેશનમાં ફરિયાદો નોંધાઈ ચૂકી છે, છતાં તેની સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી, જેના કારણે તેના હોસલા વધુ બુલંદ બન્યા છે.



સૌરાષ્ટ્રના કેન્સર પીડિતો માટે સૌથી મોટા અને રાહતના સમાચાર

AIIMS રાજકોટમાં 39 કરોડના ખર્ચે અત્યાધુનિક રેડિયોથેરાપી સુવિધાનો પ્રારંભ

રાજકોટ

ગુજરાતના અને ખાસ કરીને સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારના કેન્સર જેવા ગંભીર રોગ સામે ઝઝૂમતા દર્દીઓ અને તેમના પરિવારો માટે આજે એક ઐતિહાસિક અને રાહતના સમાચાર સામે આવ્યા છે. હવે કેન્સરની અત્યાધુનિક સારવાર માટે અમદાવાદ કે મુંબઈ જેવા દૂરના શહેરો સુધીના ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે. રાજકોટ સ્થિત અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા (AIIMS) ખાતે ભારત સરકારના આશરે ૩૯ કરોડના ભારેખમ રોકાણથી તૈયાર કરવામાં આવેલી અત્યાધુનિક રેડિયોથેરાપી સુવિધાનું કેન્દ્રીય



આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાના હસ્તે ઓનલાઈન માધ્યમથી ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ મહત્ત્વપૂર્ણ ક્ષણે ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી પ્રફુલભાઈ પાનશેરિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ દેશ અને રાજ્ય સરકારની આરોગ્યલક્ષી પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, કેન્સર માત્ર દર્દીના શરીરને જ નહીં પરંતુ સમગ્ર પરિવારની આર્થિક અને માનસિક સ્થિતિને ભાંગી નાખે છે. લાંબા અંતરની મુસાફરી અને મોંઘી સારવારના બોજ હેઠળ દબાતા સૌરાષ્ટ્રના ગ્રામીણ, અર્ધશહેરી અને આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે AIIMS રાજકોટની આ નવીન સુવિધા એક આશીર્વાદ સમાન સાબિત થશે. એમ્સ રાજકોટ ખાતે સ્થાપિત કરવામાં આવેલી આ સુવિધામાં કેન્સર સારવાર માટેની સૌથી આધુનિક ટેકનોલોજી સમાવવામાં આવી છે.

ગોંડલ માર્કેટ યાર્ડમાં ભારે હોબાળો

રજૂઆત કરવા પહોંચેલા આપ નેતા જીગીષાબેન પટેલ અને સત્તાધીશો વચ્ચે ઉગ્ર બોલાચાલી..!!!

રાજકોટ

સૌરાષ્ટ્રના સૌથી મોટા અને વિવાદોનું કેન્દ્ર બનેલા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાંથી રાજકીય ગરમાવો લાવતી અને સત્તાધીશોની અહંકારી નીતિ સામે સવાલો ઊભા કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. ખેડૂતોના અને સ્થાનિક વેપારીઓના પ્રશ્નો તેમજ વિવિધ રજૂઆતો લઈને ગોંડલ યાર્ડ ખાતે પહોંચેલા આમ આદમી પાર્ટી (AAP) ના પ્રદેશ નેતા અને અગ્રણી જીગીષાબેન પટેલ તેમજ માર્કેટિંગ યાર્ડના સત્તાધીશો/ડિરેક્ટરો વચ્ચે ભારે ઘર્ષણ અને ઉગ્ર બોલાચાલી સર્જાઈ હતી. સત્તાના નશામાં ચૂર યાર્ડના ડિરેક્ટરે આડકતરી રીતે દાદાગીરી કરતા એવું કહી દીધું હતું કે 'આવાને જવાબ ન દેવાના હોય!', જેના પગલે માહોલ વધુ ગરમાયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ચાલતી વિવિધ અનિયમિતતાઓ, ખેડૂતોને પડતી અગવડો તેમજ સ્થાનિક મુદ્દાઓને લઈને 'આપ' નેતા જીગીષાબેન પટેલ પોતાના સમર્થકો સાથે ગોંડલ યાર્ડની કચેરી ખાતે રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. જનતાના અને ખેડૂતોના અવાજને વાંચા આપવા ગયેલા આપ નેતાએ જ્યારે અધિકારીઓ અને સત્તાધીશો સમક્ષ સવાલોના તીર છોડવાનું શરૂ કર્યું, ત્યારે યાર્ડના સત્તાધીશો અકળાઈ ગયા હતા અને યોગ્ય જવાબ આપવાના બદલે સીધા ઘર્ષણ પર ઉતરી આવ્યા હતા. રજૂઆત દરમિયાન બોલાચાલી એટલી ઉગ્ર બની ગઈ હતી કે યાર્ડના એક ડિરેક્ટરે જાહેરમાં તુમાખીભર્યું વલણ દાખવતાં આપ નેતા જીગીષાબેન તરફ અસંવેદનશીલ ટિપ્પણી કરી હતી અને કહ્યું હતું કે, 'આવા લોકોને કોઈ જવાબ આપવાના ન હોય!' સત્તાધીશોના આ અહંકારી બોલ સાંભળીને જીગીષાબેન પટેલ અને તેમની સાથે આવેલા સમર્થકો ભારે ઉશ્કેરાઈ ગયા હતા.

ડભોઈના ધરમપુરી ગામે લોહિયાળ પારિવારિક ખેલ: રાઠોડિયા પરિવારમાં ઝઘડો ઉકળતા ચરૂ સમો બન્યો

ડભોઈ (વડોદરા)

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના ધરમપુરી ગામેથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ઉભા કરતી એક અત્યંત હિંસક અને કાળજું કંપાવતી ઘટના સામે આવી છે. ધરમપુરી ગામની નવીનગરી વિસ્તારમાં રહેતા રાઠોડિયા પરિવારમાં પારિવારિક અદાવત અને છૂટા-છવાયા ઝઘડાઓએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સામાન્ય બાબતે ઉશ્કેરાયેલા પાંચ શખ્સોએ ઘરમાં ઘૂસીને આડેધડ હુમલો કર્યો હતો, જેમાં લોખંડની પાઈપ ફટકારવાથી માંડીને મહિલાઓને પણ બેરહેમીથી માર મારવામાં આવ્યો હોવાની સનસનાટીભરી ફરિયાદ ડભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આરોપીઓએ ઘરમાં આવતાની સાથે જ ઉગ્ર બોલાચાલી કરીને ફરીથી ઝઘડો શરૂ કરી દીધો હતો. આ દરમિયાન અર્જુન રાઠોડિયાએ આરતીબેનને જોરદાર ધક્કો મારીને જમીન પર પછાડી દીધા હતા

પાક્કો ગુજરાત
મંગળવાર। 03 નવેમ્બર 2026 । અમદાવાદ

ખોરજ જમીન કૌભાંડમાં ધારાસભ્ય જીગ્નેશ મેવાણીનો પ્રચંડ હોબાળો: 150 કરોડની જમીન હડપવાનો સનસનાટીભર્યો આક્ષેપ

પોલીસ સામે ગંભીર આરોપો સાથે વડગામ મામલતદારને આવેદન આપી ઉગ્ર જનઆંદોલનની ચીમકી



ગાંધીનગર

ગાંધીનગર તાલુકાના હદ વિસ્તારમાં આવેલા અત્યંત મોંઘા અને વ્યાપારી તેમજ પ્રાકૃતિક રીતે બેમૂલ્ય ગણાતા ખોરજ ગામની જમીનના વિવાદે હવે સમગ્ર ગુજરાતના રાજકારણમાં ભારે ભૂકંપ સર્જ્યો છે. ખોરજ ગામના ગરીબ, અસહાય ખેડૂતો અને સ્થાનિક ઠાકોર સમાજની જમીન બળજબરીથી કે કાવત્રા રચીને હડપ કરી લેવાના કથિત અન્યાય સામે વડગામના ધારાસભ્ય અને કોંગ્રેસના ફાયરબ્રાન્ડ નેતા જીગ્નેશ મેવાણીએ આરપારની લડાઈનો રણશંખ ફૂંકી દીધો છે. આ મામલે વડગામ તાલુકા સેવા સદન ખાતે હજારોની સંખ્યામાં ઉમટી પડેલા સમર્થકો, ગ્રામજનો અને આગેવાનોની વિશાળ રેલી સાથે જીગ્નેશ મેવાણીએ મામલતદારને રૂબરૂ આવેદનપત્ર પાઠવ્યું હતું અને વહીવટી તેમજ પોલીસ તંત્ર સામે અત્યંત ગંભીર સવાલો ઉઠાવીને પ્રચંડ રોષ વ્યક્ત કર્યો હતો.

આ સમગ્ર પ્રકરણની વિગતવાર પૃથ્વીની વાત કરીએ તો, ખોરજ ગામ ખાતે આવેલી અંદાજે ૧૫૦ કરોડ રૂપિયા જેટલી તોતિંગ બજાર કિંમત ધરાવતી જમીનમાં કેટલાક માથિાઓ અને બિલ્ડરો દ્વારા કાગળ પર ગડમથલ કરીને, ખોટા દસ્તાવેજો બનાવીને અથવા તો સત્તાના જોરે ગેરકાયદેસર દબાણો ઊભા કરીને મૂળ માલિકો અને સ્થાનિક ખેડૂતોને પાયમાલ કરવાનો અને બેઘર-બેજમીન કરવાનો નીચો પ્રયાસ કરાયો હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. આ વિવાદ માત્ર સામાન્ય જમીન વેચાણનો નથી, પરંતુ તે પાછળ એક મોટું રાજકીય અને આર્થિક કૌભાંડ છુપાયેલું હોવાનું સ્પષ્ટ થઈ રહ્યું છે. આ વિવાદમાં સૌથી મોટો ધડાકો કરતા જીગ્નેશ મેવાણીએ સીધા જ પોલીસ તંત્ર અને કેટલાક ઉચ્ચ પોલીસ અધિકારીઓ પર ગંભીર આક્ષેપોનો બોમ્બ ફોડ્યો છે. મેવાણીના જણાવ્યા અનુસાર, આ જમીન કૌભાંડમાં કેટલાક જવાબદાર ઉચ્ચ પોલીસ અધિકારીઓ (જેમાં રેન્જ આઈજી અને અડાલજ પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતના નામો ચર્ચામાં છે) દ્વારા કાયદાનું પાલન કરાવવાને બદલે સીધી કે આડકતરી રીતે બિલ્ડરો, ભૂમાફિયાઓ અને ગુનાહિત માનસિકતા ધરાવતા તત્વોને છાવરવામાં આવી રહ્યા છે. પોલીસ સ્ટેશનનો દુરુપયોગ કરીને ગરીબ ખેડૂતો પર દબાણ લાવવામાં આવી રહ્યું છે અને આ મામલે સત્તાના જોરે ન્યાયનું ગળું ઘૂંટવામાં આવી રહ્યું છે તેવું મેવાણીએ આક્રમક અંદાજમાં જણાવ્યું હતું. વડગામ ખાતે આવેદનપત્ર અર્પણ કરતી વેળાએ યોજાયેલી એક વિશાળ અને જોશભેર જાહેર સભાને સંબોધતા જીગ્નેશ મેવાણીએ સરકાર અને પોલીસ પ્રશાસનને ખુલ્લી ચેતવણી આપી હતી કે જો વહેલી તકે: ખોરજ ગામના પીડિત ઠાકોર સમાજ, આદિવાસીઓ અને ન્યાય ઝંખતા ખેડૂતોને તેમની માલિકીની હકની જમીન પાછી સોંપવામાં નહીં આવે, આ સમગ્ર ૧૫૦ કરોડના કૌભાંડમાં સંડોવાયેલા તમામ ભૂમાફિયાઓ, દલાલો અને તેમને કાયદાની વિરુદ્ધ જઈને મદદ કરનારા તમામ ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ સામે કોઈ પણ પ્રકારની પક્ષપાત વગર નિષ્પક્ષ તપાસ કરીને કડકમાં કડક ફોજદારી કાયદેસરની કાર્યવાહી કરવામાં નહીં આવે.

નડિયાદ નજીક મંજીપુરા-કમળા રિંગ રોડ પર લાકડાની હરાજી ઠપ્પ

વન વિભાગના સપાટાથી ટ્રેક્ટર-ટ્રક ચાલકો અને ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ

નડિયાદ (ખેડા)

ખેડા જિલ્લાના નડિયાદ નજીક આવેલા અતિ વ્યસ્ત અને ધમધમતા મંજીપુરા-કમળા રિંગ રોડ પર ગેરકાયદેસર અને બિનઅધિકૃત રીતે ચાલતી લાકડાની હરાજી પર આખરે તંત્રનો સપાટો બોલી ગયો છે. મામલતદાર અને આર.ટી.ઓ. (RTO) ના સંયુક્ત આકરા ચેકિંગ બાદ હવે જિલ્લા વન વિભાગે પણ આક્રમક મોરચો માંડતાં સમગ્ર વિસ્તારમાં ચાલતી લાકડાની હરાજી સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે.

વન વિભાગની આ સઘન અને કડક કાર્યવાહીના પગલે બિનઅધિકૃત લાકડાની હેરફેર કરતા ટ્રક અને ટ્રેક્ટર ચાલકો તેમજ લાકડાના સટ્ટાખોરોમાં ભારે ફફડાટ અને સન્નાટો વ્યાપી ગયો છે. મંજીપુરા-કમળા રિંગ રોડ પર લાંબા સમયથી મોટા પાયે નિયમોની ઐસીતૈસી કરીને લાકડાના ખરીદ-વેચાણ અને હરાજીનો કાળો કારોબાર ચાલતો હોવાની ફરિયાદો ઉઠી રહી હતી.


ઓવરલોડિંગ, પરમિટ વગરના વાહનો અને કાયદેસરના રોયલ્ટી કે પાસ-પરમિટ વગર થતી વૃક્ષોની કાપણીના મુદ્દે સૌપ્રથમ મામલતદાર કચેરી અને RTO તંત્ર દ્વારા દરોડા પાડીને ઓવરલોડ વાહનો સામે આકરા દંડની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ દબાણ બાદ તુરંત જ ખેડા જિલ્લા વન વિભાગની ટીમો હરકતમાં આવી હતી અને સ્થળ પર પહોંચીને ગેરકાયદે હરાજી પ્રક્રિયા પર વિરામ લગાવી દીધો હતો. વન વિભાગના આ આકરા મિજાજને જોઈને સ્થળ પરથી અનેક વાહનચાલકો પોતાના ટ્રેક્ટરો અને ટ્રકો લઈને ભાગતા નજરે પડ્યા હતા.

ગાંધીનગર પોલીસની ખોટી ઓળખ આપી 50 લાખ માંગનાર અને 4 લાખ બળજબરીથી પડાવનાર બોગસ પોલીસ ગેંગ ઝડપાઈ

સુરત

સુરત શહેરના સરથાણા વિસ્તારમાંથી ખોટી ઓળખ આપીને તોડબાજી કરતી અને ખાખી વર્દીને બદનામ કરતી એક અત્યંત ચોંકાવનારી બોગસ પોલીસ ગેંગનો પર્દાફાશ થયો છે. ગાંધીનગર પોલીસના ઉચ્ચ અધિકારી કે કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપીને એક નાગરિકને કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ૫૦ લાખની તોતિંગ રકમની માંગણી કરનાર અને બળજબરીથી ૪ લાખ પડાવી લેનાર ચાર લુખા તત્વોને સુરતના સરથાણા પોલીસ સ્ટેશને ઝાપટો મારીને દબોચી લીધા છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપીઓએ એક કાવતરું રચીને ફરિયાદીને આંતરીને પોતે ગાંધીનગર પોલીસમાંથી આવે છે તેવી ખોટી ઓળખ આપી હતી. આરોપીઓએ ફરિયાદી પર કાયદાકીય કાળો સકંજો કસવાની અને ગંભીર કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને રૂ. ૫૦ લાખ આપવા માટેનું ભારે દબાણ બનાવ્યું હતું. આખરે ડરી ગયેલા ફરિયાદી પાસેથી આરોપીઓએ બળજબરીપૂર્વક ૪ લાખ રોકડા પડાવી લીધા હતા. આ સમગ્ર ખંડણી અને તોડબાજીના બનાવ અંગે ફરિયાદીએ સરથાણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરીને આપવીતી જણાવતાં જ સરથાણા પોલીસ હરકતમાં આવી હતી. પોલીસે ત્વરિત કાયદેસરનો ગુનો નોંધી, ટેક્નિકલ સર્વેલન્સ અને ગુપ્ત બાતમીદારોના નેટવર્કને સક્રિય કરીને દરોડો પાડ્યો હતો. સરથાણા પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ચારેય આરોપીઓને ટ્રેસ કરીને ઝડપી પાડ્યા છે.

ગોવિંદગુરુ યુનિવર્સિટીના વિવાદાસ્પદ કુલપતિનો કાંડ

બે ટર્મ પૂરી થયા પછી પણ ખુરશી ચોંટી રહીને RSS અને BJPની કચેરી બનાવી દીધી યુનિવર્સિટી!

ગોધરા/પંચમહાલ


શિક્ષણ જગતને પવિત્ર મંદિર માનવામાં આવે છે, પરંતુ જ્યારે આ જ મંદિરોમાં બેસીને કોઈ સત્તાધીશ રાજકીય પક્ષોના ઈશારે ભગવો એજન્ડા ચલાવવા લાગે, ત્યારે શિક્ષણની પવિત્રતા ધૂળમાં મળી જાય છે. ગોવિંદગુરુ યુનિવર્સિટીમાંથી એક અત્યંત સનસનાટીભર્યા અને પ્રચંડ વિવાદના અહેવાલો સામે આવ્યા છે. યુનિવર્સિટીમાં સતત બે ટર્મ સુધી કુલપતિ પદની ગાદી પર બિરાજેલા અને નિયત સમય મર્યાદા પૂરી થઈ ગયા બાદ પણ મહિનાઓ સુધી ગેરકાયદેસર રીતે કે હઠધર્મી રાખીને ખુરશી પર ચીટકી રહેલા કુલપતિની કારગુજારીઓએ સમગ્ર રાજ્યમાં ભારે ભૂકંપ સર્જ્યો છે. આ કુલપતિએ યુનિવર્સિટીને શિક્ષણનું ધામ બનાવવાના બદલે RSS અને ભાજપ (BJP) ની વિચારધારા ફેલાવવાનો અડ્ડો બનાવી દીધો હોવાના જગજાહેર આક્ષેપો સાથે સમગ્ર શિક્ષણ જગતમાં ભારે રોષ ફેલાયો છે.

આ ગંભીર આક્ષેપો માત્ર હવાઈ વાતો નથી, પરંતુ તેના પુરાવા યુનિવર્સિટીની ફાઈલોમાં અને ભરેલા અરજી ફોર્મોમાં સ્પષ્ટ જોઈ શકાય છે. યુનિવર્સિટીના સૂત્રો અને જાગૃત શિક્ષણવિદોના જણાવ્યા મુજબ, કુલપતિએ પોતાની સત્તાનો દુરુપયોગ કરીને સેનેટ, સિન્ડિકેટ અને અન્ય મહત્વની શૈક્ષણિક સમિતિઓની નિમણૂકોમાં મેરિટ કે યોગ્યતાને તિલાંજલિ આપી દીધી હતી. યુનિવર્સિટીમાં કરવામાં આવેલી તમામ નિયુક્તિઓ અને ભરતીઓમાં સંઘ (RSS) અને ભાજપ સાથે સીધા જોડાયેલા કે તેમના ઈશારે નાચતા મળતીયાઓને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. યુનિવર્સિટી જેવી સ્વાયત્ત અને પવિત્ર સંસ્થાને એક ચોક્કસ રાજકીય પક્ષની વિચારધારાનું કાર્યાલય બનાવી દેવામાં આવ્યું હોવાના પુરાવા જગજાહેર છે. સૌથી મોટો અને શરમજનક સવાલ એ ઉભો થાય છે કે જ્યારે આ કુલપતિની નિર્ધારિત બે ટર્મનો કાર્યકાળ સત્તાવાર રીતે પૂરો થઈ ગયો હતો, છતાં તેઓ કયા જોરે અને કોના આશીર્વાદથી મહિનાઓ સુધી લાંબો સમય સુધી ખુરશી ખાલી કરવા તૈયાર નહોતા? નિયમોને નેતાગીરીના રે નેવે મૂકીને સત્તા પર ચીટકી રહેવાના આ બેફામ અંદાજ પાછળનો હેતુ માત્ર ને માત્ર સંઘ અને ભાજપના હિતોના બાકી રહેલા એજન્ડાઓને પૂરા કરવાનો હતો તેવું સ્પષ્ટ દેખાઈ આવે છે. યુનિવર્સિટીના ભોગે પોતાના રાજકીય આકાઓને ખુશ કરવાની આ ઘિનૌની રમતથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. ગોવિંદગુરુ યુનિવર્સિટીમાં ચાલતી આ પક્ષીય રાજનીતિ અને કુલપતિની મનમાની સામે હવે બુદ્ધિજીવીઓ અને વિદ્યાર્થી સંગઠનો દ્વારા ઉગ્ર વિરોધના સુર ઉઠવા લાગ્યા છે.

વડોદરામાં હાઇવોલ્ટેજ ડ્રામા

VIP રોડ પર અર્ધવસ્ત્રોમાં યુવકએ મચાવ્યો આતંક!!

વડોદરા



સંસ્કારી નગરી વડોદરામાંથી કાયદો અને વ્યવસ્થા તેમજ માર્ગ પરની સલામતી સામે ગંભીર સવાલો ઊભા કરતી એક અત્યંત ચોંકાવનારી અને ડરામણી ઘટના સામે આવી છે. વડોદરાના સૌથી પોશ અને ધમધમતા વિસ્તાર ગણાતા કારેલીબાગના વીઆઈપી રોડ પર આવેલા વુડા ચાર રસ્તા પાસે એક યુવકે ફિલ્મીઢબે ભારે હાઈવોલ્ટેજ ડ્રામા મચાવ્યો હતો. જાહેરમાં ચાલતા વાહનો વચ્ચે અચાનક રોડ વચ્ચે આવીને યુવકે જે પ્રકારે ત્રાસ અને આતંક ફેલાવ્યો તેને જોઈને ત્યાંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, વીઆઈપી રોડ પર અચાનક એક શખ્સે કોઈ અગમ્ય કારણોસર કે માનસિક અસ્થિરતાના ભાગરૂપે પ્રચંડ હોબાળો મચાવવાનું શરૂ કર્યું હતું. આ યુવકે ચાલુ ટ્રાફિકની વચ્ચે રોડ રોકીને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC) ની સંચાલિત ઈલેક્ટ્રિક બસને અચાનક રસ્તા વચ્ચે ઘેરી લીધી હતી અને તેને આગળ વધતી અટકાવી હતી. બસ રોકાયા બાદ આ શખ્સે પોતાની હદ વટાવી દીધી હતી અને ઉશ્કેરાટમાં આવીને બસના આગળના દરવાજા પર પોતાના હાથો વડે ધડાધડ જોર-જોરથી મુક્કા અને લાતો મારીને તોડફોડ કરવાનો પ્રયાસ કર્યો હતો.

ચાલુ રસ્તે મ્યુનિસિપલ કોર્પોરેશનની સાર્વજનિક બસ પર આ પ્રકારે હુમલો થતાં બસમાં બેઠેલા મુસાફરોમાં ભારે ડર અને ફફડાટ વ્યાપી ગયો હતો. આસપાસના લોકો પણ આ અચાનક બનેલી ઘટનાથી સ્તબ્ધ થઈ ગયા હતા.

જનતાની લડતનો વિજય

વડોદરાના બિલ કેનાલ રોડ પર આખરે સ્ટ્રીટલાઈટ ઝળહળી

વડોદરા



વડોદરા શહેરના બિલ કેનાલ રોડ પર લાંબા સમયથી છવાયેલા અંધારાનો આખરે અંત આવ્યો છે. બિલ કેનાલ રોડ પર સ્ટ્રીટલાઈટો શરૂ થતાં જ અંધારામાં અવરજવર કરવા મજબૂર બનેલા સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. શાસકોની બેદરકારી અને તંત્રની ઘોર નિષ્ક્રિયતા સામે સ્થાનિકો અને વિપક્ષ દ્વારા આક્રમક આંદોલન ચલાવવામાં આવ્યા બાદ આખરે વહીવટી તંત્રને ઝૂકવાની ફરજ પડી છે. બિલ કેનાલ રોડ પર સ્ટ્રીટલાઈટો ન હોવાના કારણે રાત્રિના સમયે અકસ્માતો અને અસામાજિક પ્રવૃત્તિઓનો ભય સતત તોળાતો હતો. તંત્રને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતાં કોંગ્રેસ વોર્ડ નંબર 12ના પ્રમુખ રાકેશ ઠાકોરની આગેવાનીમાં જોરદાર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. કોંગ્રેસના કાર્યકરો અને સ્થાનિકોએ હાથમશાલ લઈને રોડ પર 'મશાલ યાત્રા' યોજી હતી અને તંત્રના કાન ઉઘાડવા માટે પ્રચંડ નારેબાજી કરી અંધારાનો આકરો વિરોધ નોંધાવ્યો હતો. આ જનસમસ્યાને લઈને વિવિધ વર્તમાનપત્રો અને ન્યૂઝ માધ્યમોમાં ધારદાર અહેવાલો પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. મીડિયામાં અહેવાલો ચમકતાં અને સ્થાનિકોનો રોષ ચરમસીમાએ પહોંચતાં જ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન અને સંબંધિત અધિકારીઓ હરકતમાં આવ્યા હતા. તંત્રએ તાબડતોબ ગુજરાત એલેક્ટ્રિસિટી બોર્ડ (GEB) સાથે સંકલન સાધીને બિલ કેનાલ રોડ પર વીજ થાંભલા અને સ્ટ્રીટલાઈટો લગાવવાની કામગીરી પૂર્ણ કરી હતી. રોડ પર લાઈટો શરૂ થતાં જ કોંગ્રેસના કાર્યકરો અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. લોકોએ ફટાકડા ફોડીને અને એકબીજાને મોં મીઠું કરાવીને આ સકારાત્મક પરિણામની જોરદાર ઉજવણી કરી હતી.

ખેડામાં કેમિકલ પ્રદૂષણનો તાંડવ: કોનકોર્ડ બાયોટેક કંપની સામે ગંભીર આક્ષેપો

ખેડા

ખેડા જિલ્લાના માતર તાલુકાના રણાસર વિસ્તારમાંથી પર્યાવરણ અને માનવજીવનને હચમચાવી નાખતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. લીંબાસી-માલાવાડા રોડ પર આવેલી કુખ્યાત કોનકોર્ડ બાયોટેક કંપની દ્વારા ખુલ્લેઆમ ઝેરી અને કેમિકલયુક્ત પાણી આસપાસના ખેતરોમાં છોડવામાં આવી રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ સ્થાનિક ખેડૂતો દ્વારા કરવામાં આવ્યો છે. આ પ્રદૂષિત પાણી છોડવાના વીડિયો પણ સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે વાયરલ થયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, જેના કારણે સમગ્ર પંથકમાં ભારે રોષ ફેલાયો છે.

કંપનીની આ બેજવાબદાર અને પ્રકૃતિ વિરોધી હરકતના કારણે અન્નદાતાઓની હાલત કફોડી બની ગઈ છે. ખેડૂતોના આક્ષેપ મુજબ, ફેક્ટરીમાંથી છૂટતી ઝેરી રસાયણોવાળી ગંદકી સીધી ખેતરોમાં ફરી વળતા ત્યાં ઉગેલા ડાંગરના લહેરાતા ઊભા પાકને મોટા પાયે નુકસાન પહોંચ્યું છે. વર્ષભરની મહેનત બાદ મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવાની આઘાતજનક સ્થિતિ જોઈને ખેડૂતોની આંખોમાં પાણી આવી ગયા છે.

સુરતના સરથાણામાં દિવાળી ટાણે 'ધાબળા ગેંગ'નો આતંક

ચહેરો છુપાવી આવેલી મહિલા ચોરોએ દુકાનનું શટર વાળીને ₹1.09 લાખની મત્તા સાફ કરી

સુરત



સુરત શહેરના એવા વ્યસ્ત અને વેપારી હબ ગણાતા સરથાણા વિસ્તારમાંથી દિવાળીના મહાપર્વ ટાણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર સવાલો ખડા કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. તહેવારોનો માહોલ વચ્ચે સુરતમાં કુખ્યાત બનેલી મહિલાઓની 'ધાબળા ગેંગ' સક્રિય થઈ ગઈ છે, જેના કારણે સ્થાનિક વેપારીઓમાં ભારે ફફડાટ અને રોષ વ્યાપી ગયો છે. વહેલી સવારે ત્રાટકેલી આ મહિલા ચોરોએ એક દુકાનને નિશાન બનાવીને લાખો રૂપિયાની ચોરીને અંજામ આપ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સરથાણા વિસ્તારમાં આવેલી એક વેપારીની દુકાનને આ મહિલા ગેંગે ટાર્ગેટ બનાવી હતી. વહેલી પરોઢે જ્યારે ચારેય તરફ શાંતિ હતી ત્યારે ધાબળા ઓઢીને અને પોતાના ચહેરા સંપૂર્ણપણે છુપાવીને આવેલા આ મહિલા ચોરોએ અત્યંત ચાલાકીપૂર્વક દુકાનના શટરને વચ્ચેથી બળપૂર્વક વાળી નાખ્યું હતું. શટરનું પતરું વળી જતાં જ આરામથી અંદર પ્રવેશ કરીને આ ગેંગે દુકાનને ખાલી કરવાનું શરૂ કરી દીધું હતું. દુકાનમાં ઘૂસ્યા બાદ મહિલાઓએ કાઉન્ટર પર પડેલી રોકડ રકમ તેમજ ગ્રાહકોને આકર્ષતી કિંમતી ઈમિટેશન જ્વેલરી (આર્ટિફિશિયલ દાગીના) ને નિશાન બનાવી હતી. ગલ્લામાં રહેલા રોકડા રૂપિયા અને ઈમિટેશન જ્વેલરી મળીને કુલ 1,09,000 (એક લાખ નવ હજાર રૂપિયા) ની મત્તાની ચોરી કરીને આ મહિલાઓ પલકારામાં ફરાર થઈ ગઈ હતી. દિવાળીના તહેવાર અગાઉ વેપારીએ ધંધા માટે રાખેલી મૂડી આ પ્રકારે ચોરાઈ જતાં વેપારી પરિવાર મુશ્કેલીમાં મુકાયો છે. આ ગંભીર ચોરીની સમગ્ર ઘટના દુકાન અને આસપાસના વિસ્તારમાં લાગેલા સીસીટીવી (CCTV) કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કેવી રીતે ધાબળા ઓઢેલી મહિલાઓ ચહેરો છુપાવીને શટર તોડે છે અને ચોરીને અંજામ આપે છે. આ વાયરલ અને સ્પષ્ટ સીસીટીવી ફૂટેજના આધારે સરથાણા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

સુરતના હીરાબાગમાં જાહેર રસ્તા પર ભાડાના વિવાદમાં રક્તરંજિત ખેલ : અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

સુરત



ડાયમંડ સિટી સુરતના હીરાબાગ વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાની ધજાગિયા ઉડાડતી અને માનવતાને શરમસાર કરતી એક અત્યંત સનસનાટીભરી અને આક્રોશ જગાડનારી ઘટના સામે આવી છે. પૈસા અને ગામના ઘરના ભાડાના નજીવા વિવાદમાં સત્તા અને અહંકારના નશામાં અંધ બનેલા એક શખ્સે જાહેર રસ્તા પર જ વૃદ્ધ અને અસહાય મહિલાઓ પર હિંસક હુમલો કરીને લોહીયાળ રામાયણ સર્જી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સુરતના હીરાબાગ ખાતે આવેલી સંતલાલ સોસાયટીમાં ગામના ઘરના ભાડા અને પૈસાની આપ-લે બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી. જોકે, આ સામાન્ય વાતચીતે થોડી જ વારમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સોસાયટીમાં રહેતા પરેશ રાઘાણી નામના શખ્સે અચાનક તમામ મર્યાદાઓ ઓળંગીને હિંસક વલણ અપનાવ્યું હતું.

આરોપી પરેશ રાઘાણીએ પોતાની સામે રહેલા વડીલ-વૃદ્ધ અને મહિલાઓ પર જાહેરમાં જ આક્રમક હુમલો કરી દીધો હતો અને તેમને ઢોર માર માર્યો હતો. આરોપીએ કોઈ પણ જાતનો ખોફ રાખ્યા વગર સોસાયટીના જાહેર રસ્તા પર જ મહિલાઓ અને વૃદ્ધ પર ગુસ્સો ઠાલવીને તેમને શારીરિક ઈજાઓ પહોંચાડી હતી. કાયદાનો કે ખાખીનો કોઈ ડર ન હોય તેમ એક પુરુષ દ્વારા મહિલાઓ અને બુઝુર્ગ પર આ રીતે હુમલો કરવાની નિર્લજ્જ કરતૂતથી સમગ્ર વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો. બનાવને પગલે આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને પરિસ્થિતિ ગંભીર બની ગઈ હતી. આ હિંસક અને શરમજનક બનાવ અંગે ભોગ બનનાર પક્ષ દ્વારા તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશન ખાતે આશરો લેતાં પોલીસે મામલાની ગંભીરતા સમજીને આરોપી પરેશ રાઘાણી વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધી છે. અશ્વિનીકુમાર પોલીસે ગુનો નોંધીને આરોપી સામે ધરપકડ સહિતની આગળની કાનૂની કાર્યવાહી અત્યંત ઝડપથી હાથ ધરી છે.

આણંદ જિલ્લાના નાપા-તળપદ ગામમાં હિંસક અથડામણ

એકતાનગરમાં એક જ કોમના બે જૂથો સામસામે આવી જતાં જૂથ અથડામણ : ભારે પથ્થરમારો અને તોડફોડ

આણંદ



આણંદ જિલ્લાના બોરસદ/આણંદ પંથકમાં આવેલા નાપા-તળપદ ગામના એકતાનગર વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી હોય તેવી એક અત્યંત ગંભીર અને ચિંતાજનક ઘટના સામે આવી છે. નાપા-તળપદ ગામના એકતાનગરમાં નજીવી બાબતે કે જૂની મનદુખને લઈને એક જ કોમના બે જૂથો વચ્ચે અચાનક તીખી બોલાચાલી થઈ હતી, જે જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને હિંસક મારામારી અને જૂથ અથડામણમાં પરિણમી હતી.

ઘટનાની મળતી વિગતો અનુસાર, બોલાચાલી બાદ બંને જૂથના લોકો લાકડીઓ, પાઈપો અને ધારિયા જેવા પ્રાણઘાતક હથિયારો સાથે સામસામે આવી ગયા હતા. વાતાવરણ એટલું ઉશ્કેરાઈ ગયું હતું કે બંને પક્ષે સામસામે ભારે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ હિંસક અથડામણમાં રસ્તા પર ઊભેલા વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી, જેના કારણે વિસ્તારમાં નાસભાગ અને ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં બંને બાજુના કેટલાક લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે, જેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતાં જ આણંદ જિલ્લા પોલીસનો મોટો કાફલો, સ્થાનિક પોલીસ મથકની ટીમો અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે હળવો બળપ્રયોગ કરીને ઉશ્કેરાયેલા ટોળાને વિખેર્યું હતું અને સમગ્ર એકતાનગર વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દીધો હતો. ગામમાં ફરી કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને શાંતિ જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

તંત્રી લેખ...


રાજકોટમાં દારૂ પાર્ટી પર દરોડો અને હવે...?: ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર કે કાયદો માત્ર ગરીબો માટે જ? ઊઠતા સવાલો અને જનતાનો આક્રોશ

સંસ્કારી નગરી ગણાતા રાજકોટમાં તાજેતરમાં જ એક હાઈ-પ્રોફાઈલ દારૂ પાર્ટી પર પોલીસના દરોડાની ધડાકાભેર ઘટના સામે આવ્યા બાદ સમગ્ર ગુજરાતના રાજકારણમાં અને સામાજિક બેડામાં ભૂકંપ સર્જાયો છે. આ દરોડાએ રાજ્યમાં કાગળ પર ચાલી રહેલી દારૂબંધીના દાવાઓની ધજાગિયા ઉડાવી દીધી છે. ઘટના બાદ સામાન્ય જનતાથી લઈને સોશિયલ મીડિયા સુધી ચારેય તરફ એક જ સવાલ ગુંજી રહ્યો છે - 'રાજકોટમાં દારૂ પાર્ટી પર દરોડો અને હવે આગળ શું...???'

આ પ્રકરણ બહાર આવ્યા બાદ રાજ્યભરમાંથી જે પ્રતિક્રિયાઓ અને લોકઆક્રોશ સામે આવી રહ્યા છે, તેણે પ્રશાસન અને સરકારની નીતિઓ સામે ગંભીર સવાલો ખડા કરી દીધા છે. જનતા અને વિભિન્ન વર્ગોમાંથી નિકળી રહેલા અવાજોને જોતા ગુજરાતની સુરક્ષા વ્યવસ્થા પર કાળી ડાઘ લાગી ગઈ છે.

જનતા અને વિરોધ પક્ષોમાંથી ઉઠતા આક્રમક સવાલો અને પ્રતિક્રિયાઓ:

1. દારૂબંધી સદંતર હટાવી નાખો:



ગુજરાતમાં કાગળ પર ડ્રાય સ્ટેટ (દારૂબંધી) હોવાના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. ઘેર-ઘેર, ફાર્મહાઉસ અને હોટેલોમાં બેફામ દારૂની નદીઓ વહી રહી છે ત્યારે ઈમાનદાર નાગરિકોનો એક જ સવાલ છે કે જ્યારે કાયદો કડક અમલમાં જ નથી આવતો, તો પછી આ દેખાડાની દારૂબંધી સદંતર હટાવીને છૂટ કેમ નથી આપી દેવામાં આવતી?

2. તપાસના નામે ચાલતી 'ઉઘરાણી' બંધ કરો:

આક્ષેપો થઈ રહ્યા છે કે મોટા પકડાયેલા કેસોમાં પોલીસ કે તપાસ એજન્સીઓ દ્વારા અસલી માસ્ટરમાઈન્ડ સુધી પહોંચવાને બદલે માત્ર કાગળ પર ખાતાવહી કરીને 'સેટિંગ'ના નામે હપ્તાબંધી અને વસુલાતનો ખેલ ખેલાય છે. તપાસના નામે ચાલતી આ ભ્રષ્ટ ઉઘરાણીઓ હવે બંધ થવી જોઈએ.

3. તમામ આરોપીઓનો જાહેરમાં વરઘોડો કાઢો:

સામાન્ય ગુનેગારો કે સામાન્ય બુટલેગરો પકડાય ત્યારે પોલીસ તુરંત તેમનો વરઘોડો કાઢવામાં અતિશય ઉત્સાહ બતાવે છે, પરંતુ જ્યારે કોઈ હાઈ-પ્રોફાઈલ અથવા તો રાજકીય વગ ધરાવતા અમીરોના પુત્રો દારૂની મહેફિલમાં પકડાય છે, ત્યારે પોલીસ કેમ નરમ પડી જાય છે? તમામ હાઈ-પ્રોફાઈલ આરોપીઓનો પણ કાયદાનો ડર બેસાડવા જાહેરમાં વરઘોડો કાઢવામાં કેમ નથી આવતો?

4. બહેન-દીકરીઓને આમ બદનામ ના કરો:

દારૂ પાર્ટીના દરોડા બાદ અનેક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ અને અસંખ્ય માધ્યમોમાં તેમાં ઉપસ્થિત રહેલી યુવતીઓ અને મહિલાઓની ઓળખ ઉજાગર કરવામાં આવી છે, જેને લઈને સામાજિક સ્તરે ભારે રોષ છે. કાયદાકીય તપાસ પોતાની જગ્યાએ છે, પરંતુ કોઈપણ મહિલા કે દીકરીઓની પ્રાઈવસી અને સન્માન સાથે ચેડાં કરીને તેમને આ પ્રકારે બદનામ કરવાનો અધિકાર કોઈને નથી.

5. પોલીસના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે 'સેટિંગ' થયું:

રાજકોટની આ હાઈ-પ્રોફાઈલ ઘટના પાછળ સ્થાનિક પોલીસ મથકથી લઈને ઉચ્ચ સ્તરીય અધિકારીઓ વચ્ચે આંતરિક ખટપટ અને 'મલાઈદાર વેટિંગ' કે 'સેટિંગ'ના સમીકરણો કામ કરી રહ્યા હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. કયા અધિકારીએ કોને બચાવવા માટે ફાઈલો દબાવી તેની ન્યાયિક તપાસ અનિવાર્ય બની છે.

6. કોઈ જમીનના વિવાદ કે ખંડણીમાં દરોડો પડાવવામાં આવ્યો?:

આ પાર્ટી રેડને લઈને એક નવો જ ઘટસ્ફોટ એવો થઈ રહ્યો છે કે આ કોઈ નિયમિત એન્ટી-લિક્વોર ડ્રાઈવ નહોતી, પરંતુ બે જૂથો વચ્ચેની અદાવત, જમીન વિવાદ કે આર્થિક લેવડદેવડ અને ખંડણીના ખેલના ભાગરૂપે આખી બાતમી ફેલાવીને જાણી જોઈને દરોડો પડાવવામાં આવ્યો હતો. જો આ વાત સાચી હોય તો પોલીસ તંત્રનો અંગત હિતો માટે દુરુપયોગ થતો હોવાની આ સૌથી ભયાનક નિશાની છે.

7. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી રાજીનામું આપે:

ગુજરાતમાં કડક કાયદાકીય વ્યવસ્થા અને બુટલેગરોની કમર તોડવાના મોટા દાવાઓ પોલા સાબિત થતાં વિપક્ષી નેતાઓ અને જનતા દ્વારા હવે સીધી માંગ ઉઠાવવામાં આવી રહી છે કે જો પોલીસ તંત્ર પર રાજકીય અંકુશ ન રહેતો હોય અને ખુલ્લેઆમ હાઈ-પ્રોફાઈલ પાર્ટીઓ ધમધમતી હોય, તો તેની નૈતિક જવાબદારી સ્વીકારીને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ.

નિષ્કર્ષ: કાયદો માત્ર કાગળ પર અને ગરીબો માટે જ?

આ તમામ પરિસ્થિતિ અને જનતાની પ્રતિક્રિયાઓ પરથી એ સ્પષ્ટ થઈ જાય છે કે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો આજે માત્ર ગરીબ મજૂરો અને નાના બુટલેગરો પર જ સકંજો કસવા માટે મર્યાદિત બની રહ્યો છે, જ્યારે પૈસા અને પહોંચ ધરાવતા હાઈ-પ્રોફાઈલ લોકો માટે આ કાયદો માત્ર એક મજાક બનીને રહી ગયો છે.

રાજકોટની આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે સિસ્ટમની અંદર ક્યાંક ને ક્યાંક મોટો સડો બેઠો છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર આ મામલે કોઈ કડક અને દાખલારૂપ પગલાં ભરે છે કે પછી કાગળ પરના કાયદાની જેમ આ મામલો પણ ધૂળ ખાતો થઈ જશે!

- ગ્રુપ એડિટર પવન માકન

શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય – 15 (પુરુષોત્તમ યોગ)

પદ, પ્રતિષ્ઠા અને સંપત્તિથી પરે: આખરે મનુષ્યનું સાચું અસ્તિત્વ શું છે? મોહની ડાળીઓ કાપો, મુક્તિનાં મૂળ સુધી પહોંચો!

માણસ આખી જિંદગી સંસારની ડાળીઓ પકડી રાખે છે, પરંતુ મુક્તિ ત્યારે મળે છે જ્યારે તે આસક્તિનાં બંધનો કાપતાં શીખે છે.

ઊંધું અશ્વત્થ વૃક્ષ: સંસારનું સૌથી મોટું રહસ્ય!

અધ્યાય ૧૩માં આપણે શરીર (ક્ષેત્ર) અને આત્મા (ક્ષેત્રજ્ઞ) વચ્ચેનો ભેદ સમજ્યો. અધ્યાય ૧૪માં પ્રકૃતિના ત્રણ ગુણો દ્વારા આપણા સ્વભાવ અને વર્તનનું રહસ્ય જાણ્યું. હવે અધ્યાય ૧૫માં ભગવાન શ્રીકૃષ્ણ સમગ્ર સંસારની રચનાનું એક અદભુત રહસ્ય સમજાવે છે. શ્રીકૃષ્ણ સંસારની સરખામણી એક ઊંધા અશ્વત્થ વૃક્ષ સાથે કરે છે, જેના મૂળિયાં ઉપર છે અને ડાળીઓ નીચે ફેલાયેલી છે.સામાન્ય વૃક્ષનાં મૂળ જમીનમાં અને ડાળીઓ આકાશ તરફ હોય છે, પરંતુ અહીં શ્રીકૃષ્ણ સંસારને ઊંધા વૃક્ષ તરીકે વર્ણવે છે. તેનું મૂળ પરમાત્મામાં છે અને તેની શાખાઓ સમગ્ર સંસાર, સંબંધો, ઈચ્છાઓ, કર્મો અને ભૌતિક જીવનમાં વિસ્તરેલી છે. નદીના પાણીમાં ઊભેલા વૃક્ષનું પ્રતિબિંબ જુઓ. વાસ્તવિક વૃક્ષ ઉપર હોય છે, પરંતુ પાણીમાં તેનું પ્રતિબિંબ ઊંધું દેખાય છે. એ જ રીતે આ ભૌતિક સંસારને પરમ તત્ત્વના આધારે સમજાવી શકાય છે. આપણે પ્રતિબિંબને જ વાસ્તવિકતા માનીને તેમાં અટવાઈ જઈએ છીએ અને મૂળ સત્યને ભૂલી જઈએ છીએ. માણસ આખી જિંદગી ઘર બનાવવામાં, સંપત્તિ ભેગી કરવામાં, પદ મેળવવામાં અને સમાજમાં પોતાની ઓળખ ઊભી કરવામાં વિતાવી દે છે. પરંતુ જે શરીર માટે આટલી દોડધામ કરે છે, એ શરીર પણ એક દિવસ નાશવંત છે.

આપણે ડાળીઓને પોતાનું સર્વસ્વ માની બેઠા છીએ, જ્યારે આપણું સાચું અસ્તિત્વ તો તેનાં મૂળને ઓળખવામાં રહેલું છે.

સંસારનું બંધન વસ્તુઓમાં નહીં, આસક્તિમાં છે!

આ સંસારરૂપી વૃક્ષને પ્રકૃતિના ત્રણ ગુણો - સત્ત્વ, રજસ અને તમસ પોષે છે. તેની શાખાઓનો વિસ્તાર ઈચ્છાઓ, કર્મો અને વિષયવાસનાઓ દ્વારા થતો રહે છે.એક ઈચ્છા પૂરી થાય ત્યાં બીજી ઈચ્છા જન્મે છે. સંપત્તિ મળે તો વધુ સંપત્તિ જોઈએ, પદ મળે તો વધુ ઊંચું પદ જોઈએ અને પ્રશંસા મળે તો સતત પ્રશંસાની અપેક્ષા રહે છે.આ દોડનો કોઈ અંત નથી! એક વ્યક્તિ આખી જિંદગી પોતાના પરિવાર માટે મહેનત કરે છે. સંતાનોને ભણાવે છે, ઘર બનાવે છે અને સંપત્તિ ભેગી કરે છે. આ બધું કર્તવ્ય છે. પરંતુ જ્યારે તે પોતાની ખુશી અને શાંતિને માત્ર સંતાનોની સફળતા સાથે જોડી દે છે, ત્યારે અપેક્ષાઓનું બંધન શરૂ થાય છે.

સંતાન પોતાની પસંદગીનો માર્ગ પસંદ કરે તો દુ:ખ, પોતાની ઈચ્છા પ્રમાણે ન વર્તે તો ગુસ્સો અને પોતાની વાત ન માને તો સંબંધોમાં કડવાશ!

પ્રેમ ધીમે ધીમે અધિકારમાં અને અધિકાર આસક્તિમાં પરિવર્તિત થઈ જાય છે.

આ જ મોહ છે.

શ્રીકૃષ્ણ આ મોહરૂપી વૃક્ષને કાપવા માટે 'અસંગ શસ્ત્ર' એટલે કે અનાસક્તિ અને વૈરાગ્યનું શસ્ત્ર બતાવે છે.



અહીં વૈરાગ્યનો અર્થ ઘર-પરિવાર છોડીને જંગલમાં જવું એવો નથી. વૈરાગ્ય એટલે સંસારમાં રહીને પણ સંસારના મોહમાં ન બંધાવું. સંબંધો નિભાવો, પરંતુ માલિકીભાવ ન રાખો. સંપત્તિ કમાઓ, પરંતુ અહંકાર ન રાખો. કર્તવ્ય નિભાવો, પરંતુ આસક્તિના ગુલામ ન બનો.

વૈરાગ્ય એટલે ભાગવું નહીં, મોહ સામે જીતવું!

ઘણા લોકો માને છે કે આધ્યાત્મિક બનવું એટલે દુનિયાથી દૂર થઈ જવું. પરંતુ ગીતા આપણને જવાબદારીઓથી ભાગવાનું નહીં, પરંતુ જવાબદારીઓ વચ્ચે નિર્લેપ રહેવાનું શીખવે છે. રાજા જનક તેનું ઉત્તમ ઉદાહરણ છે. તેઓ વિશાળ રાજ્યનું સંચાલન કરતા હતા, છતાં આંતરિક રીતે આસક્તિથી પર હતા. તેથી તેમને 'વિદેહી' તરીકે ઓળખવામાં આવે છે. આપણે પણ જીવનમાં સંપત્તિ કમાઈએ, પરંતુ સંપત્તિનો અહંકાર આપણને ન ચલાવે. પદ મેળવીએ, પરંતુ પદ આપણા વ્યક્તિત્વને ન ગળી જાય. સંબંધો નિભાવીએ, પરંતુ અપેક્ષાઓના ભારથી પોતાની શાંતિ ન ગુમાવીએ.

વસ્તુઓનો ઉપયોગ કરો, પરંતુ વસ્તુઓને તમારી ઓળખ ન બનવા દો.સંસારમાં રહેવું એ બંધન નથી, પરંતુ સંસારને જ પોતાનું સર્વસ્વ માની લેવું એ બંધન છે.

ક્ષર, અક્ષર અને પુરુષોત્તમ: અસ્તિત્વનાં ત્રણ મહાન સત્ય!

(૧) ક્ષર પુરુષ - જેનો ક્ષય થાય છે:

આ સમગ્ર નાશવંત ભૌતિક જગત છે. શરીર, સંપત્તિ, પદ, પ્રતિષ્ઠા અને દુનિયાની તમામ ભૌતિક વસ્તુઓ પરિવર્તનશીલ છે.આજે જે સત્તા અને સન્માન આપણાં હાથમાં છે, તે કાલે બીજાના હાથમાં હોઈ શકે છે. એક અધિકારીને પોતાના પદનો એટલો અહંકાર હોય કે તેની આસપાસના લોકો તેને માન આપે છે એટલે તે પોતાને મહાન સમજવા લાગે. પરંતુ નિવૃત્તિ પછી પદ જતું રહે છે અને તેને સમજાય છે કે પદ અને વ્યક્તિગત વ્યક્તિત્વ બંને અલગ છે.પદ કાયમી નથી, પરંતુ પદ પર રહીને બનાવેલું વ્યક્તિત્વ લાંબા સમય સુધી યાદ રહે છે.

અક્ષર પુરુષ - અવિનાશી જીવાત્મા:

શરીર નાશવંત છે, પરંતુ આત્મા અવિનાશી છે. જીવાત્મા શરીરથી અલગ છે અને શરીરના નાશથી તેનો નાશ થતો નથી.જેમ માણસ જૂનાં વસ્ત્રો બદલીને નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેમ આત્મા પણ જૂનું શરીર છોડીને નવું શરીર ધારણ કરે છે.આ સમજણ આપણને શરીર કરતાં આત્માની ઓળખનું મહત્ત્વ સમજાવે છે.

પુરુષોત્તમ - સર્વોચ્ચ પરમ તત્ત્વ:

ક્ષર અને અક્ષર બંનેથી પર જે સર્વોચ્ચ પરમાત્મા છે, તે પુરુષોત્તમ છે.શ્રીકૃષ્ણ પોતાને આ સર્વોચ્ચ પુરુષોત્તમ તરીકે ઓળખાવે છે.સૂર્યને પ્રકાશ આપનાર, ચંદ્રમાં શીતળતા આપનાર અને સમગ્ર સૃષ્ટિને ધારણ કરનાર પરમ તત્ત્વ એ જ છે.જેમ એક જ વીજળીના આધારે ઘરમાં પંખો, લાઈટ અને અન્ય સાધનો અલગ-અલગ કાર્ય કરે છે, તેમ સમગ્ર સૃષ્ટિમાં અનેક રૂપો અને વિવિધતાઓ હોવા છતાં તેનો મૂળ આધાર એક જ પરમાત્મા છે.રૂપ અનેક છે, પરંતુ મૂળ તત્ત્વ એક છે. આ જ પુરુષોત્તમ યોગની ઊંડી સમજ છે.

આત્માની યાત્રા: શરીર બદલાય છે, સંસ્કારોની યાત્રા ચાલુ રહે છે!

આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ જીવાત્માની એક મહત્ત્વપૂર્ણ વાત સમજાવે છે.જેમ પવન પોતાની સાથે ફૂલોની સુગંધ લઈ જાય છે, તેમ જીવાત્મા એક શરીર છોડતી વખતે મન અને ઈન્દ્રિયોના સંસ્કારોને પોતાની સાથે લઈ જાય છે અને બીજા શરીરમાં પ્રવેશ કરે છે.મનુષ્ય જેવું વિચારે છે, જેવાં કર્મો કરે છે અને જેવી વૃત્તિઓ કેળવે છે, તે તેના આધ્યાત્મિક અસ્તિત્વ સાથે જોડાયેલી રહે છે.આથી જીવન માત્ર ભૌતિક સુખ ભેગાં કરવાની યાત્રા નથી, પરંતુ પોતાના વિચારો, કર્મો અને ચેતનાને શુદ્ધ કરવાની યાત્રા પણ છે.શરીરનો અંત આવે છે, પરંતુ આત્માની યાત્રા શરીરના અંત સાથે સમાપ્ત થતી નથી.

ઈશ્વર માત્ર મંદિરમાં નથી, આપણા હૃદયમાં પણ છે!

આ અધ્યાયનો અત્યંત સુંદર સંદેશ એ છે કે પરમાત્મા સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત છે અને દરેક જીવના હૃદયમાં નિવાસ કરે છે. સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મૃતિનો આધાર પણ તેઓ જ છે.કૃષ્ણ કહે છે કે હું જ પૃથ્વીમાં પ્રવેશીને તમામ જીવોને ધારણ કરું છું અને ચંદ્રરૂપે ઔષધિઓને પોષણ આપું છું. સૂર્યનું તેજ પણ મારું જ છે.આપણે ઘણીવાર સુખમાં ઈશ્વરને ભૂલી જઈએ છીએ અને મુશ્કેલી આવે ત્યારે તેમને યાદ કરીએ છીએ. જાણે ઈશ્વર માત્ર મુશ્કેલીના સમયે જ યાદ કરવા માટે હોય! પરંતુ સાચી ભક્તિ એ છે કે સુખમાં અહંકાર ન આવે અને દુ:ખમાં શ્રદ્ધા ન તૂટે. એક વ્યક્તિને અચાનક મોટો વ્યવસાયિક લાભ થાય છે. તે પોતાની બુદ્ધિ અને મહેનતનો જ મહિમા ગાવા લાગે છે. પરંતુ જ્યારે મુશ્કેલી આવે ત્યારે તેને સમજાય છે કે જીવનમાં દરેક બાબત માત્ર આપણા નિયંત્રણમાં નથી. મહેનત કરવી આપણા હાથમાં છે, પરંતુ દરેક પરિણામને નિયંત્રિત કરવું આપણા હાથમાં નથી.ઈશ્વરને માત્ર મુશ્કેલીમાં યાદ કરવી એ શ્રદ્ધાની શરૂઆત છે, પરંતુ દરેક પરિસ્થિતિમાં તેમની હાજરી અનુભવવી એ આધ્યાત્મિક જાગૃતિ છે.

સૌથી મોટો અંધકાર અજ્ઞાનનો છે!

આપણે બીજાની ભૂલો તરત જોઈ લઈએ છીએ, પરંતુ પોતાની અંદર રહેલા મોહ, અહંકાર અને સ્વાર્થને ઓળખી શકતા નથી. બીજાની સંપત્તિ જોઈને ઈર્ષ્યા થાય છે, બીજાની સફળતા જોઈને દુ:ખ થાય છે અને કોઈ આપણાથી આગળ નીકળી જાય તો મનમાં અસંતોષ જન્મે છે.પરંતુ ક્યારેય પોતાને પૂછીએ છીએ કે હું જે મેળવવા માટે દોડી રહ્યો છું, તે ખરેખર મારી જરૂરિયાત છે કે માત્ર મારી ઈચ્છા? આ જ પ્રશ્ન આપણને આત્મચિંતન તરફ લઈ જાય છે.આપણે આખી જિંદગી વૃક્ષનાં પાંદડાંને પાણી પીવડાવીએ છીએ, પરંતુ મૂળને ભૂલી જઈએ છીએ. જ્યારે વૃક્ષને સાચે લીલુંછમ રાખવું હોય તો પાણી મૂળમાં રેડવું પડે.એ જ રીતે માત્ર બહારની સફળતા, સંપત્તિ અને પ્રતિષ્ઠા પાછળ દોડવાથી જીવનમાં સાચી શાંતિ મળતી નથી. આંતરિક ચેતના અને પરમાત્મા સાથેનું જોડાણ જ જીવનને સાચી દિશા આપે છે.

જે પોતાની ઈચ્છાઓ પર વિજય મેળવી શકતો નથી, તે દુનિયા જીતીને પણ અંદરથી પરાજિત જ રહે છે.

ડાળીઓ નહીં, મૂળને ઓળખો!

પુરુષોત્તમ યોગ આપણને જીવનનાં ત્રણ મહત્ત્વનાં સત્યો સમજાવે છે

જે નાશવંત છે તેને કાયમી માનીને અહંકાર ન કરવો.

શરીરથી અલગ રહેલા અવિનાશી આત્માને ઓળખવો.

સમગ્ર સૃષ્ટિના સર્વોચ્ચ આધાર એવા પરમાત્મા સાથે જોડાવું.

જીવનમાં બધું મેળવો, પરંતુ બધું જ પોતાનું છે એવો મોહ ન રાખો. સંબંધો નિભાવો, પરંતુ અપેક્ષાઓમાં પોતાની શાંતિ ન ગુમાવો. સફળતા મેળવો, પરંતુ અહંકારમાં પોતાની ઓળખ ન ભૂલો. કારણ કે એક દિવસ પદ, પૈસા, પ્રતિષ્ઠા અને ભૌતિક સુખ બધું પાછળ રહી જશે. ત્યારે તમારી સાથે શું જશે? તમારાં કર્મો અને આત્માની આધ્યાત્મિક યાત્રા!

સંસારની ડાળીઓ પર જીવન વિતાવવું સહેલું છે, પરંતુ પોતાના અસ્તિત્વનાં મૂળ સુધી પહોંચવું એ જ સાચી આધ્યાત્મિક સિદ્ધિ છે.

આ જ પુરુષોત્તમ યોગનો અમૂલ્ય સંદેશ છે!

ક્રમશ:...

આગામી અધ્યાય ૧૬ (દૈવાસુર સંપદ્ વિભાગ યોગ)માં આપણે જાણીશું:

'મનુષ્યની અંદર જ દેવત્વ અને આસુરી વૃત્તિઓનો સંઘર્ષ કેમ ચાલે છે? અભય, સત્ય, દયા અને વિનમ્રતા જેવા દૈવી ગુણો આપણને ઉન્નતિ તરફ કેવી રીતે લઈ જાય છે? અને અહંકાર, ક્રોધ, દંભ તથા લોભ જેવી આસુરી વૃત્તિઓ મનુષ્યના પતનનું કારણ કેવી રીતે બને છે?'

દર્શના પટેલ

(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર

જાહેર જનતાની આંખોમાં ધૂળ નાખીને સિંહાસને બેઠેલા ઝૂઠ્ઠા સત્તાધીશો: શું આ માનવરૂપી રાક્ષસો આતંકવાદીઓ કરતા પણ વધુ ખતરનાક અને દેશ માટે અભિશાપ છે?

પાક્કો ગુજરાત ન્યૂઝ બ્યુરો

કોઈપણ રાષ્ટ્રની બરબાદી બહારના દુશ્મનોની ગોળીઓથી નથી થતી, પરંતુ તે સિદ્ધાસન પર બેસીને દેશની પ્રજા સાથે પવિત્ર વિશ્વાસઘાત કરનારા એ સ્વાર્થી અને પાખંડી સત્તાધીશોના કાળા કારનામાથી થાય છે, જેઓ પોતાના અહંકાર અને ખુરશી બચાવવા માટે ખુલ્લેઆમ ધોળે દિવસે ઝૂઠ બોલે છે. આજના આધુનિક અને લોકશાહી યુગમાં એક સૌથી મોટો અને સળગતો સવાલ સમગ્ર દેશના જાગૃત નાગરિકોની સામે ઊભો થયો છે– શું જાહેરમાં નિર્લજ્જ થઈને જૂઠ બોલનારા સત્તાધીશો સરહદ પર લડતા કે અંદર છુપાયેલા આતંકવાદીઓ કે પૌરાણિક રાક્ષસો કરતા પણ વધારે ભયાનક અને દેશ માટે જોખમી છે?

આનો કડવો અને ડામાડોળ કરનારો જવાબ એ છે કે, હા! આજના સમયમાં આવા ઝૂઠ્ઠા શાસકો રાક્ષસો અને આતંકવાદીઓ કરતા પણ હજાર ગણા વધુ ખતરનાક સાબિત થઈ રહ્યા છે.

આતંકવાદી અને રાક્ષસનો ચહેરો ખુલ્લો હોય છે, પણ સત્તાધીશનો ચહેરો છદ્મવેશી હોય છે!

ઈતિહાસ કે વર્તમાનકાળ સાક્ષી છે કે રાક્ષસો અને આતંકવાદીઓ હંમેશાં ખુલ્લી તલવાર લઈને દુશ્મન બનીને સામે આવે છે. તેમની ક્રૂરતા અને અસુરતા જગજાહેર હોય છે, જેથી જનતા પણ સાવચેત રહે છે. પરંતુ, લોકશાહીના પવિત્ર મુખોટા પાછળ છુપાયેલા કેટલાક એવા લેભાગુ અને સત્તાના નશામાં ચૂર સત્તાધીશો હોય છે, જેઓ મોઢા પર દેશભક્તિ અને વિકાસના મહોરા પહેરે છે અને અંદરથી પ્રજાના લોહીની એક એક બુંદ ચૂસતા હોય છે.

જ્યારે દેશનો વડા કે સત્તાના સર્વોચ્ચ શિખરે બેઠેલો શખ્સ જનતાની આંખોમાં આંખ નાખીને સરેઆમ મોટું જૂઠ બોલે છે, ત્યારે તે માત્ર એક નિવેદન નથી હોતું, પરંતુ તે આખા દેશની કરોડરજ્જુ તોડી નાખવાનું એક વ્યવસ્થિત કાવતરું હોય છે.

વિકાસ અને કલ્યાણના બણગાં: હકીકતમાં પ્રજાની લાશો પર ખેલાતો સત્તાનો ખેલ

દેશની ભોળી જનતાને રોજગાર, સુરક્ષા, મોંઘવારીમાંથી મુક્તિ અને સારા દિવસોના સપના બતાવીને સત્તા હસ્તગત કરનારા આ નેતાઓ જ્યારે વાસ્તવિકતામાં નિષ્ફળ જાય છે, ત્યારે તેઓ સત્ય સ્વીકારવાને બદલે અસત્યનો સહારો લે છે.

દેશના યુવાનો બેરોજગારીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે, છતાં 'રોજગારના લાખો અવસર આપ્યા' તેવી જૂઠી ડંફાશો મારવામાં આવે છે.

મોંઘવારીના દાવાનળમાં પિસાઈ રહેલી ગૃહિણીઓ અને શ્રમિકો સામે જોઈને 'અર્થવ્યવસ્થા મજબૂત છે' તેવું નિર્લજ્જ જૂઠ બોલવામાં આવે છે.

ભ્રષ્ટાચારના ડુંગરો નીચે દબાયેલી સિસ્ટમને છુપાવવા માટે ઈમાનદારીના સર્ટીફિકેટ વહેંચવામાં આવે છે.

આ પ્રકારનું ખુલ્લું અને ધોળા દિવસે બોલાતું જૂઠ માત્ર શબ્દોની માયાજાળ નથી, પરંતુ તે દેશના કરોડો નાગરિકોના વિશ્વાસ સાથેની સૌથી મોટી છેતરપિંડી છે.

આતંકવાદી શરીરને મારે છે, પણ ઝૂઠ્ઠા સત્તાધીશો આખી પેઢીની વિચારસરણીને નપુંસક બનાવી દે છે!

ગામડાંની ચોરાયેલી સાંજ અને શહેરોની દોડધામ: ક્યાં ખોવાઈ ગયું આપણું બાળપણ!

એક સમય હતો જ્યારે ગામડાંની સાંજ માત્ર દિવસ પૂરો થવાનો સંકેત નહોતી, પરંતુ જીવનની સૌથી સુંદર ક્ષણોનો આરંભ હતી. સૂર્યાસ્ત થતાં જ ગામની શેરીઓમાં બાળકોની રમતો શરૂ થતી, ઓટલા પર વડીલોની બેઠકો જામતી અને ઘરના આંગણે પરિવારજનો વચ્ચે સુખ-દુ:ખની વાતો વહેંચાતી. એ સાદગીભર્યા જીવનમાં પૈસાની સમૃદ્ધિ કદાચ ઓછી હતી, પરંતુ લાગણીઓની સમૃદ્ધિ અઢળક હતી. આજે સમય બદલાયો છે. ગામડાં પણ આધુનિકતાની દિશામાં આગળ વધી રહ્યાં છે. મોબાઈલ, ઈન્ટરનેટ, વાહનો અને નવી સુવિધાઓએ જીવનને સરળ બનાવ્યું છે, પરંતુ આ બદલાવ વચ્ચે ક્યાંક આપણી પરંપરાગત જીવનશૈલીની મીઠાશ ઓછી થતી જાય છે. ગામની શેરીઓમાં રમતાં બાળકોની સંખ્યા ઘટી છે, ઓટલાની બેઠકોનું સ્થાન મોબાઈલની સ્ક્રીને લીધું છે અને સામસામે બેસીને વાતો કરવાની પરંપરા ધીમે ધીમે ઓસરતી જાય છે. એક સમય હતો જ્યારે બાળકોને રમવા માટે મોંઘાં રમકડાંની જરૂર પડતી નહોતી. લખોટી, ગીલીદંડા, સંતાકૂકડી, ખોખો અને કબડ્ડી જેવી રમતોમાં આખું બાળપણ પસાર થઈ જતું. આજે બાળકો પાસે મોંઘાં મોબાઈલ અને આધુનિક ગેમ્સ છે, પરંતુ ખુલ્લા મેદાનમાં દોડવાની, મિત્રો સાથે હસવાની અને હાર-જીતમાંથી શીખવાની મજા ક્યાંક પાછળ રહી ગઈ છે. ગામડાંની સાચી ઓળખ માત્ર તેની શેરીઓ, ખેતરો કે મકાનોમાં નથી, પરંતુ ત્યાંના લોકોની આત્મીયતામાં છે. કોઈના ઘરે પ્રસંગ હોય તો આખું ગામ સહભાગી બનતું, કોઈના ઘરે મુશ્કેલી આવે તો પડોશીઓ મદદ માટે દોડી આવતા. સંબંધો માટે આમંત્રણની રાહ જોવી પડતી નહોતી. આજે સંપર્કોની સંખ્યા વધી છે, પરંતુ આત્મીયતાનો વ્યાપ જાણે સંકોચાતો જાય છે.

શહેરોની દોડધામે માણસને વ્યસ્ત બનાવ્યો છે. રોજગાર, વ્યવસાય, સ્પર્ધા અને સફળતાની દોડમાં દિવસ ક્યાં પૂરો થઈ જાય છે તેની ખબર પણ પડતી નથી. શહેરોમાં સુવિધાઓ છે, તકો છે અને વિકાસની ગતિ છે, પરંતુ એ જ ગતિ વચ્ચે માણસ પોતાની જાત સાથે અને પોતાના સ્વજનો સાથે સમય વિતાવવાનું ભૂલતો જાય છે. આધુનિકતા અપનાવવી ખોટી નથી, પરંતુ આધુનિકતાના નામે આપણી સંસ્કૃતિ, સંબંધો અને બાળપણની નિર્દોષ ખુશીઓને ભૂલી જવું યોગ્ય નથી. આવનારી પેઢીને માત્ર ટેક્નોલોજીનો પરિચય નહીં, પરંતુ ગામડાંની સંસ્કૃતિ, સામૂહિક જીવન અને માનવીય મૂલ્યોનો વારસો આપવો પણ એટલો જ જરૂરી છે. કારણ કે ગામડાંની સાંજ માત્ર સૂર્યાસ્ત સાથે પૂરી થતી નહોતી, એ તો સંબંધો, સંસ્કારો અને સંસ્મરણોથી ભરેલા જીવનનો એક સુંદર અધ્યાય હતી. આજે જરૂર છે ફરી એક વાર ઓટલાઓને જીવંત કરવાની, બાળકોને મેદાનો તરફ વાળવાની અને પરિવાર સાથે બેસીને વાતો કરવાની પરંપરા જાળવવાની. વિકાસની દોડમાં આગળ વધીએ, પરંતુ આપણા મૂળિયાંને ભૂલીએ નહીં. આખરે, બાળપણ ફરી પાછું આવતું નથી અને ગામડાંની એ નિર્દોષ સાંજ પણ સમયની સાથે યાદોમાં જ જીવંત રહે છે.

- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ

'25 કરોડ ઘૂસપેઠિયાઓને દેશમાંથી રવાના કરી બતાવો તો હું સલામ કરું!'

ચૂંટણી પંચના SIR અને ડેટા વિવાદ વચ્ચે કેન્દ્ર સરકાર સામે સળગતા સવાલોનો પ્રચંડ અહેવાલ

દેશના રાજકારણમાં હાલ જે વિવાદાસ્પદ અને ગરમાગરમ માહોલ છવાયેલો છે, તેમાં તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા આપવામાં આવેલા નિવેદનોએ ભારે ચકચાર મચાવી દીધી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગત ૧૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ યોજાયેલી એક પત્રકાર પરિષદમાં આક્રમક અંદાજમાં એવું નિવેદન આપ્યું હતું કે, "રાહુલ ગાંધી ઘૂસપેઠિયાઓનો બચાવ કરી રહ્યા છે અને તેને રક્ષણ પૂરું પાડી રહ્યા છે ૨૦૨૯ની સામાન્ય ચૂંટણીમાં અમે (NDA) પ્રચંડ બહુમતી સાથે સત્તામાં પાછા આવીશું." જ્યારે દેશના અલગ-અલગ હિસ્સાઓમાં ચૂંટણી પંચની કામગીરી અને અધિકારીઓના પગલાં સામે ભારે વિરોધ અને પ્રચંડ જનઆક્રોશ જોવા મળી રહ્યો છે, ત્યારે મૌન તોડવું અનિવાર્ય બનતાં અમિત શાહે આ નિવેદનો આપ્યા હતા. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે શું આ માત્ર રાજકીય દૂષણો છુપાવવાની રણનીતિ છે કે પછી વાસ્તવિકતાથી લોકોનું ધ્યાન ભટકાવવાનો ખેલ? ૧. સાડા ૧૩ કરોડથી ૨૫-૩૦ કરોડ ઘૂસપેઠિયાઓનો આંકડો: ગણિત ક્યાં બેસે છે? ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી 'સ્પેશિયલ ઈન્ટેન્સીવ રીવિઝન' (SIR) ની પ્રક્રિયા દેશના અનેક રાજ્યોમાં પૂર્ણ થઈ ચૂકી છે.



પાક્કો ગુજરાત
મંગળવાર। 03 નવેમ્બર 2026 । અમદાવાદ

પોરબંદરના રવિ પાર્કમાં અબોલ જીવો માટે મૂકેલી 25થી 30 પાણી-ખોરાકની કુંડીઓ જપ્ત કરાતાં વિરોધ

100 જેટલા રહીશોએ મેયરને આવેદન પાઠવી કુંડીઓ પરત આપવા અને જવાબદાર અધિકારીઓ સામે તપાસની માંગ કરી

ગોસા (ઘેડ), રિપોર્ટર: વિરમભાઇ કે. આગઠ

પોરબંદર શહેરના ખાપટ રોડ સ્થિત રવિ પાર્ક વિસ્તારમાં અબોલ જીવોની જીવદયા માટે રહીશો દ્વારા મૂકવામાં આવેલી ખોરાક અને પાણીની કુંડીઓ પોરબંદર મહાનગરપાલિકાના ANCD વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવતાં સ્થાનિક રહીશોમાં રોષની લાગણી ફેલાઈ છે. આ મામલે રવિ પાર્કના આશરે ૧૦૦ જેટલા રહીશોએ સહીઓ સાથે પોરબંદર મહાનગરપાલિકાના મેયરશ્રીને આવેદનપત્ર પાઠવી જપ્ત કરાયેલી કુંડીઓ પરત અપાવવા તથા સમગ્ર ઘટનાની તપાસ કરવાની માંગ કરી છે.

આવેદનપત્રમાં અરજદારો કેશુભાઈ મોઢવાડીયા તથા રવિ પાર્ક વિસ્તારના રહીશોએ જણાવ્યું છે કે, તેમના વિસ્તારમાં વસવાટ કરતા અબોલ જીવોને ઉનાળાની કાળઝાળ ગરમીમાં પીવાનું પાણી અને ખોરાક મળી રહે તેવા માનવતાભર્યા હેતુથી વિવિધ સ્થળોએ પાણી અને ખોરાકની કુંડીઓ મૂકવામાં આવી હતી. આ વ્યવસ્થા કોઈને નડતરરૂપ ન બને તે રીતે કરવામાં આવતી હોવાનો પણ રહીશોએ ઉલ્લેખ કર્યો છે.

પરંતુ, તાજેતરમાં મહાનગર પાલિકાના ANCD વિભાગ દ્વારા વિસ્તારમાંથી આશરે ૨૫થી ૩૦ જેટલી પાણી અને ખોરાકની કુંડીઓ ઉઠાવી લેવામાં આવી હોવાની રજૂઆત કરવામાં આવી છે. રહીશોના જણાવ્યા મુજબ, કેટલીક કુંડીઓ તો તેમના ખાનગી માલિકીના પ્લોટમાં મૂકવામાં આવી હોવા છતાં જપ્ત કરવામાં આવી છે. આથી, સમગ્ર કાર્યવાહી સામે રહીશોએ વાંધો ઉઠાવ્યો છે.

રહીશોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, અબોલ જીવોને પાણી અને ખોરાક પૂરો પાડવો એ જીવદયા તથા માનવતાની ભાવનાનું કાર્ય છે. ખાસ કરીને ગરમીના સમયમાં પાણીની અછતને કારણે પશુ-પક્ષીઓ સહિત અબોલ જીવોની હાલત દયનીય બને છે. આવા સંજોગોમાં તેમના માટે કરવામાં આવેલી વ્યવસ્થા દૂર કરવાથી જીવોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

આ ઉપરાંત, શ્વાનો માટે યોગ્ય ફીડિંગ ઝોન અને ખોરાક-પાણી ની વ્યવસ્થા અંગે લાગુ પડતા કાયદા, નિયમો તથા માનનીય સર્વોચ્ચ અદાલતના સંબંધિત આદેશોનું પાલન થાય તે જરૂરી હોવાનું જણાવી રહીશોએ આ સમગ્ર મામલે કાયદાકીય જોગવાઈઓને ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરવાની માંગ કરી છે.

અગાઉની ફરિયાદ બાદ ફરી વિવાદ ઊભો થતાં તંત્રની કામગીરી સામે સવાલો

પ્રેસને આપવામાં આવેલી વધારાની માહિતી અનુસાર, પોરબંદર શહેરમાં પશુ જન્મ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત રખડતા શ્વાનોને પકડવા, નસબંધી કરવા તથા સારવાર આપવાની કામગીરી કરતી મહાનગરપાલિકાની એજન્સી સામે અગાઉ પણ ગંભીર ફરિયાદો ઊઠી હતી. પશુ કલ્યાણ સંબંધિત કથિત નિયમોના ઉલ્લંઘન અને પશુચિકિત્સા સારવારમાં સંભવિત બેદરકારીના મુદ્દે પશુ કલ્યાણ બોર્ડના અમદાવાદના માનદ પ્રતિનિધિ હેમલ મહેતા દ્વારા સંબંધિત એજન્સીને ઔપચારિક નોટિસ પાઠવવામાં આવી આવી છે. ત્યાં વળી આવી ફરિયાદો અને રજૂઆતો વચ્ચે ફરી રવિ પાર્ક વિસ્તારમાં ખાનગી પ્લોટમાં મૂકવામાં આવેલી પાણીની કુંડીઓ ઉઠાવી લેવામાં આવતાં મહાનગર પાલિકાની કામગીરી સામે રહીશોએ આક્ષેપો સાથે સવાલો ઉઠાવ્યા છે. રવિ પાર્કના રહીશોએ મેયર સમક્ષ જપ્ત કરવામાં આવેલી આશરે ૨૫થી ૩૦ જેટલી પાણી અને ખોરાકની કુંડીઓ પરત આપવામાં આવે,ખાનગી માલિકીના પ્લોટમાંથી ઉઠાવાયેલી કુંડીઓ અંગે વિશેષ તપાસ કરવામાં આવે, ANCD વિભાગના જવાબદાર અધિકારી ઓની કામગીરીની તપાસ કરવા માં આવે, નિયમોનું ઉલ્લંઘન થયું હોય તો જવાબદાર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે,અબોલ જીવોને પાણી અને ખોરાક મળી રહે તે માટે કાયદાકીય જોગવાઈ ઓને અનુરૂપ વ્યવસ્થાજાળવવા માં આવે તે મુજબની માંગણીઓ રજૂ કરી છે

આવેદનપત્રની નકલ પોરબંદર મહાનગરપાલિકાના કમિશનર , જિલ્લા પંચાયતના પશુ નિયામક તથા ઉદય કારાવદરા ચેરિટેબલ એન્ડ એનિમલ વેલફેર ટ્રસ્ટને પણ રવાના કરવામાં આવી છે.

હવે આ સમગ્ર મામલે મહાનગરપાલિકા તંત્ર શું કાર્યવાહી કરે છે અને જપ્ત કરાયેલી કુંડીઓ પરત આપવામાં આવે છે કે કેમ તે અંગે રવિ પાર્કના રહીશો સહિત જીવદયા પ્રેમીઓની નજર તંત્રના નિર્ણય પર મંડાયેલી છે.

GSRTC અને નામાંકિત કંપનીઓના નામે બોગસ ઈમેલ બનાવી ટેન્ડર અપાવવાની લાલચે વેપારી સાથે 40.63 લાખની ઠગાઈ

ડિજિટલ યુગમાં સાયબર ઠગોનો હાઈ-ટેક કીમિયો: અમદાવાદ સાયબર ક્રાઈમમાં ચોંકાવનારો ગુનો દાખલ


અમદાવાદ

ડિજિટલ યુગમાં ટેકનોલોજી જેટલી ઝડપથી આગળ વધી રહી છે, તેટલી જ ઝડપથી સાયબર ગુનેગારો માસૂમ અને આંધળો વિશ્વાસ મુકનારા નાગરિકોને છેતરવાના નવા નવા કીમિયા શોધી રહ્યા છે. લોકોને આર્થિક રીતે લૂંટવા માટે સાયબર ઠગો હવે માત્ર અજાણી લિન્કો મોકલવા કે ફિશિંગ કોલ કરીને લોટરી લાગવાની જૂની વાતો ભૂલીને અત્યંત ખતરનાક અને હાઈ-ટેક નુસખા અપનાવી રહ્યા છે. અમદાવાદમાં જ તાજેતરમાં સામે આવેલો એક નવો અને ચોંકાવનારો કીમિયો સરકારી અને ખાનગી ટેન્ડર ભરતા વેપારીઓ માટે લાલબત્તી સમાન સાબિત થયો છે. સાયબર ઠગોના આંતરરાજ્ય નેટવર્કે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) અને દેશની અન્ય નામાંકિત ખાનગી કંપનીઓના નામે અસલી જેવા જ દેખાતા બોગસ અને ફિશિંગ ઈમેલ આઈડી તૈયાર કર્યા હતા. આ ઈમેલ આઈડી પરથી ઓનલાઈન ટેન્ડરિંગનું કામ કરતા વેપારીઓ અને કોન્ટ્રાક્ટરોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આરોપીઓએ મોટા અને કરોડો રૂપિયાના સરકારી તથા કોર્પોરેટ ટેન્ડરો સરળતાથી અપાવી દેવાની મોટી લાલચ આપીને જાળ બિછાવી હતી. સરકારી અધિકારીઓની ખોટી ઓળખ આપી, વોટ્સએપ પર મોકલ્યા નકલી દસ્તાવેજો વેપારીનો પૂરેપૂરો વિશ્વાસ જીતવા માટે સાયબર ભેજાબાજોએ સરકારી ક્ષેત્રના ઉચ્ચ અધિકારીઓ અને સંસ્થાના પ્રતિનિધિઓ હોવાની ખોટી ઓળખ આપી હતી. વાત આટલેથી ન અટકતા, ઠગોએ સિક્યોરિટી ડિપોઝિટ, પ્રોસેસિંગ ફી અને ઓર્ડર કન્ફર્મેશનના નામે સત્તાવાર લાગતા બોગસ લેટરહેડ, બનાવટી દસ્તાવેજો અને એડવાન્સ પેમેન્ટના નકલી ચેક વ્હોટ્સએપ પર મોકલી આપ્યા હતા. આ હાઈ-ટેક કાવતરામાં અસલી-નકલીનો તફાવત પરખવો અશક્ય બની જતાં વેપારી આરોપીઓની જાળમાં બરાબરના ફસાયા હતા. પીડિત વેપારીનો સંપૂર્ણ ભરોસો જીતી લીધા બાદ, સાયબર ભોપાળાઓએ ટેન્ડર પાસ કરાવવાના અલગ-અલગ ચાર્જિસના નામે ટુકડે-ટુકડે કરીને કુલ ૪૦,૬૩,૦૦૦ (ચાલીસ લાખ ત્રેસઠ હજાર રૂપિયા) ની તોતિંગ રકમ પોતાના બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી લીધી હતી.

સરકારી સાયબર ફોરેન્સિક અધિકારી બની વેપારીને ૩.1.24 કરોડનો ચૂનો લગાવનાર ઠગ મુંબઈથી ઝડપાયો

સુરત

સુરત શહેર સાયબર ક્રાઈમ પોલીસે સરકારી સાયબર ફોરેન્સિક અધિકારી તરીકે ઓળખ આપી રોકાણકારો સાથે કરોડોની છેતરપિંડી આચરનાર પ્રિયાંક વ્યાસને મુંબઈથી ઝડપી પાડ્યો છે. આરોપી રાજચિહ્નવાળું બનાવટી આઈડી કાર્ડ અને સરકારી બોર્ડવાળી કાર બતાવી વિશ્વાસ સંપાદિત કરતો હતો. ફોરેક્સ ટ્રેડિંગ, આઈપી સર્વર અને ક્રિપ્ટોકરન્સીમાં મોટો નફો અપાવવાની લાલચ આપી સુરતના પેટ્રોકેમિકલ વેપારી સાથે રૂ.1.24 કરોડની છેતરપિંડી આચરવામાં



આવી હતી.

નવેમ્બર 2025થી ઓક્ટોબર 2026 દરમિયાન 21 અલગ-અલગ હપ્તામાં કુલ રૂ.1.29 કરોડ પડાવવામાં આવ્યા હતા. શરૂઆતમાં રૂ.18 લાખનું રોકાણ કરાવ્યા બાદ સર્વર રિન્યુઅલ અને ગેસ ફીના નામે વારંવાર નાણાં પડાવાયા હતા. લેપટોપમાં કરોડો રૂપિયાનું બેલેન્સ અને ટ્રાન્ઝેક્શન સફળ થયાના બનાવટી સ્ક્રીનશોટ બતાવી વેપારીનો વિશ્વાસ જીતવામાં આવતો હતો. આ કાવતરામાં સુરતના સી.એ. રોહન કેલાવાલાએ મુંબઈની હોટલમાં મુલાકાત કરાવી મુખ્ય ભૂમિકા ભજવી હતી, જે હાલ ફરાર છે.

ઠગ ટોળકી વાતચીત માટે બોટિમ જેવી વિદેશી એપ્લિકેશન અને વિદેશી મોબાઈલ નંબરોનો ઉપયોગ કરતી હતી. છેતરપિંડીથી મેળવેલા નાણાંમાંથી મુખ્ય આરોપીએ મુંબઈમાં રૂ.1.50 કરોડની પ્રોપર્ટી અને BMW કાર ખરીદી હોવાનું સામે આવ્યું છે. સુરતમાં અન્ય વ્યક્તિઓ સાથે મળીને આ ટોળકીએ અંદાજે રૂ.2 કરોડની છેતરપિંડી કરી હોવાની પણ પોલીસને આશંકા છે.

પોલીસે રેડ દરમિયાન લેપટોપ, મોબાઈલ, ક્રિપ્ટો વોલેટ કાર્ડ, બનાવટી આઈડી અને બે લક્ઝરી કાર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે સુરત શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં BNS અને IT એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

દિવાળી ટાણે જ પ્રજા અને રિક્ષા ચાલકોને મોંઘવારીનો પડતા પર પાટુ

વડોદરા ગેસ લિમીટેડે સીએનજી અને PNGના ભાવમાં કર્યો સીધો તોતિંગ વધારો!

વડોદરા

દિવાળીનો પ્રકાશ પર્વ નજીક આવી રહ્યો છે ત્યારે જ વડોદરાના નાગરિકો અને રોજનું કમાઈને રોજ ખાતા ગરીબ રિક્ષાચાલકોના ખિસ્સા પર મોંઘવારીનો અત્યંત ઘાતક બોમ્બ ફૂટ્યો છે. વડોદરા ગેસ લિમિટેડ (VGL) દ્વારા મોડી રાત્રે અચાનક સીએનજી (CNG) અને ઘરવપરાશના પીએનજી (PNG) ગેસના ભાવમાં આકરો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આજ રાત્રે ૧૨ વાગ્યાથી જ આ નવા વધારેલા ભાવ અમલી બની જશે, જેના પગલે સામાન્ય જનતા અને રિક્ષાચાલકોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

વડોદરા ગેસ લિમિટેડ દ્વારા જાહેર કરાયેલા નવા દર અનુસાર: CNG ગેસ: પ્રતિ કિલો ૮૯ થી વધીને સીધો ૯૦.૫૦ થઈ ગયો છે. PNG ગેસ: પ્રતિ એસસીએમ ૫૫.૭૫ થી વધીને ૫૬.૨૪ કરી દેવાયો છે. તંત્ર દ્વારા આ ભાવવધારા પાછળ અમેરિકી ડોલર સામે રૂપિયાના મુલ્યમાં ફેરફાર અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસના ભાવમાં વધારો થયો હોવાનું લંગડું બહાનું આગળ ધરવામાં આવ્યું છે. પરંતુ તંત્રના આ નિર્ણયથી ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે અને વાહનચાલકો પર આર્થિક બોજ વધ્યો છે. રિક્ષાચાલકોની હાલત બની અત્યંત કફોડી: 'મહિનો પૂરો થાય તે પહેલાં જ હાથ ઉછીના પૈસા માંગવાનો વારો આવે છે!' આ તોતિંગ ભાવવધારાથી સૌથી મોટો અને સીધો ફટકો ગરીબ રિક્ષાચાલકોને પડ્યો છે.

વડોદરામાં સત્તા અને ખાખી/વહીવટી તંત્ર વચ્ચે ખુલ્લો ખેલ

ખોડિયાર નગર પાસે પાણીના પ્રશ્ને વોર્ડ 4ના કોર્પોરેટર મયુર ચોરાટિયા અને અધિકારી વચ્ચે જાહેરમાં મારામારી

વડોદરા

વડોદરા શહેરના ખોડિયાર નગર વિસ્તારમાંથી રાજકારણ અને વહીવટી તંત્રની પોલ ખોલતી અને શરમજનક હદ પાર કરતી એક અત્યંત સનસનાટીભર્યા ઘટના સામે આવી છે. જનતાના પ્રશ્નો ઉકેલવા માટે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને પ્રજાના સેવક હોવાનો દાવો કરતા સરકારી અધિકારીઓ વચ્ચે હવે જાહેરમાં હાથાપાઈ અને મારામારી શરૂ થઈ ગઈ છે. વોર્ડ નંબર ૪ ના ભાજપના કોર્પોરેટર મયુર ચોરાટિયા અને પાણી પુરવઠા વિભાગના અધિકારી વચ્ચે પાણીના ગંભીર પ્રશ્ને શરૂ થયેલી ઉગ્ર બોલાચાલી એટલી હદે વણસી ગઈ કે સ્થાનિક રહીશોની હાજરીમાં જ બંને પક્ષો વચ્ચે ખુલ્લો લોહિયાળ હોબાળો અને મારામારી થઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના



ખોડિયાર નગર વિસ્તારમાં લાંબા સમયથી પીવાના પાણીની વિકટ સમસ્યા ચાલી રહી હતી. પાણી ન મળવાથી ત્રાસી ગયેલા સ્થાનિક નાગરિકો અને મહિલાઓએ આ અંગે વોર્ડ નંબર ૪ ના કોર્પોરેટર મયુર ચોરાટિયા સમક્ષ આક્રમક રજૂઆત કરી હતી. પ્રજાના રોષનો ભોગ બનવું પડે તેમ હોવાથી કોર્પોરેટરે તાત્કાલિક પાણી પુરવઠા વિભાગના સબંધિત અધિકારીઓને સ્થળ પર બોલાવી લીધા હતા અને પોતે પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સ્થળ પર પહોંચ્યા બાદ પાણીની અનિયમિતતા અને તંત્રની નિષ્ક્રિયતા મુદ્દે કોર્પોરેટર મયુર ચોરાટિયા અને પાણી પુરવઠાના અધિકારી વચ્ચે તું-તું, મેં-મેં શરૂ થઈ ગઈ હતી. વાતચીત દરમિયાન બંને પક્ષોના અહમ ટકરાતા મામલો ઉગ્ર બોલાચાલીમાંથી સીધો જ મારામારી પર ઉતરી આવ્યો હતો. સ્થાનિક રહીશો અને અનેક મહિલાઓની નજર સમક્ષ જ કોર્પોરેટર અને અધિકારી વચ્ચે જાહેરમાં હાથાપાઈ અને મારામારી થતાં ખળભળાટ મચી ગયો હતો. પ્રજાના પ્રશ્નો હલ કરવાના બદલે બે જવાબદાર પક્ષો બજાર વચ્ચે મારામારી કરવા લાગતા લોકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. આ સમગ્ર શરમજનક તમાશો ત્યાં હાજર રહેલા સ્થાનિક નાગરિકોએ પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરી લીધો હતો.

નશાખોર પતિથી કંટાળી એક વર્ષથી પિયર રહેતી પુત્રવધૂનર દિવાળીએ સાસરે બોલાવવા અભયમની મદદ લીધી

અમદાવાદ, સમીર પટેલ

અમદાવાદ દક્ષિણ વિસ્તારમાં નશાખોર પતિના વ્યસન અને ઝઘડાથી કંટાળી એક વર્ષથી પિયર રહેતી પુત્રવધૂ સાસરે આવવાની ના પાડતા સાસુએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ લીધી હતી. દિવાળીના પર્વે અભયમની ટીમે બંને પક્ષોનું કાઉન્સેલિંગ કરી પતિને વ્યસન છોડવા સમજાવતા પત્ની સાસરે પરત જવા રાજી થઈ હતી. મળતી માહિતી મુજબ, સાસુએ અભયમ હેલ્પલાઈનમાં કોલ કરી મદદ માંગતા ટીમ તેમના ઘરે પહોંચી હતી. સાસુએ જણાવ્યું હતું કે, પુત્રવધૂ છેલ્લા એક વર્ષથી પિયર રહે છે. સમાજના આગેવાનો દ્વારા પણ સમજાવવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તે સાસરે આવવા તૈયાર થતી નહોતી. દિવાળીના પર્વને ધ્યાનમાં રાખીને પુત્રવધૂને સાસરે લઈ આવવા તેઓ પિયર આવ્યા હતા. બીજી તરફ, પુત્રવધૂએ અભયમની ટીમને જણાવ્યું હતું કે, તેનો પતિ નશાની લતે ચઢેલો છે અને નશો કરીને ઝઘડા કરે છે. પતિ વ્યસન છોડતા ન હોવાથી તે સાસરે જવા માંગતી નથી. અભયમની ટીમે પતિને સમજાવ્યું હતું કે, લગ્નજીવન સુખમય રીતે ચલાવવા માટે વ્યસન છોડવું જરૂરી છે અને જરૂર જણાય તો વ્યસનમુક્તિ કેન્દ્રમાં સારવાર લેવી જોઈએ. અંતે પતિએ વ્યસન છોડવાનો અને ભવિષ્યમાં નશો નહીં કરવાનો સંકલ્પ કર્યો હતો. પત્નીને સારી રીતે રાખવા સહમત થતાં પુત્રવધૂ સાસુ સાથે સાસરે પરત જવા રાજી થઈ હતી. આમ, અભયમની સમજાવટ અને કાઉન્સેલિંગથી દિવાળીના પર્વે એક વર્ષથી અલગ રહેતા દંપતીનું લગ્નજીવન ફરી એક થવાની દિશામાં આગળ વધ્યું હતું.

જેતપુરમાં જીમખાના ગ્રાઉન્ડ પાસે

જાહેરમાં જુગાર રમતા 6 શખ્સોને 3.2,20 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી LCB

રાજકોટ

રાજકોટ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ અધીક્ષક વિજય સિંહ ગુર્જર દ્વારા પ્રોહીબિશન અને જુગારના ગુનાઓ શોધી કાઢવા આપેલ સૂચના અન્વયે એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી.રાવના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. શાખાની ટીમે જેતપુરમાં જુગારનો એક ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે.



એલ.સી.બી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા જીમખાના ગ્રાઉન્ડની દીવાલે જાહેરમાં જુગાર રમી રહેલા ૬ આરોપીઓને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી રોકડા રૂપિયા ૧,૬૦,૦૦૦/- તથા રૂ. ૬૦,૦૦૦/- ની કિંમતના ૬ નંગ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૨,૨૦,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગે જેતપુર સીટી પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસના હાથે ઝડપાયેલા આરોપીઓમાં (૧) ઈન્તિયાઝભાઈ ઉર્ફે પનઘટ આરીફભાઈ લુલાણીયા (રહે. ગુજરાતીની વાડી, જેતપુર), (૨) શબ્બીરભાઈ યુનુસભાઈ ચોટલીયા (રહે. નવાગઢ ગેસના ગોડાઉન પાછળ, જેતપુર), (૩) જાકીરભાઈ મહેબુબભાઈ ખોરાણી (રહે. નવાગઢ ગેસ ગોડાઉન પાસે, જેતપુર), (૪) ફીરોજભાઈ હનીફભાઈ ચાવડા (રહે. નવાગઢ ગેસ ગોડાઉન પાસે, જેતપુર), (૫) હુસેનભાઈ ઈકબાલભાઈ તરકવાડીયા (રહે. નવાગઢ અનાજ ગોડાઉન પાસે, જેતપુર) અને (૬) હુસેનભાઈ ઉર્ફે સલીમભાઈ ઉર્ફે સોડાવાલા જીકરભાઈ તેરવાડીયા (રહે. બોખલા દરવાજા હુસેની ચોક પાસે, જેતપુર) નો સમાવેશ થાય છે.

આ કામગીરીમાં એલસીબી પોલીસ ઈન્સ્પેકટર જે. પી.રાવ તથા પો.સબ ઈન્સ. આર.વી.ભીમાણી, કે.એમ.ચાવડા, એચ.સી.ગોહીલ, પી.એન.ભરવાડ તથા એ.એસ.આઈ. અનીલભાઈ બડકોદીયા, બાલકૃષ્ણભાઈ ત્રીવેદી, ભાવેશભાઈ ચાવડા, રમણીકભાઈ મણવર તથા પો.હેડ કોન્સ. મનીષભાઈ વરૂ, નીલેશભાઈ ડાંગર, મનદીપસિંહ જાડેજા, પો. કોન્સ. મીરલભાઈ ચંદ્રવાડીયા, ભરતભાઈ ગમારા, ડ્રા. અબ્દુલભાઈ શેખ જોડાયા હતા

બ્રહ્માકુમારી સંસ્થાનાં વરિષ્ઠ સેવાધારી બી.કે. કમલેશ દીદીનું 98 વર્ષની વયે અવસાન

ભરૂચ

ભરૂચ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સબઝોન અને જ્ઞાન સરોવરના ડિરેક્ટર બી.કે. પ્રભા દીદી તથા લખનૌ હજરતગંજ સેવાકેન્દ્રનાં ઇન્ચાર્જ બી.કે. મંજુ દીદીનાં લૌકિક માતા અને નિષ્ઠાવાન સેવાધારી બી.કે. કમલેશ દીદીએ 98 વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતા.



સાકાર બ્રહ્માબાબાની પવિત્ર પાલનામાં ઉછરેલાં કમલેશ દીદી છેલ્લા 66 વર્ષથી ઈશ્વરીય જ્ઞાનની સેવા સાથે જોડાયેલાં હતાં. યજ્ઞ સ્નેહી, મુરલી પ્રેમી અને યોગમાં સતત રહેવાની લગન ધરાવતાં તેઓ છેલ્લા 13 વર્ષથી ભરૂચ સેવાકેન્દ્ર ખાતે રહી નિઃસ્વાર્થ સેવા આપી રહ્યાં હતાં.

તેમની અંતિમ વિદાય વેળાએ પુત્રી અને ભરૂચ સબઝોનનાં ઇન્ચાર્જ બી.કે. પ્રભા દીદીએ મુખાગ્નિ આપતાં ઉપસ્થિત સૌ ભાવુક બન્યાં હતાં. આ પ્રસંગે આધ્યાત્મિક પરિવારના સભ્યોએ દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

શિનોરના નાના કરાડામાં

બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું: 3.89 લાખના દાગીના અને રોકડની ચોરી

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના નાના કરાડા ગામે તારીખ 16 ઓક્ટોબર 2026 મોડી રાત્રે બંધ મકાનમાં આશરે રૂપિયા 3 લાખ 79 હજાર ની હજારની ચોરી થઈ હતી. ફરિયાદીએ તારીખ 1 નવેમ્બર 2026 ના રોજ શિનોર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવેલ છે, જેની તપાસ રાકેશકુમાર રસિકલાલ વસાવા પોલીસ ઇન્સ્પેક્ટર કરી રહ્યા છે.



ફરિયાદી મેહુલ નંદકિશોર જોશી રહેવાસી બ્રાહ્મણ ફળીયું, નાના કરાળા ,તાલુકો શિનોર તારીખ 15 ઓક્ટોબરના રોજ પોતાના વડોદરા આવેલા મકાને અહીંના ઘરે તાળુ મારીને ગયા હતા. તેનો લાભ લઈ તારીખ 16 ઓક્ટોબર મોડી રાત્રે 3 અજાણ્યા બાઈક પર આવેલા ઈસમોએ બારણાનો નકુચો તોડી તિજોરી ખોલી તેમાંનો સર સામાન વેરવિખેર કર્યો હતો,અને ફરિયાદીના લખાવ્યા મુજબ તેમાં મુકેલા ચાંદીના સિક્કા 15, ચાંદીની નાની ગાયો 15 ,મળી કુલ 400 ગ્રામ આશરે 40,000 તથા 1,64,000 રોકડા અને સોનાના મંગળસૂત્ર નંગ 2 કુલ 16 ગ્રામ 1,70000 અને સોનાનો ઢાળ ચડાવેલ માતાજીની મૂર્તિ આશરે 5,000 મળી કુલ રૂપિયા 3,89,000 ની ચોરી કરીને ભાગી ગયા છે. ફરિયાદી મેહુલ જોશી યજમાન વૃત્તિ કરતા હોય અને નવરાત્રીના અનુષ્ઠાન તથા પૂજા પાઠની વીધી કરાવવામાં રોકાયેલા હોવાથી જે તે સમયે ફરિયાદ કરવા આવેલા નહોતા, ચોરીની જાણ થતાં સેગવા આઉટપોસ્ટ ની પોલીસે આ ઘરની મુલાકાત તે સમયે લીધી હતી.પણ અન્ય કોઈ કાર્યવાહી કરી નહોતી. શિનોર પોલીસે આ ચોરીનો ગુનો નોંધીને અજાણ્યા ત્રણ આરોપીઓ સામે બી.એન.એસ. 305 (એ) ,331(4) અને 54 મુજબ કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે તેની તપાસ,પી. આઈ.આર.આર.વસાવા કરી રહ્યા છે. બાઈક ઉપર આવેલા ત્રણ ચોરો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયેલા દેખાઈ આવેલ છે.



પોલીસે 22 ઓક્ટોબરે નોટિસ મોકલી હતી

નોરા ફતેહીને કોર્ટની ફટકાર: ઠગ સુકેશના 200 કરોડના મની લોન્ડરિંગ કેસમાં હાજર ન થઈ

મુંબઇ

બોલીવૂડ એક્ટ્રેસ નોરા ફતેહીને સુકેશ ચંદ્રશેખરના 200 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં સોમવાર, 2 નવેમ્બર 2026ના રોજ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર થવાનું હતું. સમન્સ છતાં એક્ટ્રેસ કોર્ટમાં હાજર ન થતાં કોર્ટે તેમને ફટકાર લગાવી છે. કોર્ટે કડક ટિપ્પણી કરતાં કહ્યું, 'તેમનું વર્તન યોગ્ય નથી. કોર્ટને હળવાશથી ન લો.'

આ મામલામાં નોરા ફતેહીએ સાક્ષી તરીકે અદાલતમાં હાજર થઈને પોતાનું નિવેદન નોંધાવવાનું હતું. દિલ્હી પોલીસે કોર્ટને જણાવ્યું કે નોરાને સમન્સ મોકલવામાં આવ્યું હતું, પરંતુ તેઓ અદાલતમાં હાજર થશે કે નહીં તેની તેમને જાણ નથી. બીજી તરફ, નોરાના વકીલે તેમની હાજરીમાંથી મુક્તિ આપવા માટે અરજી દાખલ કરી હતી. વકીલની આ માગ પર કોર્ટે નારાજગી વ્યક્ત કરી. ત્યારબાદ વિશેષ ન્યાયાધીશ ગગનદીપ સિંહે નોરા ફતેહીને નવું સમન્સ જારી કરીને 6 નવેમ્બરે અદાલતમાં હાજર થવાનો નિર્દેશ આપ્યો અને કહ્યું- 'તેઓ એક સાક્ષી છે અને અહીં અદાલતમાં હાજર હોવા જોઈએ હતા. તેમનું વર્તન યોગ્ય નથી. અદાલતને હળવાશથી ન લો.'

પોલીસે 22 ઓક્ટોબરે નોટિસ મોકલી હતી. સુનાવણી દરમિયાન દિલ્હી પોલીસે જણાવ્યું કે નોરા ફતેહીને 22 ઓક્ટોબરે ઈમેલ અને વોટ્સએપ દ્વારા નોટિસ મોકલવામાં આવી હતી. પોલીસે તેમનો ફોન પર સંપર્ક કરવાનો પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમની તરફથી કોઈ જવાબ મળ્યો નહોતો. સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા 200 કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં અગાઉ પણ ઘણી વખત નોરા ફતેહીની પૂછપરછ થઈ ચૂકી છે. આરોપ છે કે નોરાએ સુકેશ પાસેથી લક્ઝરી કાર સહિત અનેક કિંમતી ભેટો લીધી છે. અગાઉ નોરા અને સુકેશને સામસામે બેસાડીને પણ પૂછપરછ કરવામાં આવી ચૂકી છે. આ દરમિયાન નોરાએ પોતે 1 કરોડ રૂપિયાથી વધુ કિંમતની લક્ઝરી કાર ભેટમાં લેવાની વાત કબૂલી હતી. આ કાર નોરાને 2020માં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન ચેન્નાઈમાં ભેટ આપવામાં આવી હતી. તપાસ એજન્સીઓને આપેલા નિવેદનોમાં તેમણે કહ્યું હતું કે આ મામલામાં તેઓ પોતે પીડિત રહી છે, ત્યારબાદ તેમને કેસમાં સાક્ષી બનાવવામાં આવ્યા છે.

સુકેશ વિરુદ્ધ થયેલી તપાસમાં સામે આવ્યું કે તે અને એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડિસ રિલેશનશિપમાં હતાં.

પરિણિતીની રિપોર્ટિંગ લાઇવમાં સ્ટોરી તફડાવેલી હોવાનો આરોપ

2022 અને 2023માં આ વાર્તા નિર્માતાઓને પીચ કરાઈ હતી. કાનૂની કાર્યવાહીથી બચવા માટે વિગતોમાં ફેરફાર કરાયાનો આરોપ લગાવી તેમણે જાહેર માફીની માગ કરી છે

મુંબઇ

મુંબઈમાં OTT પર રિલીઝ થયેલી પરિણીતી ચોપરાની ફિલ્મ 'રિપોર્ટિંગ લાઈવ' વિવાદમાં સપડાઈ છે.

પત્રકાર સંધ્યા રવિશંકરે ફિલ્મના નિર્માતાઓ પર તેમની વાસ્તવિક તપાસ અને જીવન આધારિત વાર્તા ચોરી કરવાનો આરોપ મૂક્યો છે. તમિલનાડુમાં ગેરકાયદે રેતી ખનન પરના તેમના રિપોર્ટિંગના અંશો ફિલ્મમાં સમાવાયા છે. તેમણે ક્રેડિટ વિના વાર્તા ચોરવા બદલ જાહેર માફીની માંગ કરી છે. ઓટીટી પર રજૂ થયેલી પરિણિતી ચોપરા અભિનિત ફિલ્મ 'રિપોર્ટિંગ લાઈવ' ગંભીર વિવાદમાં સપડાઈ છે. જાણીતા ઈન્વેસ્ટીગેટીવ પત્રકાર સંધ્યા રવિશંકરે ફિલ્મના સર્જકો પર તેમની વાસ્તવિક તપાસ અને જીવન આધારીત વાર્તા ચોરી કરવાનો આરોપ મુક્યો છે. કોઈપણ પ્રકારની ક્રેડિટ આપ્યા વિના તેમની વાર્તા દર્શાવવાને કારણે હવે આ મામલે નૈતિકતા અને લેખન હક્કો પર વિવાદ વકર્યો છે.

સંધ્યા રવિશંકરે સોશિયલ મીડિયા પર ખુલ્લો વિરોધ વ્યક્ત કરતા જણાવ્યું કે તમિલનાડુમાં ગેરકાયદે રેતી ખનન પર કરેલા તેમના રિપોર્ટિંગના અંશો આ ફિલ્મમાં લેવાયા છે. તેમણે દાવો કર્યો કે ૨૦૨૨ અને ૨૦૨૩માં આ વાર્તા નિર્માતાઓને પીચ કરાઈ હતી. કાનૂની કાર્યવાહીથી બચવા માટે વિગતોમાં ફેરફાર કરાયાનો આરોપ લગાવી તેમણે જાહેર માફીની માગ કરી છે.

૯ ઓક્ટોબરે રિલીઝ થયેલી ધ્રુવ ત્રિપાઠી દિગ્દર્શિત આ ફિલ્મમાં પરિણીતીએ રિપોર્ટર સંધ્યા યાદવનું પાત્ર ભજવ્યું છે, જે ખતરનાક રેતી માફિયા નેટવર્કનો પર્દાફાશ કરે છે. સંધ્યા રવિશંકરે પરિણીતીના અભિનય તેમજ ન્યુઝરૂમના ચિત્રણને અત્યંત નબળું ગણાવ્યું છે. આ ફિલ્મમાં દેવેન ભોજાણી, અમોલ પાલેકર, આદિલ હુસૈન અને શેખર સુમન જેવા કલાકારો પણ મુખ્ય ભૂમિકામાં છે.



પ્રિયંકા ચોપરાએ પરિવાર સાથે હેલોવીનની કરી ઉજવણી

સંજય ગુપ્તાનું નિધન બાથરૂમમાં પડી જવાથી થયેલી માથાની ઈજાને કારણે થયું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે

મુંબઇ

હેલોવીનનો તહેવાર હોય અને તેમાં પ્રિયંકા ચોપરાનો અંદાજ જોવા ન મળે એવું તો બને જ નહીં! ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરાએ પતિ નિક અને દીકરી માલતી મેરી સાથે હેલોવીનની ઉજવણી ખાસ અંદાજમાં કરી છે, તેમાંય દીકરી માલતીના 'ઘોસ્ટ પ્રિન્સેસ' લુકે સૌનું ધ્યાન ખેંચી લીધું છે.

પ્રિયંકાએ સોશિયલ મીડિયા પર હેલોવીન સેલિબ્રેશનની કેટલીક તસવીરો શેર કરી છે, જેને જોઈને ફેન્સ તેના પરિવાર પર પ્રેમ વરસાવી રહ્યા છે. હેલોવીન માટે પ્રિયંકાએ કાઈલી જેનરના લોકપ્રિય 'કિંગ કાઈલી' લુકને પસંદ કર્યો હતો. લાંબી પિંક વિગ, બ્લેક બીની, મોટા સનગ્લાસેસ અને બ્લેક ક્રોપ ટોપ સાથે મેચિંગ જેકેટ તથા પેન્ટમાં તેનો અંદાજ એકદમ અલગ જોવા મળ્યો હતો. 'હેલોવીન'એ દર વર્ષે 31મી નવેમ્બરે ઉજવવામાં આવે છે, આજે આ તહેવાર એક મનોરંજન બની રહ્યો છે, જેમાં બાળકો અને બાળકી ભૂત, ચૂડેલ કે સુપરહીરો જેવા ડરામણા કોસ્ચ્યુમ પહેરે છે, ચોકલેટ-કેરી એકઠી કરે છે. બીજી તરફ પતિ નિક જોનાસ પણ કાઉબોયના અવતારમાં જોવા મળ્યો હતો, સફેદ કાઉબોય હેટ, બ્રાઉન સ્યુડ જેકેટ, ડાર્ક જીન્સ અને બ્રાઉન બૂટ્સમાં નિકનો લુક હેલોવીન માટે એકદમ પરફેક્ટ હતો.આ સેલિબ્રેશનમાં સૌથી ક્યૂટ લાગી નાનકડી માલતી મેરી. તેણે સફેદ રંગની સુંદર ફ્લોઈંગ ડ્રેસ સાથે કેપ, વિગ અને હાર્ટ શેપના સનગ્લાસેસ પહેર્યાં હતાં. 'ઘોસ્ટ પ્રિન્સેસ'ના આ અવતારમાં માલતી ખૂબ જ ક્યૂટ લાગી રહી હતી.

પ્રિયંકાએ તસવીરો સાથે મજેદાર કેપ્શન પણ લખ્યું હતું. તેણે જણાવ્યું કે પરિવાર કાઉબોય, ઘોસ્ટ પ્રિન્સેસ અને કિંગ કાઈલી બનીને ટ્રિક-ઓર-ટ્રીટિંગ માટે નીકળ્યો હતો. સાથે જ તેણે સૌને હેલોવીનની શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રિયંકાએ પોતાની સોશિયલ મીડિયા સ્ટોરીમાં મિલેનિયલ માતાઓ માટે પણ ખાસ મેસેજ શેર કર્યો હતો. તેણે મજાકિયા અંદાજમાં લખ્યું કે, 'થેન્ક્યુ કહ્યું કે નહીં?' કહેતી રહેતી તમામ મિલેનિયલ મમ્મીઓને હેપ્પી હેલોવીન!





બોલિવૂડ ડાયરેક્ટર અનુરાગ કશ્યપને સુરત ટ્રાયલ કોર્ટે વોરંટ ફટકાર્યું

બ્રાહ્મણ સમાજ સામે વિવાદાસ્પદ ટ્વીટ કેસમાં ન્યૂઝપેપરમાં સમન્સ છતાં કોર્ટમાં ગેરહાજર, 24 ડિસેમ્બરે વધુ સુનાવણી


મુંબઇ

સોશિયલ મીડિયા પર બ્રાહ્મણ સમાજ વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરવાના મામલે સુરતની અદાલતે બોલિવૂડના જાણીતા ફિલ્મ ડાયરેક્ટર અનુરાગ કશ્યપ વિરુદ્ધ કડક વલણ દાખવી વોરંટ ઇશ્યુ કર્યું છે. અગાઉ કોર્ટે સમન્સ પાઠવ્યા બાદ અને નિયમાનુસાર વર્તમાનપત્રમાં જાહેર નોટિસ દ્વારા બજવણી કરી હોવા છતાં તેઓ અદાલત સમક્ષ હાજર રહ્યા નહોતા. કાયદાકીય પ્રક્રિયા અને કોર્ટના આદેશની સતત અવગણના કરવા બદલ નામદાર ટ્રાયલ કોર્ટે આ આકરો હુકમ કર્યો છે, જેના કારણે હવે ફિલ્મ નિર્માતાની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. ન્યૂઝ પેપરમાં સમન્સની બજવણી છતાં સુનાવણીમાં ગેરહાજર. આ કેસની વિગત મુજબ ગત વર્ષે અનુરાગ કશ્યપે સોશિયલ મીડિયા એકાઉન્ટ પર સમાજ વિરુદ્ધ આપત્તિજનક નિવેદન આપ્યું હતું, જે અંગે તેમણે જાહેરમાં માફી પણ માંગી નહોતી. જેથી, તેમની સામે સુરત કોર્ટમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી હતી. કોર્ટે ગુનો નોંધી સમન્સ જારી કર્યા છતાં તેઓ હાજર ન થતાં કોર્ટના આદેશ મુજબ 5 સપ્ટેમ્બરના રોજ મુંબઈના ન્યૂઝપેપરમાં સમન્સની બજવણી કરવામાં આવી હતી તેમછતાં આજરોજ તેઓ કોર્ટમાં હાજર ન રહેતાં નામદાર કોર્ટે તેમની વિરુદ્ધ વોરંટ ઇશ્યુ કરી આગામી સુનાવણી 24 ડિસેમ્બરના રોજ નિયત કરી છે. આ સમગ્ર કાનૂની કાર્યવાહી અંગે માહિતી આપતા ફરિયાદી અને વરિષ્ઠ ધારાશાસ્ત્રી કમલેશ રાવલે જણાવ્યું હતું કે, 'હું સુરત ખાતે છેલ્લા 34 વર્ષથી વકીલાત કરું છું. ફિલ્મ ડાયરેક્ટર અનુરાગ કશ્યપ દ્વારા બ્રાહ્મણ સમાજ વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરવામાં આવી હતી અને તેમણે માફી પણ માંગી નહોતી. જેથી મેં સુરત ખાતે ફરિયાદ નોંધાવી હતી, જેમાં નામદાર ટ્રાયલ કોર્ટે સમન્સ ઇશ્યુ કરેલ હતો. ત્યારબાદ કોર્ટના નિર્દેશથી મેં મુંબઈના ન્યૂઝપેપરમાં સમન્સની બજવણી પણ કરાવી હતી. પરંતુ તેઓ આજરોજ કોર્ટમાં હાજર રહ્યા ન હોવાથી નામદાર કોર્ટે તેમની સામે વોરંટ ઇશ્યુ કર્યું છે અને આગામી 24 ડિસેમ્બરના રોજ રાખી છે.

જન્મદિવસે શાહરૂખે લૂંટી મહેફિલ, 'કિંગ' ફિલ્મના પહેલા જ સૉંગમાં દીપિકા સાથેની કેમેસ્ટ્રી બની ચર્ચાનો વિષય

મુંબઇ

બોલિવૂડના કિંગ ખાન એટલે કે શાહરૂખ ખાનના જન્મદિવસે ચાહકોને ખાસ ભેટ મળી છે. તેમની આગામી ફિલ્મ 'કિંગ'નું પહેલું ગીત 'મિલ જાયે તો' રિલીઝ કરવામાં આવ્યું છે. આ ગીતમાં શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણની રોમેન્ટિક કેમેસ્ટ્રી જોવા મળી રહી છે. પરંતુ સૌથી વધુ ચર્ચા અરિજિત સિંહ અને આંતરરાષ્ટ્રીય ગાયક એડ શીરનના ખાસ મ્યુઝિકલ કોલોબરેશનથી થઈ રહી છે. ગીત સામે આવતાં જ સોશિયલ મીડિયા પર ચાહકોની ખુશીનો પાર રહ્યો નથી. શાહરૂખ ખાન આજે પોતાનો 61મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. આ ખાસ અવસર પર ફિલ્મ 'કિંગ'ના નિર્માતાઓએ ફિલ્મનું પહેલું ગીત 'મિલ જાયે તો' રિલીઝ કર્યું છે. આ રોમેન્ટિક ગીતમાં શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણ એકબીજા સાથે રોમાન્સ કરતા જોવા મળે છે. બંનેની જોડીને ફરી એકવાર સાથે જોઈને ચાહકોને તેમની ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ'ની યાદ આવી ગઈ છે. ગીતમાં શાહરૂખનો અંદાજ અને તેમની ફિટનેસ પણ લોકોનું ધ્યાન ખેંચી રહી છે. આ ગીતની સૌથી ખાસ વાત એ છે કે તેમાં જાણીતા ભારતીય ગાયક અરિજિત સિંહ અને આંતરરાષ્ટ્રીય ગાયક એડ શીરન સાથે જોવા મળી રહ્યા છે. બંનેના આ મ્યુઝિકલ કોલેબોરેશનને કારણે ગીતની ચર્ચા વધુ વધી છે. ગીતનું સંગીત સચિન-જીગરે તૈયાર કર્યું છે. ગીત રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર ચાહકોએ પોતાની ખુશી વ્યક્ત કરી હતી. એક યુઝરે લખ્યું કે શાહરૂખ ખાન, અરિજિત સિંહ અને એડ શીરન એકસાથે! આ તો અદ્ભુત કોમ્બિનેશન છે. અન્ય એક ચાહકે લખ્યું કે અરિજિત અને એડ શીરનનું આ કોલેબોરેશન ખરેખર શાનદાર છે. શાહરૂખ ખાનના જન્મદિવસની ઉજવણી માત્ર ગીતના રિલીઝ સુધી મર્યાદિત રહી નહોતી. મુંબઈના બાંદ્રા-વર્લી સી લિંક પર ફિલ્મ 'કિંગ' માટે ખાસ ટ્રિબ્યુટ આપવામાં આવ્યું હતું.




કેપ્ટન અય્યરે કહ્યું- બોલિંગ અને ફિલ્ડિંગમાં સુધારાની જરૂર

ગૌતમ ગંભીરે કહ્યું- મારી ડિક્શનરીમાં ડર શબ્દ નથી

મુંબઈ

ભારતે ન્યૂઝીલેન્ડને 5 મેચની T20 સિરીઝમાં 3-2થી હરાવ્યું. સિરીઝ જીત્યા બાદ ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરએ કહ્યું, મારી ડિક્શનરી અને ડિરેક્ટરીમાં ડર નામનો કોઈ શબ્દ નથી. ગંભીરે પહેલી મેચનું ઉદાહરણ આપીને ખેલાડીઓના વખાણ કર્યા. તેમણે જણાવ્યું કે ટીમે 15 કલાકની લાંબી ફ્લાઈટ બાદ માત્ર એક જ પ્રેક્ટિસ સેશન કર્યું હતું, તેમ છતાં મુકાબલો જીતી લીધો. ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે કહ્યું કે બોલિંગ અને ફિલ્ડિંગ વધુ સારી થઈ શકતી હતી. બીજી તરફ ન્યૂઝીલેન્ડના ગ્લેન ફિલિપ્સને સિરીઝનો શ્રેષ્ઠ ખેલાડી પસંદ કરવામાં આવ્યો. તેણે પાંચ મેચમાં



341 રન બનાવ્યા. ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે સતત વ્યસ્ત ક્રિકેટ કેલેન્ડર વચ્ચે માનસિક થાકનો અનુભવ સ્વીકાર્યો છે. ન્યૂઝીલેન્ડ સામેની 5 T20I શ્રેણી બાદ હેમિલ્ટનમાં તેમણે જણાવ્યું કે, તેઓ દબાણ સામે ઝૂકનારા નથી. 2026માં 12 શ્રેણીમાં કોચિંગ આપી ચૂક્યા છે, પરંતુ તેમને લાંબો બ્રેક મળ્યો નથી. ગંભીરે યુવા ખેલાડીઓના પ્રદર્શનની પ્રશંસા કરી હતી. માનસિક થાક અંગે ખુલીને પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. ન્યૂઝીલેન્ડ સામે 5 મેચોની T20I સીરિઝ પૂર્ણ થયા બાદ ગંભીરે સ્વીકાર્યું હતું કે ઘણી વખત તેઓ માનસિક રીતે થાક અનુભવે છે, પરંતુ તેઓ પ્રેશર સામે ઝૂકનારા કે પીછેહઠ કરનારા વ્યક્તિ નથી. રવિવારે (1 નવેમ્બર) હેમિલ્ટનના સેડન પાર્ક ખાતે રમાયેલી પાંચમી T20I મેચમાં પરાજય મળ્યા બાદ ગૌતમ ગંભીરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'મારી ડિક્શનરી, ડિરેક્ટરી અને વિચારધારામાં ડર માટે કોઈ જગ્યા નથી. આ શબ્દ મારી ઝિંદગીમાં અસ્તિત્વ ધરાવતો નથી. અમે ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે વ્યસ્ત ક્રિકેટ કેલેન્ડર વચ્ચે સતત કામ કરવાથી થતા પ્રોફેશનલ્સ છીએ અને હું હંમેશાં માનું છું કે બહાનાબાજી માટે કોઈ સ્થાન હોતું નથી.

પંતને ફિટનેસ સાબિત કરવાની વધુ એક તક

નવી દિલ્હી

ન્યૂઝીલેન્ડ પ્રવાસે જતા પહેલાં પંતને પોતાની ફિટનેસ સાબિત કરવાની વધુ એક તક મળશે. રવિવારે બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઑફ એક્સલન્સ (CoE) ખાતે યોજાયેલી પ્રથમ ફિટનેસ ટેસ્ટમાં તેઓ પાસ થઈ શક્યા નહોતા. હવે મેડિકલ સ્ટાફ આગામી બે દિવસમાં તેમનો ફરીથી ટેસ્ટ લેવાની તૈયારી કરી રહ્યો છે.

ઓક્ટોબરની શરૂઆતમાં ઈરાની કપ દરમિયાન પંતને સાઇડ સ્ટ્રેનની ઈજા થઈ હતી. સાઇડ સ્ટ્રેનમાં શરીરના પેટ અને પાંસળીઓની આસપાસની માંસપેશીઓમાં ખેંચાણ આવી જાય છે. 23 ઓક્ટોબરથી તેમણે બેટિંગ અને વિકેટકીપિંગની પ્રેક્ટિસ શરૂ કરી છે. જો પંત બીજી ટેસ્ટમાં ફિટ જાહેર થાય છે, તો તે ન્યૂઝીલેન્ડના લિંકનમાં 7 નવેમ્બરથી શરૂ થનારી ભારત-A અને ન્યૂઝીલેન્ડ-A વચ્ચેની ત્રીજી ચાર દિવસીય મેચ સાથે જોડાઈ શકે છે. ત્યારબાદ તે 19 નવેમ્બરથી શરૂ થનારી ભારતની પ્રથમ ટેસ્ટ માટે પણ ઉપલબ્ધ રહેશે. પંત શરૂઆતની બે મેચોમાંથી બહાર થયા બાદ પસંદગીકારોએ અનકેપ્ડ વિકેટકીપર બેટ્સમેન કુમાર કુશાગ્રને ભારત-A ટીમમાં સામેલ કર્યા હતા. અનકેપ્ડ ખેલાડીનો અર્થ એવો ક્રિકેટર થાય છે, જેણે હજુ સુધી આંતરરાષ્ટ્રીય મેચ રમી ન હોય. જોકે, શરૂઆતની બંને મેચોમાં કુશાગ્રને રમવાની તક મળી નહોતી. ટીમની કપ્તાની કરી રહેલા ધ્રુવ જુરેલે જ વિકેટકીપિંગની જવાબદારી સંભાળી હતી.

4 નવેમ્બરથી પાંચ મેચોની શ્રેણી શરૂ થશે

ન્યૂઝીલેન્ડના માર્ક ચેપમેન અને રચિન રવિન્દ્ર વનડે શ્રેણીમાંથી બહાર

ઓકલેન્ડ

ન્યૂઝીલેન્ડના માર્ક ચેપમેન અને રચિન રવિન્દ્ર ભારત સામેની 5 મેચોની વનડે શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે જણાવ્યું કે બંને ખેલાડીઓ ઈજાઓમાંથી સંપૂર્ણપણે સાજા થઈ શક્યા નથી.

ચેપમેન ડાબા હેમસ્ટ્રિંગની ઈજાથી ઝઝૂમી રહ્યા છે. જ્યારે પ્રમોશનલ શૂટ દરમિયાન રચિન રવિન્દ્રનો જમણો ખભો ડિસલોકેટ થઈ ગયો હતો. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની શ્રેણી 4 નવેમ્બરે ઓકલેન્ડમાં શરૂ થશે. કોચે કહ્યું- ટેસ્ટ શ્રેણી પહેલાં જોખમ લઈ શકતા નથી મુખ્ય કોચ રોબ વોલ્ટરે કહ્યું, 'દરેક વ્યક્તિ જાણે છે કે માર્ક અને રચિન આ ટીમ માટે કેટલા મહત્વપૂર્ણ છે. તેમનું આ



શ્રેણીમાં ન રમવું દુઃખદ છે.' તેમણે કહ્યું, 'હું ગયા અઠવાડિયે માર્કને મળ્યો હતો. તે નિરાશ છે, પરંતુ મેદાન પર પાછા ફરવા માટે સખત મહેનત કરી રહ્યો છે.' રોબ વોલ્ટરે કહ્યું, 'રચિનનો ખભો હજુ સંપૂર્ણ રીતે એવી સ્થિતિમાં આવ્યો નથી, જેમાં તે સફેદ બોલની ક્રિકેટમાં આરામથી ફિલ્ડિંગ કરી શકે.' તેમણે કહ્યું, 'આ મહિનાના અંતમાં ટેસ્ટ શ્રેણી પણ છે. તેથી અમે કોઈ બિનજરૂરી જોખમ લેવા માંગતા નથી.'

ન્યૂઝીલેન્ડની ટીમમાં ફેરફાર, નિકોલ્સ-ફોક્સક્રોફ્ટને બોલાવ્યા વિકેટકીપર બેટર ટિમ સીફર્ટે પ્રથમ ત્રણ ODI માટે ટીમમાં સ્થાન મેળવ્યું છે. તેમને શ્રેણીની છેલ્લી બે મેચ માટે અગાઉથી પસંદ કરવામાં આવ્યા હતા. ડાબોડી બેટર હેનરી નિકોલ્સ અને ઑલરાઉન્ડર ડીન ફોક્સક્રોફ્ટને પણ ટીમમાં બોલાવવામાં આવ્યા છે. નિકોલ્સ પ્રથમ ત્રણ ODI માટે ટીમમાં રહેશે. ફોક્સક્રોફ્ટ છેલ્લી બે મેચ માટે ટીમ સાથે જોડાશે.

રણજી ટ્રોફી-હર્ષ દુબેએ 53 રન આપીને 9 વિકેટ ઝડપી

મધ્ય પ્રદેશ 209 રન પર ઓલઆઉટ; અંગકૃષ રઘુવંશીની સતત ત્રીજી ફિફ્ટી

મુંબઈ

રણજી ટ્રોફીના ચોથા રાઉન્ડમાં વિદર્ભના સ્પિનર હર્ષ દુબેએ શાનદાર બોલિંગ કરી. તેમણે મધ્ય પ્રદેશ સામેની પ્રથમ ઇનિંગ્સમાં 53 રન આપીને 9 વિકેટ ઝડપી. તેમની બોલિંગ સામે મધ્ય પ્રદેશની ટીમ 209 રને ઓલઆઉટ થઈ ગઈ. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં વિદર્ભના કોઈ બોલરનું આ અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. દુબેએ પોતાની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીમાં 10મી વખત એક ઇનિંગ્સમાં 5 કે તેથી વધુ વિકેટ ઝડપી. આ પ્રદર્શન સાથે તેઓ આ સિઝનમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયા છે. રેલવે સામે મુંબઈના ઓપનર અંગકૃષ રઘુવંશીએ સતત ત્રીજો 50+ સ્કોર બનાવ્યો. તેમણે અગાઉની મેચમાં હરિયાણા સામે 114 અને અણનમ 67 રન બનાવ્યા હતા. રેલવે સામે પણ 78 રન બનાવ્યા. તેમણે 8 ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો. મુંબઈએ 25 ઓવરમાં એક પણ વિકેટ ગુમાવ્યા વિના 94 રન બનાવી લીધા હતા. સલિલ અરોરા સતત ચોથી સદીની નજીક. પંજાબના બેટર સલિલ અરોરા શાનદાર ફોર્મમાં છે. મિડલ ઓર્ડર લથડવા છતાં તેમણે ઇનિંગ્સ સંભાળી. ચંડીગઢ સામે પંજાબે 5 વિકેટે 188 રન બનાવ્યા છે. અરોરા 71 રન બનાવીને અણનમ છે. તેમણે સનવીર સિંહ સાથે મળીને સદીની ભાગીદારી કરી. આ



સિઝનમાં અરોરાએ હૈદરાબાદ સામે 151, છત્તીસગઢ સામે 107 અને આસામ સામે 110 રન બનાવ્યા છે. નવદીપ સૈનીએ દિલ્હીને સારી શરૂઆત અપાવી દિલ્હીના ફાસ્ટ બોલર નવદીપ સૈનીએ સર્વિસિસ સામે પહેલી જ ઓવરમાં શુભમ રોહિલ્લાને વિકેટકીપરના હાથે કેચ કરાવ્યો. ત્યારબાદ નવમી ઓવરમાં તેમણે રવિ ચૌહાણને પણ એ જ રીતે આઉટ કર્યો. બીજી તરફ, ઑફ સ્પિનર ઋતિક શૌકીને વિનિત ધાંગરને લેગ સ્લિપમાં કેચ કરાવ્યો. લંચ સુધી સર્વિસેઝે 4 વિકેટે 107 રન બનાવ્યા હતા. કેપ્ટન રજત પાલીવાલ 38 અને મોહિત અહલાવત 28 રન બનાવીને ક્રીઝ પર હતા.

બિઝનેસ

WHATSAPP પર PF બેલેન્સ ચેક સહિતની સર્વિસ કામ નથી કરી રહી

EPFOની નવી સુવિધા શરૂ થતાની સાથે જ ઠપ:X પર ફરિયાદોનો ઢગલો થયો

મુંબઈ

એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન (EPFO)એ કર્મચારીઓ માટે WhatsApp પર નવી સેવા શરૂ કરી છે. તેની મદદથી હવે કર્મચારીઓ ઘરે બેઠા પોતાના PF બેલેન્સ, પાસબુક અને છેલ્લા 5 ટ્રાન્ઝેક્શનની માહિતી મેળવી શકે છે. માઇક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ X પર ફરિયાદોનો ઢગલો થઈ ગયો છે. લોકો કહી રહ્યા છે કે આ સેવા કામ નથી કરી રહી.

પરંતુ આ સેવા શરૂ થયા બાદ જ કેટલાક યુઝર્સને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ઘણા યુઝર્સે પોતાનો અનુભવ શેર કર્યો છે. કોઈને OTP મળી રહ્યો નથી, તો કોઈના WhatsApp પર સેવા યોગ્ય રીતે કામ કરી રહી નથી. 1 નવેમ્બર 2026ના રોજ EPFOના 74મા સ્થાપના દિવસના અવસરે આ નવી WhatsApp સેવા લોન્ચ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ કર્મચારીઓને PF સંબંધિત માહિતી સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો છે.

હવે લોકોને નાની-નાની માહિતી માટે EPFOની વેબસાઇટ અથવા ઓફિસના ધક્કા ખાવાની જરૂર નહીં પડે. તેઓ WhatsApp દ્વારા જ પોતાના PF ખાતાની માહિતી મેળવી શકશે. નવી સર્વિસ અંગે કેટલાક યુઝર્સે X પર ફરિયાદ કરી છે. યુઝર્સના જણાવ્યા મુજબ, વોટ્સએપ પર સર્વિસનો ઉપયોગ કરતી વખતે OTP મળી રહ્યો નથી. જ્યારે, કેટલાક લોકોને PF બેલેન્સ અને પાસબુક ચેક કરતી વખતે એરર દેખાઈ રહી છે. કેટલાક યુઝર્સે જણાવ્યું કે સર્વિસનો વિકલ્પ પસંદ કર્યા પછી પણ તેમને માહિતી મળી રહી નથી.

શેરબજારના રોકાણકારો માટે ખુશખબર

સેબીએ LTCG ટેક્સ મામલે સરકાર સમક્ષ રજૂ કર્યા 2 મોટા પ્રસ્તાવ

FIIs માટે લોંગ ટર્મ કેપિટલ ગેઇન્સ LTCG ટેક્સ નાબૂદ કરવાની ભલામણ કરાઈ છે. ઉપરાંત, સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોને એક સ્કીમમાંથી બીજી સ્કીમમાં સ્વિચિંગ પર ટેક્સ મુક્તિનો પ્રસ્તાવ મૂકાયો છે

મુંબઈ

ભારતીય શેરબજારમાં સ્થાનિક રોકાણકારોને મોટી રાહત આપવા તેમજ વિદેશી રોકાણકારો (FIIs) ને આકર્ષવા માટે સેબી (SEBI - સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા) એ કેન્દ્ર સરકાર સમક્ષ ટેક્સ સંબંધિત બે ક્રાંતિકારી પ્રસ્તાવો રજૂ કર્યા છે. અહેવાલ મુજબ, સેબીએ વિદેશી રોકાણકારો પર લાગતો લોંગ ટર્મ કેપિટલ ગેઈન્સ (LTCG) ટેક્સ સંપૂર્ણપણે હટાવવાની ભલામણ કરી છે.

આ ઉપરાંત, સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારો માટે પણ એક સ્કીમમાંથી બીજી સ્કીમમાં રોકાણ બદલવા (સ્વિચિંગ) પર ટેક્સ મુક્તિનો પ્રસ્તાવ મુકાયો છે. ફેબ્રુઆરીમાં રજૂ થનારા કેન્દ્રીય બજેટના ત્રણ મહિના પહેલાં જ સેબી દ્વારા કરવામાં આવેલી આ



ભલામણો પર હવે કેન્દ્ર સરકાર આખરી નિર્ણય લેશે.

કેપિટલ ગેઈન્સ ટેક્સ અંગે સેબીના 2 મુખ્ય પ્રસ્તાવ વિદેશી રોકાણકારો માટે LTCG નાબૂદ કરવો: સેબીએ ભલામણ કરી છે કે વિદેશી રોકાણકારો માટે લોંગ ટર્મ કેપિટલ ગેઈન્સ ટેક્સ સંપૂર્ણપણે રદ કરવામાં આવે, જેથી ભારતીય બજારમાં વિદેશી મૂડીરોકાણનો પ્રવાહ વધારી શકાય. મ્યુચ્યુઅલ ફંડના સ્વિચિંગ પર ટેક્સ માફી: જો સ્થાનિક રોકાણકારો 1 વર્ષથી વધુ સમય સુધી રાખેલી મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સને વેચીને બીજી કોઈ સ્કીમમાં રોકાણ કરે છે, તો તેને 'ટેક્સેબલ સેલ' ગણવામાં ન આવે. આ પ્રસ્તાવનો મુખ્ય હેતુ રોકાણકારોને મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં જ પોતાના નાણાં જાળવી રાખવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. હાલમાં કેટલો ટેક્સ ચૂકવવો પડે છે? બજારના વર્તમાન નિયમો અનુસાર: LTCG ટેક્સ: 1 વર્ષથી વધુ સમય માટે રાખેલી સિક્યોરિટીઝ પર 12.5% લોંગ ટર્મ કેપિટલ ગેઈન્સ ટેક્સ લાગે છે. STCG ટેક્સ: 1 વર્ષ કે તેથી ઓછા સમયમાં કરાતા વેચાણ પર 20% શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન્સ ટેક્સ વસૂલવામાં આવે છે. અન્ય ચાર્જિસ: આ સિવાય શેરની ખરીદ-વેચાણ પર સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (STT) અને ડિવિડન્ડ પર વિથહોલ્ડિંગ ટેક્સ પણ ચૂકવવો પડે છે. સેબીનું માનવું છે કે અન્ય વૈશ્વિક બજારોની સરખામણીએ ભારતમાં ઈક્વિટી રોકાણ સાથે જોડાયેલ ટ્રાન્ઝેક્શન કોસ્ટ (વ્યવહાર ખર્ચ) ખૂબ જ વધારે છે. વિદેશી રોકાણકારોની વિક્રમી 31 બિલિયન ડોલરની વેચવાલી.

નિફ્ટી 388 અંક વધ્યો, રિલાયન્સનો શેર 12% વધીને ₹1300 પર પહોંચ્યો

શેર બજારમાં દિવાળી જેવો માહોલ, સેન્સેક્સમાં 1233 પોઇન્ટનો ઉછાળો

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 2 નવેમ્બરે તેજી રહી. સેન્સેક્સ 1,233 અંકની તેજી સાથે 75,693ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ 388 અંકની તેજી રહી અને તે 23,440 પર બંધ થયો. રિલાયન્સના શેર રોકેટ બન્યા બજારમાં આ તેજીનું કારણ એ છે કે રિલાયન્સનો શેર 12% વધીને 1300 પર પહોંચ્યો છે. આ તેજીના કારણે રિલાયન્સનું માર્કેટ કેપ 17.59 લાખ કરોડ થઈ ગયું છે. રિલાયન્સના શેરમાં આવેલી આ તેજી પાછળ કંપનીના FY27ના બીજા ત્રિમાસિક ગાળાના શાનદાર પરિણામોની ભૂમિકા રહી, જેના બાદ અનેક બ્રોકરેજ કંપનીઓએ તેને લઈને સકારાત્મક આઉટલુક જાહેર કર્યો છે. જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ઑઈલ-ટુ-



કેમિકલ્સ (O2C) બિઝનેસ, ડિજિટલ સર્વિસિસ અને રિટેલ ઑપરેશન્સની વૃદ્ધિને કારણે શાનદાર પરિણામો આવ્યા. રિલાયન્સની કન્સોલિડેટેડ આવક વાર્ષિક ધોરણે 28% વધીને 3.62 લાખ કરોડના ઑલ-ટાઇમ હાઈ પર પહોંચી ગઈ, જ્યારે EBITDA 24% વધીને 62,409 કરોડના રેકોર્ડ સ્તરે પહોંચ્યો. Relianceનો ચોખ્ખો નફો 34% વધીને 29,550 કરોડ રહ્યો. 1. વિદેશી અને સ્થાનિક રોકાણકારોની ખરીદી: લાંબા સમયથી વેચવાલી કરી રહેલા વિદેશી રોકાણકારો (FIIs)એ બુધવારે 871.83 કરોડના શેર ખરીદ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs)એ પણ 643.35 કરોડનું રોકાણ કર્યું. આ ખરીદીથી બજારને મજબૂત સહારો મળ્યો. 2. દિગ્ગજ કંપનીઓના શાનદાર પરિણામો: સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાના મજબૂત પરિણામોએ રોકાણકારોને આકર્ષ્યા. રિલાયન્સનો નફો 34% વધીને 29,550 કરોડ રૂપિયા રહ્યો, જેના કારણે તેના શેરમાં 12%નો ઉછાળો આવ્યો છે.

ધનતેરસ પહેલાં ખરીદીનો ગોલ્ડન ચાન્સ:સોના-ચાંદીના ભાવ ઘટ્યાં

- **સોનું ₹2282 સસ્તું થઈ 1.38 લાખ પર આવ્યું, ચાંદીનો ભાવ ₹1.80 લાખ પ્રતિ કિલો થયો**

મુંબઈ

દિવાળી પહેલાં સોના-ચાંદીના ભાવમાં ઘટાડો ચાલુ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) મુજબ, આજે 10 ગ્રામ 24 કેરેટ સોનું 2,282 રૂપિયા ઘટીને 1.38 લાખ રૂપિયા થયું છે.

જ્યારે, એક કિલો ચાંદી 1,264 રૂપિયા ઘટીને 1.80 લાખ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ગયા અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે સોનું 1.40 લાખ રૂપિયા અને ચાંદી 1.81 લાખ રૂપિયા હતી. ઓક્ટોબરમાં સોનું 8,084 અને ચાંદી 39,485 સસ્તી. આ પહેલાં ઓક્ટોબરમાં સોનું 8,084 રૂપિયા અને ચાંદી 39,485 રૂપિયા સસ્તી થઈ છે. 1 ઓક્ટોબર 2026ના રોજ એક કિલો ચાંદીના ભાવ 2.20 લાખ રૂપિયા અને 10 ગ્રામ સોનાના ભાવ 1.48 લાખ રૂપિયા હતા. સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર મજબૂત થવા અને મોટા રોકાણકારો દ્વારા ઊંચા ભાવે વેચવાલી કરવાને કારણે થઈ રહ્યો છે.

ઊંચા ભાવે વેચાણ: તહેવારો પહેલાં સોનું ઘણું મોંઘું થઈ ગયું હતું, તેથી મોટા રોકાણકારોએ નફો કમાવવા માટે પોતાનું સોનું વેચવાનું શરૂ કરી દીધું.

મજબૂત ડૉલરની અસર: આંતરરાષ્ટ્રીય બજારમાં અમેરિકન ડૉલર અને બૉન્ડ મજબૂત થયા, જેના કારણે વૈશ્વિક બજારમાં સોનાના ભાવ ઘટી ગયા.

અમદાવાદના 9 રેલવે ક્રોસિંગ પર ઓવરબ્રિજની યોજના સામે વિઘ્નોના પહાડ

સાંકડા રસ્તા અને મેટ્રો કોરિડોર નડ્યા, મ્યુનિસિપલ કોર્પોરેશનનો પણ વાંધો

અમદાવાદ

અમદાવાદ શહેરના વાહનચાલકો અને સ્થાનિક રહીશો માટે ટ્રાફિકની ગંભીર સમસ્યામાંથી મુક્તિ અપાવવા માટે વિચારાયેલી મોટા ગજના ઓવરબ્રિજોની યોજના આજે તંત્રના જ આયોજન વગરના વહીવટ અને ભૌગોલિક પડકારો સામે અટવાઈ પડી છે. અમદાવાદના અલગ-અલગ ૯ મહત્વના રેલવે ક્રોસિંગ પર ઓવરબ્રિજ બનાવવાના મહત્વકાંક્ષી પ્રોજેક્ટને આકરી સમસ્યાઓ અને પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. સાંકડા રસ્તાઓ, જમીનની ખેંચ, ભૂગર્ભ યુટિલિટી લાઈનો અને મેટ્રો કોરિડોરના નેટવર્કને કારણે આ કામગીરી પર મોટું ગ્રહણ લાગ્યું છે. એટલું જ નહીં, મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) એ પણ કેટલાક સ્થળોએ આ પ્રકારે ઓવરબ્રિજ બનાવવાની વ્યાવહારિક શક્યતાઓ સામે સીધો વાંધો ઉઠાવ્યો છે.



બ્રિજ બનાવવામાં કયા મોટા વિઘ્નો આવી રહ્યા છે?

શહેરમાં દિન-પ્રતિદિન ટ્રાફિકનું ભારણ વધી રહ્યું છે ત્યારે રેલવે ફાટકો પર લાગતી લાંબી લાઈનોમાંથી મુક્તિ અપાવવા માટે રેલવે અને સ્થાનિક તંત્ર દ્વારા ૯ સ્થળોની પસંદગી કરવામાં આવી હતી. પરંતુ વાસ્તવિકતા એ છે કે મોટાભાગના વિસ્તારોમાં: સાંકડા રસ્તા અને જગ્યાનો અભાવ: બ્રિજ બનાવવા માટે જરૂરી પહોળાઈ અને જમીન ઉપલબ્ધ નથી, જેના કારણે ડિમોલિશન કે સંપાદન વગર કામ શક્ય નથી.

ભૂગર્ભ યુટિલિટી લાઈનો: જમીન નીચેથી પસાર થતી ડ્રેનેજ, પાણી, ગેસ અને કમ્યુનિકેશનની કેબલ લાઈનોને શિફ્ટ કરવી અતિ મુશ્કેલ છે.

મેટ્રો કોરિડોર સાથેનું ઘર્ષણ: અનેક રૂટ પરથી મેટ્રો રેલના પિલર અને કોરિડોર પસાર થતા હોવાથી ઓવરબ્રિજની ડિઝાઈન માટે જગ્યા જ બચી નથી.

મ્યુનિસિપલ કોર્પોરેશને પણ આ જ ટેકનિકલ અને ભૌગોલિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને અમુક સ્થળોએ બ્રિજ નિર્માણ સામે પોતાના હાથ ઊંચા કરી દીધા છે અને ગંભીર વાંધાઓ રજૂ કર્યા છે.

મણિનગર અને વટવા-વિંઝોલ માટે રાહતના સમાચાર: ગતિશક્તિ વિભાગ હરકતમાં

જોકે આ તમામ વિઘ્નો અને નકારાત્મક ચર્ચાઓ વચ્ચે અમદાવાદના બે અત્યંત મહત્વના વિસ્તારો મણિનગર અને વટવા-વિંઝોલના નાગરિકો માટે આશાનું કિરણ જાગ્યું છે. આ બે રેલવે ક્રોસિંગ પર ઓવરબ્રિજના નિર્માણ માટે ભારતીય રેલવેના ગતિશક્તિ વિભાગે પ્રાથમિક અને ટેન્ડરિંગ/સર્વેક્ષણની પ્રક્રિયા ઝડપથી શરૂ કરી દીધી છે.

મણિનગર અને વટવા-વિંઝોલ ક્રોસિંગ પર દરરોજ હજારો વાહનો કલાકો સુધી ફાટક બંધ રહેવાના કારણે ટ્રાફિક જામમાં અટવાઈ પડે છે. ગતિશક્તિ વિભાગ દ્વારા આ બે સ્થળોએ જમીનની સ્થિતિ અને ડીપીઆર (વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ) તૈયાર કરીને સત્વરે કામગીરી આગળ ધપાવવા ચક્રો ગતિમાન કરાયા છે.

બાકીના ૭ રેલવે ક્રોસિંગ પર બ્રિજ બનશે કે પછી તંત્રના કાગળ પરના દાવાઓ વચ્ચે પ્રોજેક્ટ ધૂળ ખાતો રહેશે તે સવાલ હવે અમદાવાદની પ્રજા પૂછી રહી છે.

સંક્ષીપ્ત સમાચાર

અમદાવાદ ગ્રામ્ય પોલીસની એન્ટી નાર્કોટિક્સ વિંગનો સાણંદમાં મોટો ધડાકો : કફ સીરપનો જથ્થો ઝડપ્યો

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં નાર્કોટિક્સ અને નશાકારક પદાર્થોના ગેરકાયદેસર કાળા કારોબાર સામે અમદાવાદ ગ્રામ્ય પોલીસે લાલ આંખ કરીને એક મોટું અને સફળ ઓપરેશન પાર પાડ્યું છે. અસામાજિક તત્વો અને ડ્રગ્સ માફિયાઓ સામે આક્રમક વલણ અપનાવતાં અમદાવાદ ગ્રામ્ય પોલીસની એન્ટી નાર્કોટિક્સ વિંગે ગુપ્ત બાતમીના આધારે સાણંદ તાલુકાના ફાંગડી ગામે દરોડા પાડીને ભારે ચકચાર મચાવી દીધી છે. પોલીસને ચોક્કસ માહિતી મળી હતી કે ફાંગડી ગામે ગેરકાયદેસર રીતે નશાકારક કફ સીરપનો મોટો જથ્થો સંતાડીને તેનું ગેરકાયદે વેચાણ કરવામાં આવી રહ્યું છે. આ બાતમીના આધારે એન્ટી નાર્કોટિક્સ વિંગની ટીમે દરોડો પાડીને સ્થળ પરથી કોડેઈનયુક્ત નશાકારક કફ સીરપની કુલ 1,430 જેટલી બોટલોનો વિપુલ જથ્થો ઝડપી પાડ્યો હતો. જપ્ત કરવામાં આવેલી આ બોટલોની અંદાજિત કિંમત 2.35 લાખ રૂપિયા જેટલી આંકવામાં આવી છે. આ જથ્થો કબજે કર્યા બાદ પોલીસે તાત્કાલિક એફએસએલ (FSL) ટીમની મદદથી કેમિકલ ચકાસણી અને સેમ્પલિંગ હાથ ધર્યું હતું. FSL તપાસમાં આ કફ સીરપમાં કોડેઈન (Codeine) નામનો નશાકારક પદાર્થ હોવાની સત્તાવાર પુષ્ટિ થતાં જ પોલીસે સપાટો બોલાવ્યો હતો.

ઝોન-7 LCBએ આંતરરાજ્ય મોબાઈલ સ્નેચિંગ ગેંગના બે ખુંખાર તસ્કરોને દબોચ્યા

દીવાળીના મહાપર્વ અને તહેવારોની ખરીદી દરમિયાન શહેરમાં ઉભરાતી ભારે ભીડભાડનો ગેરલાભ ઉઠાવીને નાગરિકોના હાથમાંથી ચાલુ રસ્તે મોબાઈલ ફોન ઝૂંટવી લેતી કુખ્યાત આંતરરાજ્ય સ્નેચિંગ ગેંગ પર અમદાવાદ શહેર પોલીસની ક્રાઈમ બ્રાન્ચ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) તૂટી પડી છે. ઝોન-૭ LCB ની ટીમે બાતમીના આધારે અત્યંત આક્રમક ઓપરેશન પાર પાડીને પાંચ ડઝન જેટલા મોબાઈલ ચોરી જનાર બે મુખ્ય આરોપીઓને પકડી પાડવામાં મોટી સફળતા મેળવી છે. તહેવારોની મોસમમાં લોકોની મહેનતની કમાણી પર તરાપ મારનાર આ તસ્કરોની ધરપકડથી ગુનેગારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદ શહેરમાં તહેવારો ટાણે મોબાઈલ ચોરી અને સ્નેચિંગની વધતી જતી ઘટનાઓને ગંભીરતાથી લઈને પોલીસ કમિશનરે કડક કાર્યવાહીના આદેશ આપ્યા હતા. આ આદેશના પગલે ઝોન-૭ LCB ની ટીમ પેટ્રોલીંગ અને ટેક્નિકલ સર્વેલન્સમાં હતી. આ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે કેટલાક શખ્સો ગેરકાયદેસર રીતે ચોરાયેલા અને સ્નેચિંગ કરેલા મોબાઈલ ફોનનો મોટો જથ્થો વેચાણ માટે ફેરવી રહ્યા છે.

સાણંદના વિંછીયામાં પિતાએ જ 10 વર્ષના પુત્રની નિર્મમ હત્યા કરી

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના વિંછીયા ગામે માનવતાને શરમમાં મૂકી દેતી અને કાળજું હચમચાવી નાખતી એક અત્યંત ડરામણી ઘટના સામે આવી છે. અંધશ્રદ્ધા અને માનસિક અસ્થિરતાની હદ વટાવી ચૂકેલા એક હેવાન પિતાએ પોતાના જ ૧૦ વર્ષના માસૂમ અને એકના એક પુત્રની ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી છે. આરોપી પિતાએ પુત્રને માતાજીની દેરી આગળ પછાડીને અને લાકડીના ફટકા મારીને પતાવી દીધો હતો અને ત્યારબાદ મૃતદેહની બાજુના ખાટલા પર નિરાંતે સૂઈ ગયો હતો. આ ભયાનક બનાવ મામલે મૃતક બાળકની માતાએ સાણંદ પોલીસ સ્ટેશનમાં પોતાના જ પતિ વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે નરાધમ પિતાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, સાણંદના વિંછીયા ગામે રહેતા નરેશભાઈ પટેલ અને તેમની પત્ની ભારતીબેન વચ્ચે અગાઉ કોઈ બાબતે ઉગ્ર ઝઘડો થયો હતો. આ ઝઘડા દરમિયાન પતિ નરેશે ભારતીબેનને માર માર્યો હોવાથી તેઓ કંટાળીને પોતાના પિયર જતા રહ્યા હતા. જોકે, તેમનો ૧૦ વર્ષનો પુત્ર કરણની શાળામાં પરીક્ષાઓ ચાલી રહી હોવાથી તેનો અભ્યાસ ન બગડે તે માટે ભારતીબેન તેને પિતા નરેશ પાસે જ મૂકીને ગયા હતા.

અમદાવાદના નરોડામાં લોહિયાળ ખેલ: કર્મવીર હાઉસિંગ પાસે યુવક પર લાકડીઓ અને ધોકાથી ઘાતકી હુમલો

અમદાવાદ શહેરના સંવેદનશીલ અને ગીચ ગણાતા નરોડા વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિના ધજાગરા ઉડાવતી એક અત્યંત કાળજું કંપાવતી અને સનસનાટીભરી હત્યાની ઘટના સામે આવી છે. નરોડાના આંબેડકરનગર પાસે આવેલા કર્મવીર હાઉસિંગ (દહેગામ પ્રધાનમંત્રી આવાસ યોજના) ની બહાર વહેલી સવારે એક યુવકને લોહીલુહાણ હાલતમાં ફૂટપાથ પર ફેંકી દેવામાં આવ્યો હતો. અસામાજિક તત્વો દ્વારા લાકડીઓ અને ધોકા વડે બેફામ માર મારીને કરવામાં આવેલી આ ઘાતકી હત્યાના પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને સન્નાટો છવાઈ ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતક યુવકની ઓળખ જતીન સોલંકી તરીકે થઈ છે, જે નરોડાની સુમતિનાથ સોસાયટીમાં રહેતો હતો. સોમવારની વહેલી સવારે જ્યારે સ્થાનિક નાગરિકો અને રાહદારીઓ રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમણે કર્મવીર હાઉસિંગ નજીક ફૂટપાથ પર જતીન સોલંકીના મૃતદેહને લોહીથી ખરડાયેલી હાલતમાં જોયો હતો. યુવક પર ઘાતક હથિયારોથી ક્રૂર હુમલો કરવામાં આવ્યો હોવાનું સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

ગેરકાયદે ઉઘરાણી સામે સ્થાનિકોમાં પ્રચંડ રોષ

અમદાવાદના પાલડી ભઠ્ઠામાં પાર્કિંગના નામે કાળાબજારી!!

કેમેરા સામે પાર્કિંગ કર્મચારીએ ખુલ્લેઆમ ચેલેન્જ ફેંકી- "જેટલું સ્પીડમાં વાયરલ કરવું હોય કરી લે!"

અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ અને ધમધમતા પાલડી વિસ્તારના ભઠ્ઠા ચાર રસ્તા નજીકથી મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના વહીવટની ધજાગિયા ઉડાવતી અને ખુલ્લેઆમ દાદાગીરી દર્શાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પાલડી ભઠ્ઠા વિસ્તારમાં પાર્કિંગના નામે બિનઅધિકૃત અને ખોટી રીતે પૈસાની ઉઘરાણી કરવામાં આવતી હોવાના ગંભીર આક્ષેપો સાથે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. તંત્રના નાક નીચે ચાલતી આ લૂંટ સામે હવે જનતા અને સ્થાનિકોએ આકરો મોરચો માંડ્યો છે. સ્થાનિક વેપારીઓ અને રહીશોના જણાવ્યા મુજબ, પાલડી ભઠ્ઠા વિસ્તારમાં વાહન પાર્ક કરવા આવતા નાગરિકો પાસેથી નિર્ધારિત દરો કે નિયમો વિરુદ્ધ જઈને ધમકાવીને પૈસા વસૂલવામાં આવી રહ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ચોક્કસ વિભાગો કે કોન્ટ્રાક્ટરો સાથે સેટિંગ કરીને આ આખો કાળો કારોબાર ચલાવવામાં આવતો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. સ્થાનિકોએ એકસૂરે માંગ કરી છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને સંબંધિત તંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરવામાં આવે, ગેરકાયદેસર પાર્કિંગના અડ્ડાઓ પર દરોડા પાડવામાં આવે અને અસામાજિક તત્વો દ્વારા થતી કથિત ખોટી ઉઘરાણી કાયમી ધોરણે બંધ કરાવવામાં આવે. આ સમગ્ર કાળા ખેલનું કવરેજ કરવા અને જનતાનો અવાજ ઉઠાવવા માટે જ્યારે 'પાક્કો ગુજરાત' સહિતના મીડિયા કર્મીઓ ઘટનાસ્થળે પહોંચ્યા, ત્યારે પાર્કિંગના કર્મચારીઓની ખુલ્લેઆમ દાદાગીરી જોવા મળી હતી. પોતાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કેમેરામાં કેદ થતી જોઈને પણ સત્તા કે કાયદાનો કોઈ ડર રાખ્યા વગર પાર્કિંગ કર્મચારીએ ચોંકાવનારી ઉદ્ધતાઈ બતાવી હતી. કર્મચારીએ કેમેરા સામે જ ખુલ્લેઆમ ચેલેન્જ આપતાં કહ્યું હતું કે, 'તારાથી જેટલું સ્પીડમાં ન્યૂઝમાં વાયરલ કરવું હોય તે કરી લે, અમારું કોઈ કશું જ બગાડી શકવાનું નથી!'

ઓઢવમાં કેસર પંજાબ ઢાબામાં ચાર શખ્સોએ આતંક મચાવ્યો!!

અમદાવાદ

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલા એસ.પી. રિંગ રોડ પરની કેસર પંજાબ ઢાબા હોટેલમાં પાર્સલ લેવા આવેલા ચાર અજાણ્યા શખ્સોએ આતંક મચાવ્યો હતો. આ શખ્સો અંદરોઅંદર ઝઘડતા હોટેલ માલિકે તેઓને છોડાવ્યા હતા. જોકે, ચારેય શખ્સોએ તેમની સાથે ઝઘડો કરી મારામારી કરી તોડફોડ કરી હતી. જેથી ડરના માર્યા જમવા બેસેલા અન્ય લોકો પણ જમવાનું છોડીને ભાગ્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે ગુનો નોંધીને ચારેયની અટકાયત કરીને વધુ તપાસ શરૂ કરી છે. ઓઢવમાં રહેતા પૂનમબેન પંચાલ રિંગ રોડ પર કેસર પંજાબ ઢાબા નામની હોટેલનો ધંધો કરે છે. ગત 31 ઓક્ટોમ્બરે તે ઘરે હતા અને તેમનો પુત્ર આશિષ હોટેલ પર હતો. ત્યારે હોટેલ પર પાર્સલ લેવા આવેલા ચાર અજાણ્યા શખ્સો અંદરો-અંદર બોલાચાલી અને ઝઘડો કરતા હતા. જેથી આશીષે વચ્ચે પડીને છૂટા પાડવાનો પ્રયાસ કરતા આ શખ્સોએ તેમની સાથે પણ બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ શખ્સો ત્યાંથી જતા રહ્યા હતા, પરંતુ રાત્રે ફરીથી હોટેલ પર આવ્યા હતા અને આશીષને માર માર્યો હતો.

અમદાવાદના રસ્તાઓ બન્યા અડ્ડો

આંદોલનકારીઓ અને પોલીસ વચ્ચે હાઈવોલ્ટેજ ઘર્ષણ

અમદાવાદ


અમદાવાદ શહેરના એક તરફના પોશ અને ધમધમતા વિસ્તારમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી અપીલ અને વિરોધ પ્રદર્શનના પગલે ભારે હબડાટી મચી ગઈ છે. શહેરના મુખ્ય માર્ગો પર પોતાના ચોક્કસ મુદ્દાઓ અને માંગણીઓને લઈને ઉતરી આવેલા આંદોલનકારીઓ અને ફરજ પર તૈનાત પોલીસકર્મીઓ વચ્ચે આડેધડ ઘર્ષણ થતાં રસ્તો જાણે જંગના મેદાનમાં ફેરવાઈ ગયો હતો. ચાલુ ટ્રાફિક વચ્ચે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે સર્જાયેલી ખેંચતાણ, ટીંગાટોળી અને ઉગ્ર બોલાચાલીના દ્રશ્યોએ વાહનચાલકો અને રાહદારીઓના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. મૂળ પ્રાપ્ત વિગતો અનુસાર, શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વસ્ત્રાપુર અને અંધજન મંડળ ચાર રસ્તા આસપાસ વિવિધ રાજકીય પક્ષોના કાર્યકરો, વિદ્યાર્થી સંગઠનો અને નાગરિકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. હાથમાં બેનરો અને સૂત્રો સાથે વિરોધ નોંધાવવા નિકળેલા આંદોલનકારીઓ એ અચાનક રસ્તા પર બેસીને ચક્કાજામ કરવાનો પ્રયાસ કર્યો હતો. ચૂંટણી પંચની નીતિઓ અને ખાસ કરીને મતદાર યાદી સઘન સુધારણા (SIR) તેમજ અન્ય વિવાદાસ્પદ મુદ્દાઓને લઈને સરકાર વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર શરૂ કરવામાં આવ્યા હતા. સ્થિતિ વણસતી જોઈને સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સુરક્ષાના કડક બંદોબસ્ત વચ્ચે વિરોધ કરી રહેલા ટોળાને આગળ વધતા અટકાવવા માટે મજબૂત બેરિકેડિંગ ગોઠવી દીધું હતું. પરંતુ, ઉશ્કેરાયેલા આંદોલનકારીઓ બેરિકેડ કૂદીને રસ્તા વચ્ચે આવી ગયા હતા અને પોલીસના મનાઈ હુકમ છતાં આગળ વધવાની જીદ પકડી હતી. આ દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ચાલુ રસ્તે જીભાજોડી અને ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાયા હતા. પરિસ્થિતિ સંપૂર્ણપણે બેકાબૂ બનતી જોઈને પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આક્રમક વલણ અપનાવ્યું હતું. પોલીસે એક પછી એક પ્રદર્શનકારીઓની અટકાયત કરવાનું શરૂ કર્યું હતું.

કસ્ટમ્સ AIUનો મોટો ધડાકો

SVPI એરપોર્ટ પરથી ₹13 કરોડનો હાઇડ્રોપોનિક્સ ગાંજો ઝડપાયો..!!!

અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગની એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) દ્વારા ડ્રગ્સ સ્મગલિંગ વિરુદ્ધ અત્યાર સુધીનું એક સૌથી મોટું અને સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. થાઈલેન્ડની રાજધાની બેંગકોકથી આવેલી ફ્લાઈટના મુસાફરો પાસેથી કરોડો રૂપિયાની કિંમતનો અત્યંત ઉચ્ચ ગુણવત્તા ધરાવતો અને નશાકારક હાઇડ્રોપોનિક્સ ગાંજો (હાઇ-પોટેન્સી મેરિજુઆના) ઝડપી પાડીને એક મોટા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.



આ ઘટનાએ સુરક્ષા એજન્સીઓમાં પણ ભારે હલચલ મચાવી દીધી છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો, એરપોર્ટ પર બેંગકોકથી આવી પહોંચેલી થાઈ એરવેઝની ફ્લાઈટના મુસાફરો જ્યારે કસ્ટમ્સ ક્લિયરન્સ અને ચેકિંગ માટે પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમના ચેક-ઈન સામાનનું હાઈ-ટેક એક્સ-રે સ્કીનિંગ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન કસ્ટમ્સના સતર્ક અધિકારીઓની નજરે બે શંકાસ્પદ મુસાફરોની ટ્રોલી બેગ ચડી હતી.

બેગના એક્સ-રે ઈમેજિંગમાં કશુંક શંકાસ્પદ અને અસામાન્ય ભરાવો જોવા મળતાં અધિકારીઓએ તાત્કાલિક તે બંને મુસાફરોને અટકાવીને તેમના સામાનની ઝીણવટભરી અને સઘન તપાસ શરૂ કરી હતી. જ્યારે આ શંકાસ્પદ મુસાફરોની બેગ્સને કસ્ટમ્સ અધિકારીઓની હાજરીમાં ખોલવામાં આવી, ત્યારે અંદરનો નજારો જોઈને અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. બેગની અંદર ખૂબ જ ચાલાકીથી અને વૈજ્ઞાનિક ઢંગથી વેક્યુમ-સીલ કરેલા કુલ 14 જેટલા પ્લાસ્ટિકના પેકેટો છુપાવવામાં આવ્યા હતા.

અમદાવાદમાં દિવાળી ટાણે ક્રાઈમ બ્રાન્ચનું સપાટો

ગેરકાયદે રહેતા 61 બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત : દેશનિકાલની પ્રક્રિયા શરૂ કરાઈ

અમદાવાદ

અમદાવાદમાં દિવાળીના મહાપર્વ પૂર્વે ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરેલા એક વિશાળ અને આક્રમક મેગા સર્ચ ઓપરેશનથી ગેરકાયદેસર રહેતા ઘૂસણખોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. તહેવારો દરમિયાન શહેરની શાંતિ, સલામતી અને સુરક્ષા વ્યવસ્થા સામે કોઈ મોટું જોખમ ન ઊભું થાય તે હેતુથી એક્શન મોડમાં આવેલી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સમગ્ર શહેરમાં સઘન તપાસ ઝુંબેશ ચલાવીને ગેરકાયદેસર રીતે વસવાટ કરતા 61 બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી એક મોટો ધડાકો કર્યો છે.



તહેવારોની રજાઓ અને ભીડભાડ વાળા વાતાવરણનો લાભ ઉઠાવીને કોઈ અસામાજિક કે રાષ્ટ્રવિરોધી તત્વો પોતાનો મનસૂબો પાર ન પાડી શકે તે માટે પોલીસ કમિશનરની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચે વિશેષ રણનીતિ ઘડી હતી. આ ઓપરેશન અંતર્ગત ક્રાઈમ બ્રાન્ચની અલગ-અલગ ટીમ બનાવીને શહેરના તમામ ઝોન, ખાસ કરીને પૂર્વ અને પશ્ચિમ વિસ્તારના શંકાસ્પદ વિસ્તારો, ઝૂંપડપટ્ટીઓ, બાંધકામ સાઈટો અને ભાડાના મકાનોમાં અચાનક દરોડા પાડવામાં આવ્યા હતા. શંકાસ્પદ જણાતા સોશિયલ અને આર્થિક રીતે સક્રિય લોકોના આઈડી પ્રૂફ, આધાર કાર્ડ, પાન કાર્ડ તેમજ રહેઠાણના પુરાવાઓની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી હતી. આ ઊંડાણપૂર્વકની તપાસ દરમિયાન 61 જેટલા બાંગ્લાદેશી નાગરિકો પાસે ભારત દેશમાં રહેવા માટેના કોઈ જ વૈધ પાસપોર્ટ, વિઝા કે કાયદેસરના દસ્તાવેજો મળી આવ્યા નહોતા.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI